વર્ષ : ૧૨ મે ૨૦૧૦ અંક : ૫ કિંમતઃ રૂા. ૧૫/-

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના અમૃતપર્વ અભિવાદન પ્રસંગે વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં હજારો શુભેચ્છકોની ઉપસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુરુનામ ગુરુ શ્રી વિઠ્ઠલભાઈ જે. પટેલ દીપપ્રાગટ્ય કરી રહ્યા છે. મંચ પર ડૉ. પટેલ સાથે ઉદ્યોગપતિઓ શ્રી દેવાંગભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ અને શ્રી એ.એમ. નાયક ઉપરાંત સીવીએમના પ્રમુખ ડૉ.સી.સી.પટેલ, વિદ્યાનગર પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ જે. પટેલ તથા સ. પ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી.જી. પટેલ ઉપસ્થિત હતા.



શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના અમૃતપર્વ સમારંભમાં ચારુતર વિદ્યામંડળના ટ્રસ્ટી શ્રી સુમંતભાઈ જે.પટેલ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ, ચાવિમંડળના માનદ મંત્રી પ્રિ. આર.પી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ. પટેલ, શ્રી બી.પી. પટેલ અને ડૉ. એસ.જી. પટેલ સહિતના મહાનુભાવો દૃશ્યમાન છે.



# વિ – વિદ્યાનગર

*ચારુતર વિદ્યામંડળ પ્રકાશન*


મે ૨૦૧૦
વર્ષ : ૧૨ અંક : ૫
(સળંગ અંક ૪૬૩)

*ચારુતર વિદ્યામંડળ*
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

*સ્થાપના વર્ષ*
૧૯૪૫

કર્મણ્યેવાऽधिकारस्ते



*તંત્રી*
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

*પરામર્શન*
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

*સંપાદન*
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

*સંપાદન-સહાય*
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી



*પ્રકાશક*
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

*આવરણ*
અજિત પટેલ

*મુદ્રક*
આણંદ પ્રેસ, ગામડી



*અધ્યક્ષ*
ડૉ. સી.એલ. પટેલ

*માનદ મંત્રી*
પ્રિ. આર.પી.પટેલ

*માનદ સહમંત્રીઓ*
પ્રિ. એસ.એમ. પટેલ
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ • ડૉ. એસ.જી. પટેલ


## *વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ*

**પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી**


**અંકની છૂટક કિંમત રૂા. ૧૫/- • રવાનગી ખર્ચ રૂા. ૧૦/**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

સ્વર્ણિમ ગુજરાત
1960-2010


*વિ-વિદ્યાનગર*

**હવે વેબસાઈટ પર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.


***આ માસની કાવ્યકણિકા***

*ભારતની ભોમમાં ઝળેરી ગુજરાત,*
*ગુજરાત મોરી મોરી રે !*

• *ઉમાશંકર જોશી*


# *વિ-વિદ્યાનગર*

***ચારુતર વિદ્યામંડળ પ્રકાશન***

મે ૨૦૧૦

વર્ષ : ૧૨ અંક : ૫

(સળંગ અંક ૪૬૩)


**जरा रुपं हरति हि धैर्यमाशा**
**मृत्युः प्राणान् धर्मचर्यामसूया ।**
**कामो ह्रियं वृत्तमनार्य सेवा**
**क्रोधः श्रियं सर्वमेवाभिमानः ॥**

વૃદ્ધાવસ્થા રૂપને હરી લે છે. આશા ધીરજને હરી લે છે. મૃત્યુ પ્રાણોને હરી લે છે. ઈર્ષ્યા ધર્માચાર હરી લે છે. કામ લજ્જાને હરી લે છે. હીન માણસોની સેવા સદ્વર્તનને હરી લે છે. ક્રોધ લક્ષ્મીને હરી લે છે અને અભિમાન સર્વસ્વ હરી લે છે.

(સંકલિત)


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ઐતિહાસિક ઘટના ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥
॥ પદ્ય વિભાગ ॥ ગુજરાત-સ્તવન ★ ઉમાશંકર જોશી / 2
॥ ગદ્ય વિભાગ ॥ પાયાનો પથ્થર / 3
॥ નવાં કાવ્યો ॥ નીતિન વડગામા, વિજય સેવક, જગદીશ ભટ્ટ, સાહીલ, દત્તાત્રેય ભટ્ટ, ગુણવંત ઉપાધ્યાય, જીગ્નેશ ગઢવી, કેશુભાઈ દેસાઈ / 4
॥ અનુવાદ ॥ ઓકતાવિયો પાઝની કાવ્યકૃતિઓ ★ રાધેશ્યામ શર્મા / 6
॥ પ્રાસંગિક ॥ સ્વર્ણિમ પ્રભાતે- યશગાથા ગુજરાતની ★ રમેશ એમ. ત્રિવેદી / 7
॥ નવલિકા ॥ ઠીબ ★ પૂજાભાઈ પરમાર / 10
સગો દીકરો ! ★ વ્રજેશ આર. વાળંદ / 13
॥ અમૃતપર્વ વિશેષ ॥ સો ટચનું સોનું : ડૉ. સી.એલ. પટેલ ★ ટીના દોશી / 17
આધુનિક શિક્ષણના શિલ્પી ★ ઉષા ઉપાધ્યાય / 20
સલામ સી.એલ. સાહેબને ★ એન.એલ. સંઘવી / 21
વિદ્યાકર્ષણ બળવાળું વ્યક્તિત્વ ★ જતીન ઠક્કર / 22
ગુણાનુરાગી વ્યક્તિ ★ જયંત ઓઝા / 23
॥ Reflections ॥ Autumn Leaves ★ Madhubhai Thakar / 24
॥ Arts Interface ॥ Fiction and Film ★ Hiren Trivedi / 25
॥ ગ્રંથાવલોકન ॥ સૌરાષ્ટ્રની રસધારનાં યશસ્વી નારીપાત્રો / ★ બાબુ દાવલપુરા / 27
॥ આસ્વાદ ॥ મારા 'હું'ની બહાર ★ રાજેન્દ્ર ઉપાધ્યાય / 29
સજીવ થઈ સૃષ્ટિ, હાશ ! ★ લાભશંકર ઠાકર / 31
॥ પ્રસંગપરાગ ॥ સુધીર મુખરજી / 34
॥ ઈતિહાસ ॥ નગરાની પ્રાચીન બ્રહ્મદેવની પ્રતિમા ★ હજરનીસ, શાસ્ત્રી / 35

*॥ અધ્યક્ષસ્થાનેથી ॥*

## *સમાજનો ઋણસ્વીકાર અને સૌનો આભાર*

ચારુતર વિદ્યામંડળના વિશાળ શૈક્ષણિક સંકુલમાં મારા ગુરુ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ૯ એપ્રિલ ૧૯૯૪થી સેવા કરવાની તક પ્રાપ્ત થઈ. શરૂઆતના દિવસોમાં અનુદાન પ્રાપ્ત કરતી શાળા અને કોલેજો વ્યવસ્થિત ચાલતી રહે અને તેમની વ્યવસ્થિત જાળવણી થાય તે મહત્ત્વની જવાબદારી હતી. ભણનાર અને ભણાવનારમાં વિશ્વાસ સંવર્ધન કરવાનો એ સમય હતો. ચારુતર વિદ્યામંડળની તિજોરીમાં કોઈ નાણાં ઉપલબ્ધ હતાં નહીં અને હર વર્ષની જેમ ૧૯૯૩-'૯૪નું વર્ષ પણ ખોટનું વર્ષ હતું. મોટી શિક્ષણની સંસ્થામાં વિદ્યાકીય વહીવટ અને આર્થિક વહીવટ માટે ખૂબ કાળજી રાખી સૂત્રસંચાલન કરવાનું હતું. ચારુતર વિદ્યામંડળની જે કોઈ શૈક્ષણિક સંસ્થાઓ હયાત હતી તેમને પણ સુચારુ વહીવટથી વધુ સારી રીતે સંચાલિત કરાય તેવું તંત્ર ગોઠવવાનું જરૂરી હતું. ડૉ.એચ.એમ. પટેલ સાહેબની બીમારીના આઠ મહિના સંસ્થા માટે ખૂબ કપરા દિવસો સાબિત થયા હતા. આવા કપરા સમય બાદ જવાબદારી વહન કરવા માટે ખૂબ સજ્જતા જરૂરી હતી. પૂ. પ્રમુખસ્વામી મહારાજે આપેલા આશીર્વાદ થકી હિંમત રહેતી હતી. સુદૃઢ વહીવટના અનુસંધાનમાં જરૂરી આયોજનના વિચારો એક પછી એક મનમાં આવતા હતા. તેમાં હયાત મકાનોની સ્થિતિ જોતાં, તેમની આજુબાજુની જગ્યામાં બગીચા અને ફરતે કમ્પાઉન્ડવૉલ કરવાના વિચાર સાથે ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ પાસેથી વર્ષના રૂ.૪૦ લેખે ૮ લાખ રૂપિયા ઊભા કરવાનું આયોજન કર્યું. આજે કમ્પાઉન્ડવૉલ સાથેના બાગ-બગીચા છે તે એ વિદ્યાર્થીઓના મને મળેલા સહકારના પરિણામે જ જોવા મળે છે.

વર્ષ ૧૯૯૩-'૯૪ની ખોટ આશરે રૂ.૨૫ લાખ હતી. તે પણ વિદ્યાર્થીઓએ પ્રવેશ-ફીના રૂપમાં મને ખોટ સરભર કરી આપવામાં સહયોગ આપ્યો. જે કોઈ નવા વિદ્યાર્થીઓ આવે તેમના તરફથી સહકાર મળતાં ખોટ સરભર કરી શકાઈ. વિશાળ શૈક્ષણિક સંસ્થાના શિક્ષકો, પ્રાધ્યાપકો અને સપોર્ટિંગ સ્ટાફ પણ મારા વિચારો સાથે તેમનામાં પરિવર્તન અને જુસ્સો લાવી શક્યો. એને હું મારું સદ્ભાગ્ય ગણું છું. શરૂઆતનાં વર્ષોમાં વેલ્યુબેઝ્ડ એજ્યુકેશન માટે શિક્ષકો અને પ્રાધ્યાપકોમાં એક જાતનું પરિવર્તન લાવવાની જે કોશિશ કરી તેને સ્વીકારી સુદૃઢ વહીવટ કરવાની શરૂઆત તે સમયે યોગ્ય રીતે થવા લાગી.

હમણાં જ મારા માટે ભાવ પ્રદર્શિત કરનાર ઘણા બધા શુભેચ્છકો જેમની પાસે પ્રોફેશનલ આયોજન કરવાની શક્તિ હતી અને જેઓ શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત હતા તથા સમાજના અગ્રણીઓ સાથે સારા એવા સંબંધો હતા તે બધાએ ભેગાં મળીને મારા જીવનનાં ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ ભાવ પ્રદર્શિત કરવા માટે આયોજન લઈ મારી પાસે આવ્યા. આવા ઘણા બધા પ્રયત્નો ૧૦ એપ્રિલ ૨૦૦૯થી થતા હતા, પરંતુ છેલ્લે માર્ચ ૨૦૧૦માં મારા માટે વિશેષ ભાવ રાખનાર અગ્રણીઓને તેમની ભાવ પ્રદર્શિત કરવા માટેની ભાવના જોતાં મેં તૈયારી દર્શાવી. આ બધાના

સહિયારા પ્રયાસથી રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રના ઊર્જા રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકી, દેશમાં ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે અગ્રણી એવા એલ.એન્ડ ટી.ના સીએમડી શ્રી અનિલ નાયક, શ્રી દેવાંગભાઈ પટેલ- ઈપ્કોવાળા, અમેરિકાસ્થિત ઉદ્યોગપતિ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી બી.એમ. વ્યાસ, સુઝલોનના શ્રી જીતુભાઈ તંતી વિગેરે આ ઉજવણીના ખાસ પ્રસંગે હાજર રહ્યા અને મારા હજારો શુભેચ્છકોએ આ પ્રસંગને દીપાવ્યો એનો આનંદ વ્યક્ત કરું છું. વિશ્વખ્યાત આર્કિટેક્ટ શ્રી કરણ ગ્રોવર અને સિક્સ્થસેન્સ ટેક્નોલોજી વિકસાવનાર ગૌરવવંતા ગુજરાતી યુવાન શ્રી પ્રણવ મિસ્ત્રી સાથેના સંવાદે સમગ્ર આયોજનને નવું જોમ બક્ષ્યું.

ખાસ કરીને અમેરિકામાં વસતા મારા બંને પુત્રો શૈલેષ તથા વ્રજેશ અને તેનાં પત્ની શ્રીમતી જયશ્રી, મારી લંડનસ્થિત દીકરી વર્ષા અને તેનો એન્જિનિયર ભાણો રિશિર તેમજ મારી અમેરિકાસ્થિત દીકરીઓ શોભા, રેખા અને છાયા આ અવસરમાં જોડાયાં તેનો સવિશેષ હરખ છે. ઉપરાંત જે જે વ્યવસ્થા ગોઠવવાની હતી તેમાં ઘણા બધાનો આર્થિક અને અન્ય સહયોગ મળ્યો. ૭૫ વર્ષની સામે રૂ.૭૫ લાખની થેલી આપવાનો શુભેચ્છકોએ જે નિર્ણય કર્યો તેને સમાજ અને સીવીએમ પરિવારે એટલે દરજ્જે વધાવી લીધો કે તે આંકડો રૂ.એક કરોડ એકાવન લાખથી પણ વધી રહ્યો છે. મને લાગે છે કે તે રૂ.બે કરોડ સુધી પહોંચશે. આ ઉપરાંત મારા પુત્ર-પુત્રીઓએ સમગ્ર પરિવાર વતી રૂ.૫૦ લાખનું યોગદાન કરવાનો વિચાર રજૂ કર્યો હતો પણ મારા સમગ્ર પરિવારના પ્રયત્નોથી આ યોગદાનની રકમ પણ રૂ. ૭૫ લાખ સુધી પહોંચે તેમ લાગે છે.

ચરોતર પ્રદેશ અને સમગ્ર ગુજરાત ઉપરાંત દેશ-વિદેશમાં વસતા મારા શુભેચ્છકોએ આ પ્રસંગે ખૂબ પ્રેમ આપ્યો અને તેઓના પરિવારના એક વડીલ તરીકે ખૂબ માન પ્રાપ્ત થતાં આ દિવસ મારે માટે ઉત્તમ દિવસ બની રહ્યો. તે માટે સઘળા સફળ પ્રયત્નો સૌએ કર્યા તેનો મને ખૂબ સંતોષ છે. મારા ગુરુ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી અને ગુજરાતના બીજા સંતો, મહાપુરુષો અને શુભેચ્છકોએ એમનો મારા માટેનો આદર અને ભાવ પ્રદર્શિત કરવા માટે જે કાંઈ કર્યું તેનો વિનમ્ર ભાવે ઋણસ્વીકાર કરું છું. આ દરમિયાન સમગ્ર આયોજન માટે રચાયેલી અમૃતપર્વ ઉજવણી સમિતિના કન્વીનર શ્રી પ્રદીપ પટેલ અને સાથીઓ, અભિવાદન ગ્રંથના સંપાદકો ડૉ. નરેશ વેદ અને સાથીઓ, 'સો ટચનું સોનું : ડૉ. સી.એલ. પટેલ'નાં લેખિકા શ્રીમતી ટીના દોશી તથા 'દશાંગૂલઊર્ધ્વ'ના શ્રી જયેન્દ્ર શેખડીવાળા અને શ્રી કનુ પટેલ સહિતનાના ભાવને બિરદાવું છું.

પુનઃ એકવાર મારા અમૃતપર્વ નિમિત્તે નામી-અનામી જે કોઈએ યોગદાન કર્યું તે સૌનો આભાર માનું છું. ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૂ.ભાઈકાકા અને પૂ. ભીખાભાઈ સાહેબ તેમજ સંવર્ધક ડૉ.એચ.એમ. પટેલ સહિતના પૂર્વસૂરિઓએ આરંભેલા શિક્ષણયજ્ઞની જ્યોત પ્રજ્વલિત રાખવા માટે મને નવું બળ મળ્યું હોવાની અનુભૂતિ આ તબક્કે કરી રહ્યો છું.

*૨૧ એપ્રિલ ૨૦૧૦*

સી.એલ.પટેલ

*// પ્રાથમ્ય //*

## *ઐતિહાસિક ઘટના*

ગુજરાતના સ્વર્ણિમ વર્ષની ઉજવણી ચાલતી હોય ત્યારે વલ્લભ વિદ્યાનગર માટે પણ એવી જ એક અમૃત ઉજવણીનો અવસર હજુ હમણાં જ સંપન્ન થયો. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને આધુનિક શિક્ષણના શિલ્પી ડૉ.સી.એલ. પટેલનો અમૃતપર્વ મહોત્સવ અનેક રીતે દૂરગામી પરિણામ લાવનાર બની ગયો. આવું મોટા ગજાનું વ્યક્તિત્વ આપણી વચ્ચે હોવું એ જ આશ્ચર્ય સર્જે છે. જો કે સ્વયં ડૉ. સી.એલ. પટેલ વિનમ્ર ભાવે અને સહજતાથી કહે છે કે, આદ્યસ્થાપકો પૂ.ભાઈકાકા અનેપૂ.ભીખાભાઈ સાહેબ તથા સંવર્ધક ડૉ.એચ.એમ. પટેલના શિક્ષણયજ્ઞને આગળ વધારવાનો વિનમ્ર પ્રયાસ કરી રહ્યો છું. આ ધરતીનું તપ અને સંતોના આશીર્વાદ થકી જ મારા જેવા સામાન્ય માણસથી કાંઈક થઈ રહ્યું છે.

ડૉ. સી.એલ. પટેલ ભલે પોતાને સામાન્ય માણસ લેખાવે, પણ એમની ધગશ, નીતિમત્તા અને દીર્ઘદૃષ્ટિ થકી અસામાન્ય- અભૂતપૂર્વ- અવિરત મહાકાર્યો થતાં રહે છે. નિસ્વાર્થ ભાવે સમાજાભિમુખ દૃષ્ટિ રાખીને ૨૧મી સદીની જરૂરિયાતોનો આગોતરો અંદાજ મેળવીને વિકસિત દેશોની ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની માળખાકીય સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાની તથા યુવાપેઢીને વિશ્વ સ્પર્ધા માટે સજ્જ કરવાની ડૉ. સી.એલ. પટેલની નેમને દેશ-વિદેશના મહાનુભાવો વંદન કરે છે. સંતો-મહંતો એમનાથી પ્રભાવિત થઈ વધુ ને વધુ સત્કાર્યો કરવા માટે આશીર્વાદ આપે છે. આવા આશીર્વાદ સુપાત્ર જ ઝીલી શકે અને એવું આ વ્યક્તિત્વ એટલે ડૉ. સી.એલ. પટેલ. બહુમુખી પ્રતિભા એટલે ડૉ. સી.એલ. પટેલ. એમના ભરોસે ચારુતર વિદ્યામંડળના પ્રકલ્પોમાં કરોડોનું યોગદાન કરવા દાતાઓ સામેથી આવે ત્યારે આ મહામાનવની વિશ્વસનીયતા અને નિષ્ઠાનો આપણને પરિચય મળે છે. હાઈટેક સાધનો અને શિક્ષણની સાથે ભારતીય મૂલ્યો અને પરંપરાનો એ સુભગ સમન્વય છે. આવા ડૉ. સી.એલ. પટેલના આગવા નેતૃત્વ થકી જ ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરના પૂર્વસૂરિઓના તપથી ધન્ય બનેલી આ ધરામાં નિતનવાં પ્રકલ્પો, મેગા પ્રકલ્પો, ન્યૂ વલ્લભ વિદ્યાનગર જેવા નવા શિક્ષણ સંકુલ આકાર લઈ રહ્યાં છે. હજુ તો અનેક નવી શિક્ષણ સંસ્થાઓ, અનોખી સંસ્થાઓ, દેશ-વિદેશમાં નોખી છાપ પાડનારી સંસ્થાઓ સ્થાપવાનું મહામિશન લઈને તેઓ આગળ વધી રહ્યા છે. આ શિક્ષણમહર્ષિનું માનવીય ભાવમૂલ્યોથી સભર ધબકતું દિલ સમાજના નબળા વર્ગોના ઉત્થાનની પણ ખેવનામાં રત છે.

પૂર્વસૂરિઓના આશીર્વાદ સાથે અનોખો ઈતિહાસ સર્જવાની સતત પ્રક્રિયામાંથી વહી રહેલા ડૉ. સી.એલ. પટેલનાં ૭૫ વર્ષ પૂરાં થતાં હોય અને દેશ-વિદેશમાં વસતા શુભેચ્છકોના આગ્રહના કારણે એ નિમિત્તે અભિવાદન સમારંભ યોજવાની સંમતિ આપે ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ઉપરાંત દેશના નામાંકિત ઉદ્યોગપતિ લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ.એમ. નાયક તથા અમેરિકાસ્થિત દાતાશ્રી મુકેશ પટેલ સહિતના મહાનુભાવો ડૉ. સી.એલ. પટેલના અમૃતપર્વ ઉજવણીમાં સામેલ થવાનું સ્વીકારે એ વલ્લભ વિદ્યાનગર માટે અનેરો અવસર ગણાય. ગુજરાતભરના મહાનુભાવો અને દેશ-વિદેશના સી.એલ. પ્રેમીઓ અમૃતપર્વ મહોત્સવમાં હોંશભેર સામેલ થયા.

સમગ્ર દેશની સુરક્ષાની બાબતમાં સૌથી વધુ જાગૃત ચિંતન અને પ્રયાસો ચરોતરના સપૂત અને રાષ્ટ્રનાયક સરદાર વલ્લભભાઈ પટેલ થકી થયા છે એવી ભૂમિકા પર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંસ્કારપુરુષ ડૉ.સી.એલ. પટેલને ડિફેન્સ ટેકનોલોજી ક્ષેત્રે વલ્લભ વિદ્યાનગર પહેલ કરે એવું સૂચન કર્યું અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષે થોડા દિવસ પહેલાં જ પાંચમી એન્જિનિયરિંગ કોલેજ શરૂ કરવાની કરેલી જાહેરાતના અનુસંધાને મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી જાણ કરી કે અમે આપની વાતને વધાવીને અમારી પાંચમી એન્જિનિયરિંગ કોલેજને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિફેન્સ ટેકનોલોજી તરીકે સ્થાપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. અમૃતપર્વ મહોત્સવ નિમિત્તે જ શિક્ષણમહર્ષિની કલ્પનાની ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ એન્ડ જસ્ટિસ માટે રૂ.૫ કરોડ આપવાની ઈપ્કોવાળા પરિવારના શ્રી દેવાંગભાઈ પટેલે જાહેરાત કરી એટલું જ નહીં એલ. એન્ડ ટી.ના સીએમડી શ્રી એ.એમ. નાયક પોતાના અંગત ભંડોળમાંથી રૂ. એક કરોડ અને પચ્ચીસ લાખ આપવા આગળ આવ્યા. સીવીએમ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં ભણીને વર્તમાન હોદ્દે પહોંચેલા પદ્મભૂષણ એવા શ્રી નાયકે વલ્લભ વિદ્યાનગરના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે દાખલો બેસાડ્યો છે. દેશ-વિદેશના હજારો શુભેચ્છકોએ ડૉ.સી.એલ. પટેલ પ્રત્યે જે ભાવ દર્શાવ્યો અને ખાસ કરીને તેમના વતન ગામડીથી લઈને કર્મભૂમિ વલ્લભ વિદ્યાનગર સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું તે ઐતિહાસિક ઘટનાક્રમ બની રહેશે.

● હરિ દેસાઈ

// આપણો વારસો અને વૈભવ // (પદ્ય વિભાગ)

## ગુજરાત-સ્તવન

ધન્ય ધરા આ, કૃષ્ણ વસ્યા જ્યાં,
વિપદ દીઠી ક્યહીં, ત્વરિત ધસ્યા ત્યાં,
ગીતામૃત પી ગાંધી હસ્યા હ્યાં.
ગાંધી-કૃષ્ણની કરુણાકરણી રહો જ ચિત્ત ઉપાસી.
હું ગુર્જર ભારતવાસી.

• • •

તે નહીં નહીં જ ગુજરાતી,
જે હો કેવળ ગુજરાતી.
એ તે કેવો ગુજરાતી,
હિન્દભૂમિના નામે જેની ઊછળે ના છાતી ?
ભારતભક્તિ દેશ-વિદેશ ન જેની ઊભરાતી,
એ તે કેવો ગુજરાતી ?

• • •

નરસિંહ, મીરાં, અખો જ્ઞાનભક્તિની એ જ્વાલાઓ;
પ્રેમાનંદ ગોવર્ધનરામે પાયા રસ-પ્યાલાઓ.
માટીમાંથી મર્દ નીપજ્યા ગાંધી-તપ આધારે,
અડગ ખડક કીધા સંગ્રામે વજ્ર સમા સરદારે,
ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણ-ચરણરજ-પુનિત ધરા આ ગાંધીગિરા ગુજરાતી.

• • •

જે જન્મતાં આશિષ હેમચંદ્રની
પામી, વિરાગી, જિનસાધુઓએ
જેનાં હીંચોળ્યાં મમતાથી પારણાં
રસપ્રભા ભાલણથી લહી જે
નાચી અભંગે નરસિંહ-મીરાં-
અખા તણે નાદ ચડી ઉમંગે,
આયુષ્મતી લાડલી પ્રેમ ભટ્ટની,
દૃઢાયુ ગોવર્ધનથી બની જે,
અર્ચેલ કાન્તે, દલપત પુત્રે,
તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા
ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.

• • •

નર્મદની ગૂજરાત રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી,
એકવાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
ગૂજરાત મોરી મોરી રે.

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગૂજરાતી.

રમે અન્ય સખીઓ થકી દેઈ તાળી,
સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.

કરે બોલતા જે, ભર્યા ભાવ છાતી,
રમો માતૃભાષા, મુખે ગૂજરાતી.

મળી હેમઆશિષ, નરસિંહ-મીરાં
થયા પ્રેમભટ ને અખો ભક્ત ધીરા.

પૂજી નર્મદે કાન્ત ગોવર્ધને જે,
સજી ન્હાનલે કલ્પના ભવ્ય તેજે.

ધ્રુવા સત્ય-સાથી અહિંસા-સુહાતી,
નામો ધન્ય ગાંધીગિરા ગૂજરાતી.

• • •

અશોક-ધર્મલિપિ ઉર મુજ અંકિત
ઈસાઈ પારસિક મુસ્લિમ જિન-હિત
મંત્ર મધુર ગુંજે અવિશંકિત
**'सर्व धर्म सम, सर्वधर्म मम'** -ઉર એ રહો પ્રકાશી.

• • •

સત્ય-અહિંસાની આંખે તું ભાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

• • •

બિરુદ 'વિવેક બૃહસ્પતિ'નું જે, પાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

• ઉમાશંકર જોશી

*// આપણો વારસો અને વૈભવ //*
(ગદ્ય વિભાગ)

*પાયાનો પથ્થર*

વિદ્યાનગરની યોજના કાગળ ઉપર તૈયાર થઈ અને સ્થળની પસંદગીનો સવાલ આવ્યો ત્યારથી જ મુશ્કેલીઓ શરૂ થઈ ગઈ હતી. કરમસદ, બાકરોલ અને આણંદના ખેડૂતો જમીન આપવા સંમત થયા તેથી એ પ્રશ્ન ઉકલી ગયો.

પહેલી જરૂર જમીનની મોજણી તથા બાંધકામ માટે ડ્રાફ્ટસમેન અને ઈજનેરોની હતી. ખેડા જિલ્લા લોકલ બોર્ડની નડિયાદ ઓફિસમાં કામ કરતા એન્જિનિયર શ્રી રાવજીભાઈ દેસાઈ તથા શ્રી સોનીએ ૧૯૪૫ના ઑકટોબરમાં સર્વેનું કામ કર્યું ત્યારે મજૂરોની અછત હતી. આથી ભંગી મજૂરોને હાથે કાર્યનું પ્રથમ મુહૂર્ત થયું. શ્રી રાવજીભાઈ કરમસદ રહેતા અને સાથે ટિફિન લાવતા. બપોરના સમયે મજૂરો આરામ કરે ત્યારે તેઓ નકશાકામ પતાવતા. તે વખતે પાકું એક પણ મકાન ન હોવાથી રાયણના ઝાડની ડાળો કપાવી તેની ઝૂંપડી બંધાવી હતી. ઝાડનાં ડાળનું ટેબલ બનાવી ઈજનેરો ડ્રોઈંગ માટે તેનો ઉપયોગ કરતા. સરસામાન પણ એ ઝૂંપડીમાં જ રાખવામાં આવતો.

વધુ ઝૂંપડા તૈયાર થયાં એટલે તા.૩ માર્ચ ૧૯૪૬ના દિવસે પૂ.ભાઈકાકા અને શ્રી ભીખાભાઈ સ્થળ ઉપર રહેવા આવ્યા. એક ઝૂંપડામાં તે બંનેના ખાટલા અને વચ્ચે જમવા માટે અને ત્યાર પછી લખવા માટેનું એક ટેબલ માંડ ગોઠવાયું હતું. ૧૯૪૬ના મે માસમાં શ્રી શાંતિભાઈ અમીન ચારુતર વિદ્યામંડળમાં ઈજનેર તરીકે જોડાયા ત્યારે પણ વસવાટનાં મકાન બંધાયાં નહોતાં. રહેવાની ઓરડી પણ પાલાંની બનાવેલી અને તેની બંને બાજુ પાલાંની ઓરડીઓ હતી. એકમાં એન્જિનિયરની ઓફિસ અને બીજી ઓરડીમાં સિમેન્ટની થેલીઓ રાખવામાં આવેલી. મે માસમાં છ હજાર થેલી સિમેન્ટ સ્ટોકમાં હતો, તેને સાચવવા પતરાંની જરૂર હતી. મહામુશ્કેલીએ અઢી ટન પતરાં મેળવ્યાં અને સિમેન્ટ ઓરડી, રસોડું એન્જિન પંપ રૂમ ઉપર પતરાં લગાવ્યાં, પણ પતરાં ખૂટવાથી ભાઈકાકા, ભીખાભાઈ અને શાંતિભાઈ અમીનને સૂવાની ઓરડી છાપરાં વિનાની જ રહી... ચોમાસું નજીક આવ્યું છતાં પતરાં પૂરતાં ન મળી શક્યાં. આથી બાકરોલમાં ઘર ભાડે મેળવવા કોશિશ કરી, પરંતુ ત્યાં ઘરની વ્યવસ્થા થઈ શકી ન હતી.

જુલાઈ ૧૯૪૬માં નિર્ણય લેવાયો કે ૧૯૪૭ના જૂનથી એક સાયન્સ અને આર્ટ્સની કોલેજ શરૂ કરવી. તે વખતે અમારી પાસે આંબા નીચેની તૈયાર ત્રણ રૂમો અને વર્કશોપનો એક શેડ તેમજ પ્રિન્સિપાલના બંગલાનું માટીકામ સિવાય કંઈ જ તૈયારી ન હતી. પૈસાની પણ એટલી જ અછત. કંટ્રોલનો કડક જમાનો એટલે સિમેન્ટ ન મળે, લોખંડ ન મળે, માલસામાન લાવવા વેગન ન મળે. એ સંજોગોમાં કામને કેમ આગળ ધપાવવું તેની ભારે મૂંઝવણ...

૧૯૪૭ના જૂનથી વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનો પ્રારંભ થયો ત્યારે વસવાટ માટે થોડા જ મકાનો તૈયાર થયાં હતાં. પ્રિન્સિપાલ બુટાની તથા બીજા થોડા પ્રાધ્યાપકો ઓરડીઓમાં રહેતા અને પ્રિન્સિપાલના બંગલામાં વિદ્યાર્થીઓનું કામચલાઉ છાત્રાલય હતું. શ્રી શાંતિલાલ અમીન પોતાને રહેવા સારુ નવી કામચલાઉ ઓરડી બનાવી ત્યાં રહેવા જાય અને ત્યાંથી પણ થોડા જ વખતમાં બીજા કોઈ માટે તે ઓરડી ખાલી કરવી પડે. એમ કરતાં એમને ૨૪ જગ્યાઓએ પોતાનો પલંગ ફેરવવો પડેલો.

૧૯૪૭ની ચોથી એપ્રિલે સરદારશ્રી વી.પી. મહાવિદ્યાલયનું ઉદ્દ્ઘાટન કરવા આવ્યા ત્યારે કોલેજનું મકાન પૂરું ચણાયું નહોતું. તે પ્રસંગે ભાઈકાકાએ નિવેદનમાં કહેલું, 'ઉત્સાહને કચડી નાખે અને પ્રગતિને રૂંધી નાખે એવી ગૂંચવણમાં પણ અમે નિરુત્સાહ બન્યા નથી તે આ પ્રદેશની જનતાના સહકારને લીધે... જોનારને ઘડીભર હેરત પમાડે એટલી ઝડપે આ બધું થયું છે.' બીજે જ વર્ષે, કોલેજનું મકાન પૂરું થાય તે પહેલા ૧૯૪૮ના જૂનથી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયનો પ્રારંભ થઈ ચૂકયો હતો. ૧૯૪૭ના ડિસેમ્બરમાં તે વખતના મુંબઈ રાજ્યના ગવર્નર સર જોન કોલવીસ વિદ્યાનગરની મુલાકાતે આવ્યા ત્યારે અહીંની પ્રગતિનો વેગ જોઈ તેમણે કહેલું, 'Mr. Patel, you are faster than Americans.' ૧૯૪૯ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખે પંડિત જવાહરલાલ નેહરુ અહીં પધાર્યા પછી પોતાના ભાષણમાં કહેલું 'મને જાણીને ઘણો જ આનંદ થયો છે કે આ સંસ્થા સરકારી મદદની પણ પરવા કર્યા સિવાય પોતાનું કામ ધપાવ્યે રાખે છે.' •

('ભાઈકાકાનાં સંસ્મરણો'માંથી)

## ખળભળ !

• નીતિન વડગામા

અનરાધારે વરસે વાદળ.
અંદર થાતું ખળભળ ખળભળ !

ચરણ તમારાં ચાલ્યાં કરશે,
તો જ વધાશે થોડું આગળ.

ગમતાં દ્વારે ઊભા રહેજો,
ખૂલી જાશે સઘળી સાંકળ.

કરશે અજવાળું અજવાળું,
નમણી નમણી એની અટકળ !

ભરખી જાતા સૂરજ સામે,
હસતી રહેતી ઝીણી ઝાકળ !

ધીમે ધીમે ગીત ગવાતું,
કાન દઈને તુંયે સાંભળ.

કાળા અક્ષર સૌ વાંચે છે,
કોણ ઉકેલે કોરો કાગળ ?

'તાંદુલ', ૧૯, સ્વાતી સોસાયટી, આત્મીય કોલેજ
પાછળ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫
મો.૯૮૭૯૪ ૦૦૪૨૪

## ઓગળું

• વિજય સેવક

ઓગળું એથી બળું છું
પ્રેમ છે એથી ગળું છું

આયનાનું આ નગર છે
જાતને કેવી છળું છું !

છળ બની ગઈ જિંદગી આ
હું મને ભાગ્યે મળું છું

ગૂંગળાઉં ભીડમાં હું
ભીતરે પાછો વળું છું

પળ-વિપળમાં કેદ છું
શ્વાસે શ્વાસે ઓગળું છું

## થંભી જશે
(ગઝલ)

• જગદીશ ભટ્ટ

શબ્દનું વહેતું ઝરણ થંભી જશે;
અર્થના રણમાં ચરણ થંભી જશે.

આયનાને હું ધરું સૂરજમુખી;
સૂર્યનું કોઈ કિરણ થંભી જશે.

આંખના વેરાન આ જંગલ મહીં-
કોઈનાં સપનાનું ધણ થંભી જશે.

શૂન્યતા થીજી રહી છે રક્તમાં;
હિમ થઈને શ્વાસ પણ થંભી જશે.

વ્યર્થ વરસો તેં તો શણગારી લીધાં;
શ્વાસમાં તો માત્ર ક્ષણ થંભી જશે.

૨, દીપકુંજ, ગણેશગલી મણિનગર,
અમદાવાદ-૮

## ગઝલ

• સાહિલ

કાળની દેખભાળ લાગે છે,
પાણી પંડે જ પાળ લાગે છે.

સુખ ટપોટપ જમીનદોસ્ત થયાં,
ઉમ્ર ફાટેલી ચાળ લાગે છે.

આ બધાં છિન્નભિન્ન સંબંધો,
જીવતો કાટમાળ લાગે છે.

ના પૂછો શહેરના ચરિત્ર વિષે,
સારા હોવુંય આળ લાગે છે

ધીરેધીરે ફસાતા જાવાનું,
જીવવું જાણે જાળ લાગે છે.

ફૂલ કાગળના આમ ના મહેકે,
બાળકોની નિશાળ લાગે છે.

એક વરસાદી સાથ શું છૂટ્યો,
આયખું અગ્નિઝાળ લાગે છે.

એક કદી ખૂટતી નથી 'સાહિલ',
લાગણી ટંકશાળ લાગે છે.

નીસા-૩/૧૫, દયાનંદ નગર,
રાજકોટ-૩૬૦ ૦૦૨

## ગઝલ

• દત્તાત્રય ભટ્ટ

હું હજી ભીનો રહું કોરાશમાં,
શ્વાસ લઉં છું 'આવશે'ની આશમાં.

કાંકરી મટકી નિહાળીને હસી,
શું ભર્યું છે એવું તે એ છાશમાં ?!

ભરવસંતે પાંદડું પીળું થયું,
વીજળી તડપી ઊઠી આકાશમાં.

સૂર્ય સૂંઘીને પછી પાછા વળ્યા,
હાથમાં આવે ય શું પીળાશમાં.

આંસુ મારાં આમ ના ઘાંઘાં બનો,
પથ્થરો કોરા રહે ભીનાશમાં.

૮, સમ્રાટનગર, બામરોલી રોડ,
ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ

• ગુણવંત ઉપાધ્યાય

શિખર પર ધજા ને ધજા છે હવામાં,
હશે કંઈ થયું કે હશે, કંઈ થવામાં.

અમસ્થી જ એની તું ચિંતા કરે છે,
એ જે કંઈ કરે છે કશું થઈ જવામાં.

હકીકતમાં જે કંઈ નથી એ બને છે,
કવિતા નથી શું ગણાતી હવામાં ?

દિવસ-રાત સ્હેવી પડે છે વ્યથાઓ,
સગળતા ચૂલા પર મૂકેલા તવામાં.

જે કંઈ એ બોલે બધા સાંભળે છે,
ફરક આટલો બસ જૂનાં ને નવામાં.

વધુ પડતી ચિંતા રહે છે જ એવી,
પડે નહિ ફરક કંઈ હોવા-લાગવામાં.

અપેક્ષા રહે છે ફક્ત આટલી કે,
તમારાં જ જેવાં મળે શ્રીસવામાં.

બી-૫/૬-૭, ઋષભ એપાર્ટમેન્ટ,
ન્યૂ એરપોર્ટ રોડ, મુની ડેરી, ભાવનગર-૧

## જય સ્વામિનારાયણ વિજયતે

જીગ્નેશ ગઢવી

"તું સમોવડ કો' નહીં, દીનબંધુ દાતાર,
કાલાવા'લા સ્વીકારજે, 'ગઢવી'ના જુગદાધાર"

તમને જીભથી કહું કે હૃદયથી કહું,
તમને વહાલથી કહું કે વિનયથી કહું ?

તમે તંતુ દીધા વળી તાન દીધાં,
ગમે ગળામાં મધુરાં ગાન દીધાં.

આ કાયામાં પરોવ્યો જીવ કે'દી ?
ઈ વાતને સદા રાખી અભેદી.

આ કાયાનું રમકડું સાવ કાચું,
એમાં પ્રાણ પૂરી એને કર્યું સાચું.

આપી પાંખ જેને દીધું આભ આખું,
આપ્યાં પગ જેને દીધી ધરા લાખું.

પંખી કૃપા પરેજ માળો બનાવે,
એને મોતનો ભો' ન જરીયે સતાવે.

કેવા ધરમ દીધાં કેવા ધ્યાન દીધાં,
તમે વિદ્યા જેવા મહા દાન દીધાં.

ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર

## સપનું ખીલ્યું સલોણું

*(અમૃતપર્વે ડૉ. સી.એલ. પટેલને)*

*કેશુભાઈ દેસાઈ*

પડ્યાં ચરણ જ્યાં
સ્વયં પ્રભુનાં,
તે આ પાવન ભૂમિ.

કૃષિ-ઋષિએ ખેડી એને
હેત થકી કૈં ચૂમી...

શેઢે શેઢે તપનાં ઊગ્યાં ઝાડ,
સંતચરણથી ડગલે ડગલે-
-ઠર્યા પુણ્યના પ્હાડ.

હાડ ગાળીને
દધીચિઓએ
અહીં ઉગાડી વિદ્યા...
વાવેલું જે બીજ
વૃક્ષ તે બની રહ્યું ઘેઘૂર-
ચાસે ચાસે ફૂલ ખીલ્યાં ને
સુરભિ એની લઈ પવન તો
પ્હોંચ્યો દૂર-સુદૂ...ર

વનવગડે લ્યો ઊગી અલૌકિક નગરી,
ફાલ્યો જાણે અઢળક લીલો મોલ;
પગલે પગલે પડઘાતા કૈં કૃષિ-ઋષિના બોલ.
ભણવા બેસે સ્વયં ભારતી એવો રે માહોલ.
ધરા ગુર્જરી કેરી છાતી ધબકે ઝાકમઝોળ...

રે ચારુભૂમિના સારસ
હે વીર વલ્લભના વારસ
જનનાયક હે, મનનાયક હે-
નવી સદીના વૈતાલિક હે !

તવ પારસ સ્પર્શે ધૂળ બની આ સોનું,

-ને પૂર્વસૂરિનું સપનું ખીલ્યું સલોણું...

૧૩-ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯,
ગાંધીનગર-૩૮૨ ૦૨૧ મો. ૯૮૭૯૫૪૩૧૩૨

## // અનુવાદ // ઑક્તાવિયો પાઝની ૪ કાવ્યકૃતિઓ

*અનુ. રાધેશ્યામ શર્મા*

### સમસ્યા

ભમ્મરચક્કરનો સ્વામી
બાજ
ઊંચાઈઓનો જોગી
એક સંજ્ઞા શોધે છે
જે તત્કાલ
પ્રકાશમાં, હવામાં અંતર્ધાન થાય છે.
જિદપૂર્વક, પરોઢિયાથી સાંજ સુધી
એ પુનરાવર્તન કરે છે.
અજાણતામાં, તે એક પ્રશ્ન
તારવે છે :
સત્તા સ્વતંત્રતા છે ?
સ્વાતંત્ર્ય નિયતિ છે?
પ્રકાશ અને પવન.

### કોણ-વિહોણું ક્યાં

આ તરુવરો વચ્ચે
કોઈ કહેતાં કોઈ નથી
અને હું
ક્યાં જતો રહ્યો તે જાણતો નથી.

### યૌવન

મોજાની છલાંગ
શુભ્રતર
પ્રત્યેક કલાક
હરિતતર
પ્રત્યેક દિવસ
યુવાન
મૃત્યુ

### નિદ્રાશૂન્ય

દર્પણનો રાત્રિપહેરો
ચન્દ્ર એનો સંગાથ દે.

પ્રતિબિંબ પર પ્રતિબિમ્બ,
કરોળિયો એના ઘાટ ઘડે.

ભાગ્યે જ પાંપણ પલકારતા,
વિચારો એકદમ સાવધાન.

ન ભૂત ન ખયાલ,
મારું મોત એક ચોકીદાર.

ના જીવતો, ના મરેલો
જાગતો, આંખના રણમાં
હું જાગતો.

૨૫, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ-૨૨

// પ્રાસંગિક //

## સ્વર્ણિમ પ્રભાતે - યશગાથા ગુજરાતની

### રમેશ એમ. ત્રિવેદી

ઈતિહાસ કહે છે કે તળ ગુજરાત અને કચ્છ વચ્ચે આવેલા વઢિયાર (અત્યારના મહેસાણા નજીકનો પ્રદેશ) નામના પ્રદેશમાં ચાવડા (સં.ચાપોત્કટ) વંશના શાસકોનું ખોબા જેવડું, (કવિ ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો (handker chief state) એક રાજ્ય હતું. એનું મુખ્ય ગામ પંચાસર. પંચાસર ગામને ફરતો વિસ્તાર જ એ એની સીમાઓળખ હતી. 'ચાવડા' શબ્દ એક કાળે ચોર-લૂંટારાઓના સંદર્ભમાં પ્રયોજાતો હતો ! ત્યાં જયશિખરી નામે એક રાજા થઈ ગયો. સાતમી સદીના અંતભાગમાં ચૌલુક્યો (પછીથી, 'સોલંકીઓ')એ પંચાસર પર આક્રમણ કર્યું હતું. ત્રણેક વર્ષ સુધી લડાઈ ચાલી હતી. છેવટે જયશિખરી યુદ્ધમાં મરાયો પરંતુ રાજમહેલમાંથી નાસી છૂટેલી એની પત્નીએ જંગલમાં એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ વનરાજ પાડ્યું. પચીસેકની વયે તેણે જે રાજ્યની સ્થાપના કરી તે અર્ણાહિલવાડ તરીકે ઓળખાયું. વર્તમાન ગુજરાત રાજ્યનું એ પૂર્વજ હતું !

કહેવાય છે કે શીલગુણસૂરિ નામના એક જૈન મુનિએ તેના હાથે-પગે રાજયોગનાં ચિહ્નો જોઈ, વનરાત એક દિવસ ચક્રવર્તી રાજા થશે એવું, ભવિષ્ય ભાખ્યું હતું. ઉત્તર ગુજરાતના એ પ્રદેશમાં રાજ્ય સ્થાપવા માટે તેને અણહિલ નામના ભરવાડે સહાય કરેલી તેથી વનરાજે પોતાના રાજ્યના મુખ્ય નગરનું નામ અણહિલપુર કે અણહિલ પાટણ (પટ્ટણ) તરીકે ઓળખાવ્યું. એ જ અત્યારનું પાટણ. ઐતિહાસિક અનેક સ્થાપત્યો માટે તેમજ 'પાટણનાં પટોળાં' સાથે પાટણની પ્રભુતા માટે એ નગર જાણીતું છે. વનરાજે ઈ.સ. ૭૬૫ થી ઈ.સ. ૭૮૦ સુધી શાસન કર્યું. આ વંશમાં યોગરાજ અને ક્ષેમરાજનાં નામ જાણીતાં થયેલાં છે. છેલ્લા રાજા ભૂભટના કાર્યકાળમાં ચાવડાવંશ સમાપ્ત થાય છે.

ચાવડા રાજા ભૂભટની એક બહેન સોલંકી કુટુંબમાં પરણાવેલી તેના પુત્રનું નામ મૂળરાજ હતું. તેનો રાજ્યઅમલ ઈ.સ. ૯૬૧ થી ૯૯૬નો નોંધાયો છે. એ મૂળરાજ પહેલા તરીકે ઓળખાય છે. (મૂળરાજ બીજાનો શાળનકાળ ઈ.સ. ૧૧૭૭થી ઈ.સ. ૧૧૭૯નો હતો.) મૂળરાજ પહેલાએ સ્વપરાક્રમથી અણહિલવાડ રાજ્યનો વિસ્તાર કર્યો. કચ્છ-કાઠિવાયાડ જીતી લીધાં; દક્ષિણમાં લાટ પ્રદેશ કબજે કર્યો. ઉત્તરે છેક અજમેર પાસેના સાંભર સરોવર સુધીનો પ્રદેશ જીતી લઈ અણહિલવાડની આણ ફરકાવી. મૂળરાજનો ૩૫ વર્ષનો શાસનકાળ ઈતિહાસના પાના ઉપર સુવર્ણકાળ તરીકે ઓળખ પામ્યો છે. એના પ્રપૌત્ર ભીમદેવ સોલંકી (ઈ.સ. ૧૦૨૨ થી ઈ.સ. ૧૦૬૪)ના બેંતાલીસ વર્ષનું શાસન વિલક્ષણ રીતે ચડતીપડતી અનુભવતું રહ્યું. તેણે સિંધ ઉપર ચડાઈ કરી તેને જીતી લીધું અને પોતાના એક મંત્રીને ત્યાં પ્રતિનિધિ તરીકે નીમ્યો. પરંતુ આ બાજુ એકલતાનો લાભ લઈ માળવાના પરમાર રાજા ભોજે અણહિલવાડ પાટણ ઉપર આક્રમણ કરી તેને લૂંટી લીધું. ગુજરાતી ભાષાની એક પ્રાચીન કહેવત 'હવેલી લેતાં પાટણ ખોઈ' ને આ જ સંદર્ભમાં જ હશે !

ભીમદેવ સોલંકી શિવભક્ત હતો. પ્રભાસપાટણના ખ્યાતિ પ્રાપ્ત સોમનાથ મંદિરના દેવમાં તેની અનન્ય શ્રદ્ધા હતી. આ મંદિરની જાહોજલાલીને ઈતિહાસે તેમજ જનશ્રુતિએ રોમાંચક રીતે વર્ણવી છે. તેની અપાર સમૃદ્ધિથી લોભાઈ ગઝનીના વિધર્મી શાસક મહંમદે ઈ.સ. ૧૦૨૬માં સોમનાથ ઉપર આક્રમણ કર્યું હતું. તેણે શિવલિંગના ટુકડા કરી નાખ્યા; હજારો સૈનિકો-હિંદુ નાગરિકોની પણ કતલ કરી, અઢળક હીરા-ઝવેરાત સાથે ગઝની ચાલ્યો ગયો. મહંમદ ગઝનીની વિશાળ અને આધુનિક શસ્ત્રોથી સજ્જ સેનાનો પાછળથી સામનો કરવાની ભીમદેવની વ્યૂહરચના હતી તેણી પાટણ છોડી તે અણહિલવાડનાં જંગલોમાં ભરાઈ રહ્યો. પરંતુ તેના નસીબમાં યુદ્ધ કરવાનું રહ્યું નહોતું. તેણે સોમનાથનું મંદિર નવેસરથી બંધાવ્યું તથા નુકસાન પામેલા વિખ્યાત સૂર્યમંદિર (મોઢેરા)નો જિર્ણોદ્ધાર કરાવ્યો. તેણે પાટણથી થોડેક દૂર સ્થાપત્ય અને કલાકારીગરીની દૃષ્ટિએ અનુપમ એવી રાણકીવાવ, પોતાની પત્ની ઉદયામતીની યાદગીરીરૂપે બનાવી હતી, એ આજના ગુજરાતની પણ મૂલ્યવાન વિરાસત બની રહી છે.

ભીમદેવના અવસાન પછી તેનો દ્વિતીય પુત્ર કર્ણદેવ પહેલો ગાદી પર આવ્યો. ભીમદેવના સમયમાં જ આબુ ઉપર વિખ્યાત જૈન મંદિરો બંધાવવા માટે પોતાના મંત્રી વિમળશાહને કામગીરી સોંપાઈ હતી. આજે એ વિખ્યાત મંદિરો વિશ્વ સમગ્રમાં સાંસ્કૃતિક વારસો બની રહ્યાં છે. કર્ણદેવ સોલંકીનો શાસનકાળ એકંદરે શાંતિનો સમય હતો. તેણે સાબરમતીના કિનારે આવેલું આશાપલ્લી (અસાવન) આશા નામના ભીલ સામેના યુદ્ધમાં જીતી લીધું અને તેનાથી થોડેક દૂર પોતાના નામ ઉપરથી તેણે કર્ણાવતીનગર બંધાવ્યું. અલબત્ત, રાજ્યની રાજધાની તો અણહિલ પાટણ જ રહી હતી.

કર્ણદેવ સોલંકી કર્ણાટક (ગોવા પ્રદેશ !)ના રાજા જયકેશીની કુંવરી મીનળદેવી (મયણલ્લા) સાથે પરણ્યો હતો.

તેના અવસાન બાદ તેનો પુત્ર સિદ્ધરાજ જયસિંહ (સધરા જેસંગ) રાજા બન્યો જે સૌથી વધુ લોકપ્રિય રાજા તરીકે જાણીતો બન્યો છે. કર્ણદેવના અવસાન સમયે સિદ્ધરાજ સગીરવયનો હોઈ તેના વતી રાજમાતા મીનળદેવી, ઉદા મહેતા, મુંજાલ મહેતા જેવા બાહોશ મંત્રીઓની સહાય-સલાહ લઈ રાજકારભાર ચલાવતી હતી. ગાદીએ બેઠા પછી સિદ્ધરાજે પરમારોનું માળવા જીતી લીધું. પંચમહાલના ભીલોને પોતાના રાજ્યમાં ભેળવી દીધા, જૂનાગઢના રા'ખેંગારને યુદ્ધમાં મારી નાખી સૌરાષ્ટ્ર જીતી લીધું. સિદ્ધરાજનું વેવિશાળ રાણકદેવી જોડે થયેલું તેની સાથે રા'ખેંગારે લગ્ન કરી લીધાં હતાં, તેનો બદલો સિદ્ધરાજે આ રીતે લીધો. તેણે સોરઠપ્રદેશમાં સજ્જન નામે પોતાનો વફાદાર સાથી વહીવટદાર તરીકે નીમ્યો.

તેણે ગિરનાર પર્વત ઉપર જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાનના કલાત્મક દેવાલયનું નિર્માણ કરાવ્યું. સિદ્ધરાજની લોકપ્રિયતા એટલી બધી હતી કે ઈ.સ. ૧૧૧૪માં તેના નામનો 'સિંહ સંવત્સર' પણ પ્રચલિત બન્યો હતો. સિદ્ધરાજ નિઃસંતાન હતો. એટલે ગાદી ઉપર ઈ.સ. ૧૧૪૩માં કુમારપાળ રાજા તરીકે બિરાજ્યો. સોમનાથ મંદિરનું પુનઃ બાંધકામ, જૈન મંદિરોનાં નિર્માણ તેમજ રાજ્યમાં માંસાહારનો નિષેધ વગેરે કાર્યો તેની કીર્તિ વધારનારાં ગણાયાં. તે પણ નિઃસંતાન મૃત્યુ પામ્યો હતો. ત્યારબાદ પાટણની ગાદી પર આવેલા રાજાઓએ ધીમે ધીમે સોલંકી યુગનો અસ્ત થતો નિહાળ્યો, એમ કહેવામાં અતિશયોક્તિ નથી થતી.

સોલંકી યુગનો અંત થતાં ઈ.સ. ૧૨૦૦માં વાઘેલા વંશ શરૂ થયો. તે જોકે, માંડ એકાદ સદી સુધી ચાલ્યો. તેના છેલ્લા રાજાનું નામ કર્ણદેવ (ઈતિહાસમાં 'કરણઘેલો' તરીકે ઓળખ પામ્યો છે) હતું. તેના શાસનકાળમાં ઈ.સ. ૧૨૯૮માં ઉત્તરની દિલ્હી સલ્તનત આક્રમક બની હતી. અલાઉદ્દીન ખીલજીએ પોતાના ભાઈ ઉલુઘખાનને મેવાડને રસ્તે ગુજરાત પર આક્રમણ કરવા મોકલ્યો અને ખીલજીવંશની સ્થાપના કરી. ત્યારબાદ તઘલખ વંશના શાસકોએ પણ ગુજરાતમાં પોતાની હકૂમત સ્થાપી હતી. ચૌદમી સદીના અંતભાગમાં સુલતાન મુઝફ્ફરશાહે પોતાની જાતને સ્વતંત્રપણે ગુજરાતના સૂબા તરીકે જાહેર કરી. આ બધા સુલતાનો પાટણમાંથી જ રાજ્યશાસન ચલાવતા હતા.

પરંતુ સુલતાન અહમદશાહે ઈ.સ. ૧૪૧૧માં સાબરમતી પરના કર્ણાવતી પાસેના આસાવળને જીતી લઈ, પોતાના નામ પરથી નવું નગર, અહમદાબાદ બંધાવ્યું અને તેમાં આસાવળને ભેળવી લીધું. આ વર્ષે આ અમદાવાદનગરની છસોમી સાલગિરાહ છે. અહમદશાહે નગરને ફરતે રક્ષણાત્મક કોટનું બાંધકામ કરાવ્યું હતું, તેના ઠીક ઠીક અવશેષો હજી પણ જળવાઈ રહ્યાં છે. ફાર્બસ કૃત 'રાસમાળા'માં જણાવ્યા પ્રમાણે અહમદશાહે હિંદુઓ ઉપર જજિયા વેરો નાખ્યો હતો, ધર્માંતર પ્રવૃત્તિ ચલાવી હતી, હિંદુઓનાં ધાર્મિક સ્થાનો તોડી નંખાવ્યા હતા વગેરે. ત્રણ દાયકા જેટલા તેના રાજ્ય અમલ દરમિયાન કલાકારીગરીવાળી અનેક ઈમારતો, ઝુલતા મિનારાનું પણ નિર્માણકાર્ય થયું હતું. એવું જ લગભગ અડધી સદી સુધી ગુજરાત પર મહમૂદ બેગડાનું શાસન રહ્યું. તેણે જૂનાગઢ ઉપરાંત પાવાગઢ જીતી લઈ ચાંપાનેરને રાજ્યનું પાટનગર બનાવ્યું અને તેને મહમૂદાબાદ તરીકે ઓળખ આપી પણ ખરી, પરંતુ લોકસ્મૃતિમાંથી આ નવું નામકરણ ઝડપથી ભૂલાઈ ગયું છે. મહેમદાવાદના ભમ્મરિયા કૂવાના બાંધકામે તેને કીર્તિ અવશ્ય અપાવી.

સોળમાં સૈકામાં (ઈ.સ. ૧૫૭૨) મોગલ બાદશાહ અકબરે અણહિલવાડ પાટણ ઉપરાંત ધંધૂકા, અમદાવાદ, ધોળકા, સુરત વગેરે જીતી લઈ ગુજરાતને મોગલોના સંપૂર્ણ શાસન હેઠળ આણ્યું. લગભગ ૧૮૫ વર્ષ જેટલો લાંબો એ શાસનનો કાલખંડ રહ્યો તેથી અણહિલવાડનું ગૌરવ કે પાટણની પ્રભુતા ભૂતકાલીન ઘટના બનીને રહી ગઈ. આક્રમણ અને લૂંટફાટનો સિલસિલો મરાઠાઓએ પણ ચાલુ રાખ્યો હતો. ઈ.સ. ૧૬૭૦માં શિવાજીએ સૂરત લૂંટ્યું. ઈ.સ. ૧૭૫૮ પછી ગાયકવાડે સત્તા કબજે કરી વડોદરાને રાજધાની તરીકે જાહેર કરી. પોણા બસો વર્ષ ગાયકવાડી અમલ ચાલ્યો. ઉત્તર ગુજરાત, દક્ષિણમાં નવસારી, ગણદેવી, સૂરત વગેરે તરફથી ખંડણી મેળવી મહેસૂલી આવક ઊભી કરી. અલબત્ત કચ્છ અને કાઠિયાવાડનાં રાજ્યો સ્વતંત્ર રજવાડાં તરીકે વિકસ્યાં.

૧૯મી સદીના આરંભે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મરાઠાઓને યુદ્ધમાં હરાવી ગુજરાતમાં પ્રવેશ મેળવ્યો. ગાયકવાડે અંગ્રેજી હકૂમતનો સ્વીકાર કરી રાજ્યકારભાર ચલાવવાનું પસંદ કર્યું. એવું જ કચ્છ-કાઠિયાવાડનાં રજવાડાંનું થયું. અંગ્રેજોએ વહીવટી અનુકૂળતા માટે ગુજરાતને રેવાકાંઠા, મહીકાંઠા, બનાસકાંઠા, સાબરકાંઠા, ઉપરાંત પશ્ચિમ ભારતનાં રજવાડાં એમ પાંચ વિભાગ પાડી

શાસનયોજના બનાવી. આ પાંચ એજન્સીઓમાં વહેંચાયેલા પ્રદેશનો વહીવટ ‘બોમ્બે પ્રેસિડેન્સી’ના ગવર્નરના અંકુશ હેઠળ આવ્યો. ઈતિહાસ, રીત-રિવાજ, ભાષા, સંસ્કૃતિ વગેરેને ધ્યાનમાં લીધા સિવાય એ કચ્છ, સૌરાષ્ટ્ર સહિતનું મુંબઈ રાજ્ય બન્યું હતું !

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. ત્યારબાદ દક્ષિણ ભારતમાં ભાષાવાર પ્રાંતરચનાનું એક હિંસક આંદોલન ચાલ્યું. ના છૂટકે, ૧૯૫૩માં તેલુગુભાષી પ્રજાનું આંધ્રપ્રદેશનું સર્વપ્રથમ રાજ્ય બન્યું. આ ઘટનાએ કરીને ભારતમાં ભાષાવાદ વકરે તેવી સઘળી પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ હતી. ગુજરાતમાં પણ સ્વતંત્ર રાજ્યના અસ્તિત્વ માટે ઈ.સ. ૧૯૫૭માં ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની નીચે મહાગુજરાતનું આંદોલન શરૂ થયું. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની ભાષા-સંસ્કૃતિ એકંદરે એરસરખી હોવા છતાં તે સમયે નિમાયેલા ભાષાપંચે મુંબઈ સહિત મહારાષ્ટ્ર પ્રદેશને આવરી લેતું દ્વિભાષી મુંબઈ રાજ્યની રચનાનું સૂચન કર્યું. તેની સામે ગુજરાતની અસ્મિતાના પડકારરૂપે એ મહાગુજરાતનું આંદોલન શરૂ થયું હતું. લગભગ અઢી-ત્રણ વર્ષ એ અભિયાન ચાલ્યું. તેને દબાવી દેવા સત્તાધારી કોંગ્રેસ પક્ષે કઠોર પગલાં લીધાં તેનાથી એ આંદોલન હિંસક બની ગયું. કેટલાય નવલોહિયા જુવાનો શહીદ થયા. છેવટે ૧૯૬૦ના મે માસની પહેલી તારીખે ગુજરાત અલગ રાજ્ય બન્યું.

વનરાજ ચાવડાએ અણહિલવાડની સ્થાપના થકી આધુનિક ગુજરાતનું બીજારોપણ કર્યું ગણાય. ચાવડાઓ, સોલંકીઓ અને વાઘેલાઓના શાસનકાળમાં જે પ્રદેશ સીમાંકિત થયો હતો લગભગ તે જ પ્રદેશ બાર સૈકા પછી (ઈ.સ. ૭૬૫ થી ઈ.સ. ૧૯૬૦) તેની મૂળ અસ્મિતા-ઓળખરૂપે આકાર પામ્યો હતો. ગુજરાતના મૂક લોકસેવક, સંતપુરુષ પૂ. રવિશંકર મહારાજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમમાં હૃદયકુંજના પવિત્ર સ્થાને ગુર્જર નર-નારીઓની ઊછરતી પેઢી સમક્ષ, શાસકોને પ્રજાકલ્યાણનાં કાર્યો કરતા રહી પ્રગતિ સાધવાની તેમજ દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કરવાની શીખ આપી, નવનિર્મિત ગુજરાત રાજ્યનું મંગલ ઉદ્‌ઘાટન કર્યું. એ શકવર્તી ઘટનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં અત્યારે વાતાવરણમાં સ્વર્ણિમ ગુજરાતની હર્ષોલ્લાસ ભરી ઉજવણી ચાલી રહી છે.

કવિ નર્મદે ‘જય ! જય ! ગરવી ગુજરાત !’ નામના ગુજરાત વિષયક રચેલા રાષ્ટ્રભક્તિના ગીતમાં ભવિષ્યવાણી કરી છે -

‘તે અણહિલવાડના રંગ
તે સિદ્ધરાજ જયસિંગ
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શુકન દિસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત !’
જન ઘૂમે નર્મદા સાથ,
જય ! જય! ગરવી ગુજરાત !’

ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય બન્યા પછી તેની પછાતપણાની રાત્રિ વીતી ગઈ છે. ગુર્જર પ્રજાનો પુરુષાર્થ સર્વક્ષેત્રોમાં પ્રશંસનીય રહ્યો છે. આજે ગુજરાતને તેની આગવી ઓળખ પ્રાપ્ત થઈ છે. કવિ કહે છે તેમ ‘અધિક સરસ રંગ’ ગુજરાત પર ચેતનાના નવસંચરણરૂપે રેલાઈ રહ્યો છે. શુભશુકન થયાં છે. એનો મધ્યાહ્ન દીપી ઊઠ્યો છે. શતાબ્દી તરફની આ પ્રજાની ગતિ-પ્રગતિમાં ફેરવાઈ રહી છે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે તે સૌએ આ માતૃભૂમિને વધુ સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ કર્યો છે, કાર્યો આરંભ્યા છે. ગુજરાત દેશનું અગ્રિમ હરોળનું રાજ્ય બન્યું છે. આપણે કવિ ચંદ્રવદન મહેતાની કાવ્યપંક્તિ ગાઈશું કે : ‘લીધો જનમ ને ગમે જ થવું રાખ આ ભૂમિમાં.’ આ આપણા સૌનો સંકલ્પ બની રહો. •

---

૧૭, તુલસી ટાઉનશિપ, બાકરોલ-વડતાલ રોડ,
બાકરોલ-૩૮૮૩૧૫. જિ. આણંદ.

*॥ નવલિકા ॥*

## *ઠીબ*

*પૂજાભાઈ પરમાર*

ઉનાળાની વહેલી સવારે નહોતું ઊઠવું તોય ઊઠવું પડ્યું. સ્વગોકિત જેમ બોલી. 'અટાણમાં જગાડતી ન હોય તો ?' પણ પછી તો જોવાની મજા પડી. લંગડી કાબર ક્યાંકથી ઊડતી આવી, સીધી શકોરા પર. બે દિ' પેલા જ શકોરું બાંધ્યું હતું. હડસેલાથી પાણી જમીન પર વેરાયું એ સાથે ડાળીય હલી. એ પોતે જ પરમ દાડે પરબ બાંધી આવી હતી. ઠીબમાં પાણી રેડ્યું એટલીવારમાં પંખીડા ધસી આવ્યા હતાં. ચાંચ બોળે ને ઊંચું જુએ. વળી ચાંચ બોળે ને ફરી ઊંચુ જુએ. ઠીબના કાંઠા ઉપર બરાબરના નોર ભરાવી ખાત્રી કરી લે- બિલાડું ક્યાંકથી આવી, તરાપ તો નથી મારવાનું ને ? ગઈકાલે જ બિલાડાએ દેખા દીધા હતા. 'હડ' કર્યું ન હોત તો એકાદ પંખી મોમાં ઘાલી ઉપાડી જાત.

'મા એ વહેલી જગાડી તે ઠીક કર્યું.' એ સ્વગત બોલી. 'અટાણમાં પંખી પાણી પીવા શકોરા ઉપર ટોળે વળી ગયાં છે. બિચારી લંગડી કાબરને લાગ નથી લેવા દેતા. ક્યાંકથી બિલાડું આવી ચડશે તો ? હોઈયા ! એટલા માટે જ ખોળામાં પાણકા ભરી રાખ્યા હતા. બિલાડું ભળાય એ ભેળો ઘા. જાય ભાગ્યું.'

'હવે રેંટિયે બેસ. ક્યું જગુની ઠીબ હામે જોઈ રઈ સે. વાણો ખૂટી ગયો સે. બોબીન મંડ ભરવા.' માએ કહ્યું : એટલે બોચલો માથે ઠીક કરતી રતન રેંટિયા આગળ પલાંઠીવાળી બેસી ગઈ. નજર તો લીંબડાની ડાળી કોર જ.

'ઠીબમાં પાણી નાખ્યું જોહે ?' સ્વગત બોલીને એ પાણીનો મોરબી ઘાટનો કળશ્યો ભરી આવી. થડ ઉપર અંગૂઠા ભરાવી ઉપર ચડી ગઈ. ઠીબમાં પાણી રેડ્યું. આઘાપાછા થતા પંખી પાછા ટોળે વળી ગયાં. ચાંચ બોળતા જાય ને ઊંચે જોતા જાય. હોલા, કબૂતર, ચકલા. કાળોકોશી તો સહુની મોર્ય, આમતેમ ઝૂલતું ઊડાન ભરતું આવે. લંગડી કાબરને ઠણક મારે, એકકોર કરી દે. બિચારીએ એકવાર ચાંચ બોળી ન બોળી હડસેલાઈ જાય. રતનને દયાય આવે ને કાળિયા કોશી ઉપર દાઝેય ચડે. એનેય પાણકો મારીન ઉડાડી દઉ. મનમાં થાય ત્યાં માલીકોરનું હૈયું કકળી ઊઠે. 'ના, પાણકો ક્યાંક ઠીબ ઉપર વાગ્યો તો ? તો ઠીબ ફૂટવાની સાથે હંધુય પાણી ભોંય પર અન પંખી તરસ્યા.'

અંદરથી માનો અવાજ આવ્યો. બોબીનને કેટલીક વાર ? તારા બાપને તો એટલું જ જોઈશી. હમણાં સાળ છોડી મંડશે નદી કોર્ય હેંડવા. ભલી નદી ને ભલું શંકરનું દેરું. હાથ જોડી કેટલીક વાર ઊભો રે'શે ને આવશે વાંભ દિ' ચડ્યા પછી. ઈને તો ઉતાવળ નથી. ઉતાવળ સે કાળીદાસ ભહવારને. માંડ કરગરી તંયે એક પેટી આલી. આઠ દિ'માં વેજુ વણી આપવાનો વદાડ. આ બીજા આઠ દિ' ઉપર થ્યા તોય અરધું વેજુ વણાયું નથી. તારો ડોહો હમણાં આવીન ઊભો રેહે. શું જવાબ દેશ ? ઈમા તું બોબીન ભરવામાં મોડું કરે. રાંકની, ઉતાવળ રાખ. રેંટિયો ફેરવતી નથી ન એકલી ઠીબ સામું નજર માંડી બેઠી સો. પંખી નંઈ ઊડી જાય.'

વણકર નારણ ભગતને રતન પંદર વર્ષ પહેલાં નદીએથી નહાઈને આવતા મળી હતી.

'આંય એકલી શું કામ બેઠી સો બેટા ?' પૂછ્યું હતું ભગતે.

'મને મારા મા-બાપ આંય એકલી મૂકીને હાલ્યા ગ્યા.' બે વર્ષની છોકરી રડવા લાગી હતી.

'અરેરે ! આટલીક છોડીને મૂકી ચાલ્યા ગયા એમને જીવ કેમ હાલ્યો હશે ? રો મા બેટા, લાવ તને તેડી લવ ? એમ કહી નારણ ભગતે હાથ લંબાવ્યા હતા.'

છોકરી સંકોચાઈને બોલી હતી, 'હં, હં, દાદા, મને અડશો નહીં. અભડાઈ જાહો. હું...'

'હરિજન છો એમ જ ને ? હુંય વણકર હરિજન છું. પાણકોરા વણું છું. હાલ અમારી હારે. એક રોટલાના બેને બદલે ત્રણ ભાગ કરીન ખાશું.' એમ કહીને નારણ ભગતે છોકરીને તેડી લીધી હતી. બૈરી જીવીએ કકળાટ કરી મેલ્યો હતો. 'આ' ઊતાર ક્યાંથી ઉપાડી લાવ્યા ? બેનું પૂરું થાતું નથી. તો આ ત્રીજું ? મૂકી આવો જ્યાંથી ઉપાડી લાવ્યા'તાં ન્યાં ?

'એવું ન બોલ જીવી. ઈનો કણુકો આંય લખ્યો હશે. મૂઠ્ઠી ધાન ખવડાવતા આપણે નંઈ મરી જાઈ.'

આમ રતન સોળ સત્તર વર્ષથી નારણ ભગત અને જીવી સાથે રહેતી હતી.

ભગતનો જીવ ધરના વણાટ કરતાં ભક્તિમાં વધારે રહેતો હતો.

રતનમાં જુવાની ભરાવા લાગી હતી. પણ ભાન તો રમતિયાળ બાળક જેવી હતી. ઉજળી હતી ધોળા પાણકોરા જેવી.

'લ્યો, આ કાળીદાસ ભહવાર એકો લઈન આવી પૂગ્યો. આલો જબાપ. વેજુ વણી આપવાના વદાડમાં પનર દિ' કર્યા. હવે સૂતરની નવી પેટી નઈ આલે આ કાળિયો : જીવી બબડી.

કાળીદાસ ભાવસાર વણેલા વેજા લેવા એકો લઈને ભગતને આંગણે આવી ઊભો. સીધી જ નજર બોબીન વીંટાળતી રતન પર. રતનની નજર ઠીબ કોર મંડાયેલી હતી. તાજા ફૂલના ગોટા જેવી રતનને જોઈ વિધૂર કાળીદાસ ભાવસારના મોંમાંથી લાળ સરી પડી. ઊભો ઊભો ચકળ-વકળ નજરે જોવા લાગ્યો.

'ભગત, બહાર આવો. આ બીજું અઠવાડિયું પૂરું થયું. અઠવાડિમાં એક પેટી સૂતરનું વેજુ વણી આપવાનો વદાડ. બીજું અઠવાડિયું થયું તોય હજી વેજુ પૂરું વણ્યાનો નેઠો નથી. આ ફેરે સુતરની નવી પેટી વણવા નહીં આપું.'

'એવું ન કરો શેઠ. પૈસા ન આલો તો બાચકું દાણા આપતા જાવ. કાલુખાથી ભૂખ્યા સઈ.' જીવી કરગરવા લાગી.

'તમે ક્યાં કોઈનું કામ કરો છો તે આમ કરગરો છો ?'

'શેઠ, ક્યું કામ તમે સીંધ્યું ન અમે નો કર્યું ઈ તો કો' ?'

'બધુંય કહેવા બેસુ તમને ?'

'કો' તો ખરા. અમને ખબર પડે.

'હું એકલો, ગારમાટીવાળું ઘર. પંદર દિવસ પહેલાં કહ્યું હતું - ઓસરી ઓરડા લીંપી, ધોળી જાઓ- આવ્યા ?'

જીવીએ જીભ કાઢી, બે દાંત વચ્ચે દબાવી. ગભરામણ થઈ આવી.

સાળમાંથી બહાર આવી ભગત બોલ્યા. 'કેદુનો કવ સું મા દીકરીને. પણ જીવી ક રતનને એ યાદ જ આવતું નથી.'

'તમે વચમાં કચકચ નો કરો' જીવી ભગત ઉપર તાડૂકી.

'તને ભાન ન પડે પણ આ રતનીએ તો એ યાદ રાખવું જોઈને ? ધબ કરતાક વચમાં આવી ભગત બોલ્યા.'

'બાપજી, ઈની સામું ન જોવો. વેણુ વણાઈ રેશે એટલે મા-દીકરી વેજળકા આવી જાશું. અટાણે બાચકું મૂકતા જાવ.'

'નક્કી ?'

'નક્કી.'

કાળીદાસ ભાવસારે પાંચ કીલોનું ઘઉંનું બાચકું કાઢી આપ્યું. કાનેથી બીડી ઉતારી, બાકસ પર ઘસરકો મારી બીડી સળગાવી. થોડીવાર રતનના ઉજવળ દેહ ઉપર નજર લપકારી. ગરમાવો આવી ગયો. ટટ્ટુને સોટી મારી. એકો ઊતરી ગયો નેળમાં...

પેટી સુતર વણાઈ જતાં વેજુ બહાર આવ્યું. મા દીકરી ચાલી પગપાળા વેજળકા. 'પગ ઉપાડને મોઈ.' જીવીનો ગુસ્સો નેળ આવતા બેવડાયો. 'હાંજે તો પાછું વળી જાવું સે શેઠનું ઘર લીંપી ધોળીન.'

રતને પગ ઉપાડ્યાં પણ એનો જીવ તો લીંબડે ટીંગાતી ઠીબમાં હતું. ગઈકાલે જ બિલાડો રઘવાયો થઈને કબૂતર પર ત્રાટક્યો હતો. બચારું કબૂતર પાંખ ફફડાવતું છૂટવા જાવા મારતું રહ્યું ને બિલાડો નેળમાં ઊતરી ગયો હતો. ખોળામાં મૂકેલા પાચીકામાંથી એક ઉપાડી ઘા કર્યો હતો. પણ જથા કામ લાગી નહોતી. આજે પણ આમ જ. લંગડી કાબર મોમાં આવી જ ગઈ હશે. બિચારીનું કોણ?

વેજળકા આવી ગયું. સામાન આડોઅવળો કર્યો. કાળીદાસ ભાવસાર રતન આગળ આવી, આમ ચીંધે, તેમ ચીંધે પણ અબૂધ રતનને શું ખબર કે ઊંડી નજરમાં કાળીદાસ એના વિકસતા શરીરમાં આસવના ઘૂંટ ભરી રહ્યો છે. શેઠ તો મનમાં આમ ઉલેચાય આમ ઠલવાય. એમ કરતાં કરતાં શેઠે રતનની પીઠ ઉપર હાથ મૂક્યો.

રતન સંકોચાઈ આઘી ખસી. 'હંઅ, હંઅ, શેઠ મને અડો મા. અભડાઈ જશો.'

પણ માને કોણ ? શેઠનું મન ઠેકાણે નહોતું. રતન મૂંઝાવા લાગી. પાંજરામાં આવી ગઈ એવું અનુભવવા લાગી. ઘાઘરીનો કછોટો વાળ્યો હતો. ભરાવદાર ઉજળી પીંડી તબકી રહી હતી. શેઠે પીંડી ઉપર હાથ પસવાર્યો ને રતન છળી મરી. એરું પગે વિંટળાઈ વળ્યો હોય એવું લાગ્યું.

ભંડકીયું ધોળવા ઊંડી ઉતરી ગયેલી માને સાદ પાડ્યો. 'મા'

કાળીદાસ આઘો ખસી ગયો. જરા તીખી નજરે રતનના ગોળમટોળ ચહેરાને અવલોકી, કડવું બોલ્યો. 'આમ કરીશ તો વણવાની એક પણ સુતર પેટી તારી માને નહીં આપું. ભૂખે મરશો ત્રણે જણ.'

શેઠ સકંજામાં લેવા કરે છે એટલું તો રતન જાણી ગઈ.

શેઠે પોલકા ઉપર હાથ મેલ્યો. એના સ્પર્શનું ઉન્માદી પૂર શેઠના આખા શરીર ઉપર ફરી વળ્યું હતું.

રતન ઝડપ કરીને મા આગળ ભંડકિયામાં પહોંચી ગઈ.

મૂંગી મૂંગી કામ કરવા લાગી. 'મા, ઉતાવળ રાખને. ઘરે જાવું સે.'

માને શેઠની આવી ક્રિયાની ખબર જ નહોતી. શેઠનો રસિલો સ્પર્શ એ એકલી જ જાણતી હતી. માને તો મનમાં લગીરેય ફડકો નહોતો. રતન એકલી એકલી મનમાં સોરાતી હતી. કહે તોય કહે કોને ? દાઝ્યા ઉપર ડામ જેવા માના શબ્દો છૂટે 'આંય શું ગુડાણી?' જા બાર્ય. ઓસરી લીંપી નાખ.'

સાંજ પડી તોય ખળાવાડ જેવડું ઘર પૂરું ન લીંપાયું.

'પછી કે દિ' આવશો ?' કાળીદાસે પૂછ્યું.

'બે દિ' કેડ્યે.'

'નહીં આવો હો.'

'આવશું, બેય મા દીકરી આવશું.'

'પેટી તે દિવસે આપીશ.'

'અટાણે આપોને. ભગત વણાટ વન્યા હાથ થોભી બેઠા સે.'

'નહીં એટલે નહીં. તમે પાછા ન આવો.' શેઠે ના પાડી એટલે મા દીકરી ઓશિયાળા મોંએ ઘરે આવી.

ખાટલામાં પડી જીવી ઊંહકારા કરતી હતી. 'મન કોક બીજી ગોદડી ઓઢાડો. ટાઢિયો સડ્યો સે. વોય માડી રે.'

ફાનસ ભડક ભડક થતું હતું. ભગત ઊભા થયા. ઈસ્કોતરા ઉપરથી ગોદડું ખેંચી, જીવી ઉપર નાખ્યું. પછી ગારમાટીના દેશી નળિયા વાળા ઘરના કાણામાંથી સુદ ચંદ્રના રેલાઈ આવતા કિરણોના રેલાને એકીટશે જોતા રહ્યા. જીવી તાવમાં હમહમતી, બકવાટ જેવું બોલતી હતી. 'હાય રે ! આ કાળોતરો ક્યાથી આવ્યો ? હવાર પડ્યે ભહવારનો એકો આવહે. ગઈકાલ જાવાનું હતું એનું બાકી રહી ગયેલું ઘર લીંપવા. રોયો આવતોકને ધધલાવશે. 'વદાડ પરમાણે કીમ નો આવી જીવી ! શું જબાપ આલીશ ઈને ?'

જીવીના કણસાતા આવા બોલથી રતન જાગી ગઈ હતી. એ સ્વગત બોલી 'ઈની આડો હડમાન ડાડો-આડો એરુ ઊતરે.'

પણ કાળીદાસ ભાવસાર આડો હડમાન ડાડો કે એરુય ન ઊતર્યો. સવાર સવારમાં રેંટિયો ઘૂમાવતી રતન બોબીન ભરતી હતી એ ટાણે એકો આંગણે આવી ઊભો રહ્યો. 'ક્યાં ગઈ જીવી ? ક્યાં ગઈ રતની ? ગઈકાલ આવવાના હતા ને વેજળકા. કેમ ન આવ્યું મા દીકરીમાંથી કોઈ ?'

રતન ફડકી ઊઠી. 'મા તો ટાઢિયા તાવમાં હમહમે સે. ક્યાંક મને એકલીન મોકલશે તો...'

ઉપર પંખીઓ કલબલતા હતા. ઠીબનાં કાંઠામાં નોર ભરાવી. હૂંસાતૂંસી કરતા ઠીબને આખા શિંકામાંથી હલબલાવી મૂકતાં હતાં. પાણી જમીન પર ઢોળાતું હતું.

બિલાડો બરાબરનો હળી ગયો હતો. પાણકા ખોળામાં ભરી રાખ્યા હતાં. આજ તો એક ઘાએ હાળાનું માથું ફોડી નાખું. આજ તો મેલું જ નંઈ. પણ આ હાળો મારા બાપનો હાળો કાળીદાસ ભહવાર ક્યાંથી ગુડાણો આંય હવાર હવારમાં કાહટી કરવા ?

કાળીદાસ ભાવસારના અવાજથી જીવી તાવમાં હમહમતી, હડબડિયું લેતી ઊભી થઈ. મુખથી બોલી, 'બટા, રતન હાલ્ય ઊભી થા. વેજળકા જાઈ મા દીકરી અને લીપી-ધોળી આવીઈ આનું ઘર. નંઈતર નઈ આલે સુતરની પેટી કે ઘઉંનું બાચકું આ રોયો.'

હડબડિયું લેતી જીવી આંગણામાં આવી ઊભી રહી. હાથ ઊંચો કરી રતનને કહ્યું : 'ઊઠન અલી.'

એજ ટાણે બિલાડો ઠીબ ઉપર ઝપક્યો. જાવું માર્યું લંગડી કાબર ઉપર. કાબર તો મોંમા ન આવી પણ ઊડીને પડી રતનના ખોળામાં ! આખીય ફફડતી હતી. નાનકડું હૃદય ધડક ધડક થતું હતું. રતને એની પીઠ ઉપર હાથ પસવાર્યો. 'બિચારી !'

ડાળિયોના ઝૂંડમાં હજીય બિલાડો આંખો તગતગાવતો હતો. સરતો સરતો ઠીબ તરફ આવી રહ્યો હતો. માએ ધ્રૂજતા અવાજે કહ્યું : ઊઠને અલી.'

'તું એકલી જા.' રતન બોલી.

જીવીના દેહમાં વવરાટ ઉપડ્યો. 'જોતી નથી રાંડ ! તાવમાં આખીય ધ્રૂજું સવ. દરિયા જેવું ઘર ભર્યા તાવમાં એકલી કંયે લીંપી ધોળી લઉં ? ઘરમાં દાણોય નથી. 'ખાશું સું ?' બોલતી જીવીએ બીજું હડબડિયું ખાધું. પગ જમીન ઉપર ટકતો નહોતો. હમણા પડી કે પડશે એમ થતું હતું.

રતને કહ્યું : 'તું એકલી જા હું નથી આવતી ?'

'નથી આવતી ઈમ કેસે રાંડ ? લે આ.' કહેતી જીવીએ રતનની પીઠ ઉપર બે ત્રણ ધબ્બા મારી દીધાં.

હમહમતા તાવમાં જીવી હેઠી બેસી એટલી વારમાં બિલાડો છેક ઠીબ આગળ આવી ગયો. એકાદો પંખીને ઝપટમાં લેવા તાક માંડી રહ્યો હતો.

રતને ખોળામાં મૂકેલો મોટો પાણકો ઉપાડ્યો ને સોઈ ઝાટકી

ફેંકયો બિલાડા કોર. પાણકો બિલાડાના માથામાં ન વાગ્યો પણ ઠીબના કાંઠા ઉપર ! ઠીબ ફૂટી અને એક ચોચલું દે જીવીના માથા પર ! લોહીની ધાર વછૂટી !

'વોય, વોય, માડી રે ! મારું માથું ફોડી નાખ્યું. રાંડ, કભારજા, હવ કીમ કરી જાવ વેજળકા ? શેઠ, આને ઉપાડો અન નાખો એકામાં. કીમ આવું આવા તાવ અને લોઈ દદડતી હાલતમાં.'

કાળીદાસને તો આટલું જ જોઈતું હતું. એણે અને હમહમતા તાવ અને દર્દથી પીડાતી જીવીએ બે-ત્રણ વધારે ધબ્બા મારી, રતનને ઉપાડી નાખી એકામાં.

રતનથી આવી અગનજવાળા વેઠાતી નહોતી. ટૂંટિયું વાળી બેઠી એકામાં. આંખોમાંથી આંસુઓનો ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. •

*|| નવલિકા ||*

## *સગો દીકરો !*

***વ્રજેશ આર. વાળંદ***

સર્વત્ર શૂનકાર વ્યાપ્યો હતો. રાજમાર્ગો વેરાન ભાસતા હતા. એકલ દોકલ, છાના છપના વાહનની ઘરઘરાટી શૂનકારને સહેજસાજ ક્ષુબ્ધ કરી નાખતી, પણ પછી પાછી એ જ ભેંકાર નીરવતા ! સમગ્ર નગરને- કહેવાતી સંસ્કાર નગરીને- અશાંતિ અને અજંપાનો ભોરિંગ આભડી ગયો હતો. જીવન ગત્યાવરુદ્ધ થઈ સાવ સ્થગિત થઈ ગયું હતું. અફવાઓની મોસમ પૂરબહારમાં ખીલી ઊઠી હતી. અમુક સ્થળે ત્રણ લાશો પડી છે... દરવાજા પાસે...નું ગેરેજ બળીને ખાખ થઈ ગયું છે. ...ચોક પાસે... પ્રતીકવાળી બે રીક્ષાઓ ભડકે બળે છે' વગેરે વગેરે...

બીજે દિવસે સવારે આઠથી બાર સંચાર બંધી હળવી કરવામાં આવી હતી. મારી સોસાયટીના લોકોનું ટોળું નાકા પર ટોળ-ટપ્પા કરી રહ્યું હતું. હું પણ ચંપલ ચડાવી, કુતૂહલવશ ત્યાં પહોંચી ગયો. ટોળું જરા ગેલમાં હતું. 'આ વખતે તો એમને બરાબરની ખબર પાડી દીધી છે !' બેટ્ટાઓ દસ વર્ષ સુધી ઊભા નહીં થાય !' 'અરે, હવે એ લોકો ચૂં કે ચાં શું કરે ! આવી જ બન્યું સમજો !' 'જોતાં નથી ! નાના નાના નગરોમાંય જુવાળ ઊઠ્યો છે તે ?' બધાં વાતોમાં મશગૂલ હતા. મને ખબર હતી. એક જ રાડ પડે તો આમાંનો એકેય શોધ્યો ન જડે ! દૂરથી પોલીસ-વાનનું સાયરન સંભળાય કે બધા આંખના પલકારામાં- બિલાડીને જોઈને મૂષક દળ ભાગી છૂટે એમ આખું ટોળું એક બીજા પર પડતાં આખડતા છૂ થઈ જતું. સબ સલામતની સ્થિતિ સર્જાતા પાછું ફૂટી નીકળતું. આ બધાં સરહદ પર તોપ ફૂટે ત્યારે શેરીમાં છાતી કાઢીને ચાલનારા હતા. બધાય વાતશૂરા. હું પણ એમાંનો એક ને ! વાતો બડી બડી પણ... જવા દોને !

જોકે ઊંડે ઊંડે મારું પશુત્વ પણ મૂછે તાલ દઈ રહ્યું હતું. 'આ વખતે અગાઉના બધાં જ રમખાણોનું આપણે વ્યાજ સાથે સાટું વાળી દીધું છે. સો સુનાર કી તો એક લોહાર કી.' બીજી બાજુ મારું જાગૃત, સંવેદનશીલ હૈયું મને ટપારી રહ્યું હતું : 'નિર્દોષ, નિરુપદ્રવી નાગરિકોના રક્તથી વેરનું ખપ્પર ભરીને શી સિદ્ધિ હાંસલ કરવી છે ? ઘરોમાં બેઠેલાં ને મોતના ઓથાર હેઠળ ફફડતાં, જીવન માટે દયાની ભીખ માગતા લાચારોને ઘરવિહોણા કરી, એમને રહેંસી નાખવા એ ક્યા પ્રકારની મર્દાનગી છે ?' મારું હૃદય કંપી ઊઠ્યું. ખરે જ પ્રતિ હિંસાની વેદી પર માનવીનો નહીં, માનવતાનો બલિ ચડાવાઈ રહ્યો છે. કુદરત તરફથી માનવીને પ્રાપ્ત થયેલા નૈસર્ગિક પ્રેમ, દયા, સદ્‌ભાવના જેવા મહામૂલા ઉપહારોને આપણા વેરાગ્નિએ ભસ્મિભૂત કરી નાખ્યાં છે.

મને કમકમાં આવી ગયાં. કેટલાક દિલોજાન દોસ્તોની સ્મૃતિ

હૈયે ઊભરાઈ રહી, ને આંખમાંથી આંસુ બની વહેવા લાગી. 'સારે માઠે પ્રસંગે મને ભારમુક્ત કરવા પોતે પોતાના શિરે મારો ભાર સ્વેચ્છાએ લઈ લેનારા એ દોસ્તો શું કરતા હશે ? કેવી દહેશતમાં જીવતા હશે ? નિજ ધર્મ અને કોમ કાજે કલ્યાણકારી અને સર્જનાત્મક પ્રવૃત્તિ કરવા સજ્જ રહેનારા, સાથે સાથે માનવ મૂલ્યોની જતનથી જાળવણી કરનારા, ગજબની ધાર્મિક સહિષ્ણુતા દાખવનારા, મારા જિગરના એ ટુકડા સલામત તો હશે ને ?' મન કકળી રહ્યું હતું. 'શું કરતો હશે મારાથી પંદરેક વર્ષ નાનો મારો વિદ્વાન ગુરુ? એ સ્નોહાળ અરૂઝદાં (છંદજ્ઞ), એ ભાષા તજ્જ્ઞ ! એક માતા બાળકને શીખવે એવા જતનથી એણે મને ગઝલના છંદો શીખવ્યા છે ! કેવા નિઃસ્વાર્થભાવે એ મારી ક્ષતિઓ તરફ અંગૂલિ-નિર્દેશ કરે છે ! ગઝલ-કર્મી તરીકેની મને મળેલી થોડી ઘણી નામનામાં એનો સિંહફાળો છે. ને ગુજરાતી ઉર્દૂ ગઝલના નામી શાયર-એના સાક્ષર પિતા ! ગઝલ સાધના કાજે સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર મારો એ અલગારી બેંકર મિત્ર ! મારા આત્મીય સ્વજન જેવા એ ગઝલજ્ઞ સ્કૂલ-પ્રિન્સીપાલ ! ...ને પેલો...!, ને પેલા...! ને પેલા...!, શું કરતાં હશે એ બધાં ! મારું હૈયું હાથ ન રહ્યું. હું ટોળામાંથી દૂર સરીને નાકે આવેલા, એક અર્ધ ખૂલેલાં પ્રોવિઝન સ્ટોરમાં ઘૂસી ગયો. સ્ટોરકીપરના 'પધારો સાહેબજી'ના આવકાર વચનોનો પ્રતિભાવ દાખવવાની કે એની પરવાનગી લેવાની ઔપચારિકતા નેવે મૂકી મેં એના ફોનનું રિસીવર ઉપાડ્યું. અધીરાઈપૂર્વક મારી તર્જનીનું ટેરવું ડાયલ પર રમાડવા લાગ્યો. 'થ્રી... થ્રી... ટુ... ... ...' યહ નંબર અભી અસ્થાયી રૂપ સે કામ નહીં કર રહા હૈ. હું વિહવળ થઈ ગયો. બીજો નંબર ટ્રાય કર્યો. 'ફાઈવ... સીક્સ... ફોર... ... ... પ્રત્યુત્તરમાં લાંબો એન્ગેજ્ડ ટ્યૂન. હતાશ થઈ બીજો એક નંબર ટ્રાય કર્યો.' 'ફાઈવ... સીક્સ...સીક્સ... ... ..., ફરી એન્ગેજ્ડ ટ્યૂન. મને એ નિર્જીવ ઉપકરણ પર ક્રોધ આવી ગયો. મારો જન્મજાત શત્રુ હોય એમ અંગારા વરસાવતી આંખોથી હું ફોનને જોઈ રહ્યો.' 'સાહેબજી, સીટીની મોટા ભાગની લાઈનો ડેડ છે !' સ્ટોરકીપર પોતાનું આ વાક્ય પૂરું કરે એ પહેલાં હું બહાર નીકળી ગયો ને ખિન્ન હૃદયે પાછો ટોળામાં ભળી ગયો, ને ટોળાની ધડમાથા વગરની શેખીઓ, અફવાઓ અન્યમનસ્ક થઈ સાંભળવા લાગ્યો. હું પુનઃ ટોળા સાથે 'ટોળું' થઈ ગયો. હવે હિંમત કરીને આજુબાજુની સોસાયટીવાળાઓ પણ આવી પહોંચ્યા હતા. ટોળું મોટું થતું ચાલ્યું. શોરબકોર વધતો ગયો. આક્રોશ વચનોની ઝડી વરસી રહી. વાતાવરણ અજ્ઞાત બોજથી ભારેખમ બની ગયું. કેટલાકે અત્ર તત્ર પડેલા પથ્થરોનો ઢગલો કરવાની પ્રવૃત્તિ આદરી. કેટલાક મારા જેવા નિષ્ક્રિયજનોને પાનો ચઢાવી રહ્યા હતા : 'હાજર સો હથિયાર. પહેલો ઘા રાણાનો, મારે એની તલવાર !' હું હતપ્રભ થઈ ગયો. આમાં કોઈ ગા વાળે એવો અર્જુન મને ન જણાયો. અચાનક દૂર ધૂમ્રસેરો અને ભડકા દેખાવા લાગ્યા. 'અરે, આ તો પેલા...ની કેબિન બળે છે !' હર્ષમાં આવી તાળી પાડતાં એક જણ બોલી ઊઠ્યો.

...ત્યાં જ ધૂમાડાના ગોટેગોટાને ચીરતી એક ત્રિચક્રી યાનની-ઘરઘરાટી સંભળાઈ. ટોળું ચોકન્નું થઈ ગયું. સૌ એક આંખ, એક કાન થઈ એ દિશામાં તાકી રહ્યા. કોઈએ નજીક જવાની ઉત્સુકતા દાખવી નહીં. થોડી જ વારમાં એક રીક્ષા ટોળાથી સહેજ દૂર ઊભી રહી ગઈ. ટોળામાં ગુસપુસ થવા લાગી. એકે મારા કાન પાસે મોં લાવીને ધીમેથી કહ્યું, 'સર, તમારાં ડોટર લાગે છે !' 'હેં... એ ? શું...ઉઉ ?' હું રઘવાયો બની રીક્ષા તરફ જોવા લાગ્યો. ખરે જ એમાંથી મારી પુત્રી અને સાત વર્ષનો મારો દોહિત્ર ઊતરી રહ્યા હતાં. મેં ઝડપભેર એમની તરફ ડગ માંડ્યા. પચાસેક ડગલાં ચાલીને ત્યાં પહોંચું એ પહેલાં મેં કેટલાક અનુમાનો તારવ્યા હતાં. 'મારી પુત્રી આ શહેરના છેક બીજા છેડે એક અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં રહેતી હતી. જમાઈ ઓફિસના કામે બહાર હતા. મારી પુત્રી સંચારમુક્તિની સમયાવધિનો લાભ લઈ, અત્યંત સુરક્ષિત ગણાતા અમારા વિસ્તારમાં આવી પહોંચી હતી. એને અને દૌહિત્રને હેમખેમ જોઈ મારા જીવમાં જીવ આવ્યો.' 'સાહેબ ! બહેન અને ભાણિયાને ખૂબ હિફાજતથી લાવ્યો છું. ચિંતા ન કરશો !' અત્યંત નમ્રતાપૂર્વક બોલાયેલા શબ્દોના ચિર પરિચિત સ્વરે મને ચમકાવી દીધો. જોયું તો એક લબરમૂછિયો, પાતળો, લાંબો યુવાન નમસ્કૃત મુદ્રામાં ઊભો હતો. એના તરફ સહેજસાજ પ્રશ્નસૂચક દૃષ્ટિ કરતા જ હું એને ઓળખી ગયો : 'અરે, આ તો મારો એક વખતનો અતિપ્રિય વિદ્યાર્થી સ...!' 'હા, હા, એ જ છે ! મેં જ એની રીક્ષાની લોનના પ્રથમ જામીનદાર તરીકે સહી કરી હતી.' હું કાંઈ બોલવા જાઉં એ પહેલાં જ એણે નાક પર આંગળી મૂકી, આંખથી જ ચૂપ રહેવાનો મને નમ્ર સંકેત કર્યો. હું પરિસ્થિતિ પામી ગયો. પૈસા આપવા પર્સ ઉઘાડી રહેલી મારી પુત્રીને એણે ખૂબ નરમાશથી કહ્યું : 'રહેવા દો બહેન ! કોઈ ભાઈ પોતાની બહેન પાસે પૈસા લે ખરો ?' અવાક

થઈ હું એને જોઈ રહ્યો. મનમાં કેટલાય પ્રશ્નો સળવળતા હતા. 'મારી પુત્રીને એ ક્યાં મળ્યો હશે ? અત્યંત સંવેદનશીલ વિસ્તારોમાંથી, ભારેલા અગ્નિ જેવી શીઘ્ર સ્ફોટક પરિસ્થિતિમાં મારી પુત્રીને એ હેમખેમ અહીં સુધી કેવી રીતે લાવ્યો હશે ?' એણે રીક્ષા ચાલુ કરી. રીક્ષા પાછી વાળતી વખતે એણે કહ્યું : 'મારા મામાનું ઘર બહેનના વિસ્તારમાં જ છે. હું એમને મળવા ગયો હતો. કર્ફ્યુને કારણે બે દિવસથી ત્યાં ઘેરાઈ ગયો હતો. આજે ધીરજ હાથ ન રહી. મામાની આનાકાની અને આજીજીની પરવા કર્યા વિના આ તરફ આવવા નીકળ્યો હતો. બહેન રસ્તામાં જ મળી ગયાં. એ બિચારાં વાહનની શોધમાં આકળવિકળ થઈ, ચકળવકળ આંખે આમ તેમ જોઈ રહ્યા હતાં. અચાનક મારી નજર એમની અને ભાણિયા પર પડી. અનેક સોસાયટીઓ, ગલીઓ, મહોલ્લાઓના આડા અવળા, આંટીઘૂંટીવાળા રસ્તાઓ પર થઈને માંડ અહીં અવાયું !' ને એણે રીક્ષા વાળી લીધી. મને શાબ્દિક કૃતજ્ઞતા પ્રગટ કરવાની તક પણ ન આપી. હું મનોમન એને વંદી રહ્યો.

એની રીક્ષાના પાછળના ભાગમાં એક સાર્વત્રિક અને સર્વસ્વીકૃત સત્ય રજૂ કરતું એક અતિ પ્રચલિત વિધાન મોટા અક્ષરોમાં ચીતરાયેલું હતું. ટોળામાંથી કોઈની નજર એના પર પડી ને એ બરાડી ઊઠ્યો : 'અરે, આ તો... છે !' 'હેં... એ...એ...!' 'હા...હા !'ને એક સામૂહિક સ્વર ઊઠ્યો : 'જોઈ શું રહ્યા છો ? પતાવી દો !' 'હા, હા પતાવી દો !'નો શોર ગુંજી ઊઠ્યો. ઢગલાના પથ્થરો હવે ટોળાના હાથમાં હતા. ટોળું રીક્ષાની સામે આવીને ઊભું રહી ગયું. રીક્ષા ઊભી રહી ગઈ. ટોળાને ક્યાં માથું હોય છે?

અચાનક મારા અંગે અંગમાં આક્રોશ વ્યાપી ગયો. એકાએક શુંય સૂઝયું કે પુત્રી અને દૌહિત્રને એકબાજુ હડસેલી હું રીક્ષા અને ટોળાની વચ્ચે ઊભો થઈ ગયો. છેલ્લા શ્વાસ સુધી નહીં હટવાના અડગ નિર્ધાર સાથે. પ્રોફેસર સાહેબ ! ખસી જાઓ વચ્ચેથી ! એ... છે !' ટોળાનો આક્રોશ આભને આંબી ગયો. મેં સામે કાળી ચીસ નાખી : 'ના, ના એ... નથી ! ટોળું સ્તબ્ધ થઈ ગયું. મારી છાતી ધમણની જેમ ઊંચી નીચી થઈ રહી હતી. શ્વાસ માતો ન હતો. મારામાં અજ્ઞાત પ્રતિકાર શક્તિનો જાણે સંચાર થયો. એ... નથી. એ મારી પુત્રીનો ભાઈ છે ! મારા દૌહિત્રનો મામો છે. એ... નથી પણ મારો એકનો એક સગો દીકરો છે ! સમજ્યા તમે ? મારો સાત ખોટનો દીકરો ! એને મારતાં પહેલાં તમારે એના બાપ, બહેન અને ભાણેજને મારવા પડશે !' મારા અંગમાં અનૂઅનુભૂત કંપન હતું. મારા સ્વરની મક્કમતાએ ટોળાને શું ખુદ મનેય આશ્ચર્યમાં નાખી દીધો. 'ક્યાંથી આવ્યું આટલું સામર્થ્ય મારામાં !' મારી પુત્રી એના પુત્રને લઈ મારી સાથે ઊભી રહી ગઈ. સામે ટોળું હતું. પથ્થર સાથેના હાથ હવામાં તોળાઈ રહ્યા હતા. 'મેં ઈસ પાર યા ઉસ પાર'નો નિર્ધાર કરી લીધો હતો. કેટલાકે રોષ વ્યક્ત કરવા પોતાના પથ્થરો બંધ કેબિનો, અને દુકાનો, તરફ ફંગોળ્યા. આ વિસ્તારના લોકોમાં એક માણસુડા માનવી તરીકે ખરે જ મારી સારી છાપ છે. ને ત્યાં જ પાછળથી આવી રહેલી પોલીસવાનનું સાયરન ગૂંજી ઊઠ્યું. ખલાસ ! ટોળામાં નાસભાગ થઈ રહી. પગ માથા પર મૂકી જ્યાં, જે દિશામાં નસાય ત્યાં સૌ નાસવા લાગ્યા. થોડીવાર પહેલાંનો ઝનૂની જુવાળ ઓસરી ગયો. લાગ જોઈને મારા વિદ્યાર્થીએ, અરે ભૂલ્યો ! મારા દીકરાએ રીક્ષા ભગાવી મૂકી. પોલીસવાન આવતા આવતાં તો માર્ગ સાવ નિર્જન બની ગયો. શિકાર ગળીને સુસ્ત પડેલા અજગરની જેમ શાંત થઈ ગયો. જાણે કાંઈ બન્યું જ નથી. બાર વાગતા પહેલાં જ સ્વયંભૂ અઘોષિત સંચારબંધી પ્રવર્તી રહી. હું પુત્રી અને દૌહિત્ર સાથે સહી સલામત ઘેર પહોંચી ગયો. •

રામાકાકા રોડ, છાણી, વડોદરા-૩૯૧૭૪૦





ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા પોતાની મઢૂલીમાં.

તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. કલામ વલ્લભ વિદ્યાનગર પધાર્યા ત્યારે મુખ્યમંત્રી મોદી સાથે.



ક્યારેક દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ જે કક્ષમાં રહ્યા હતા એ આજે અધ્યક્ષશ્રીની ચેમ્બર છે.



બે મહર્ષિઓનું મિલન : મુખ્યમંત્રીશ્રીના શિક્ષણ સલાહકાર પ્રા.કિરીટભાઈ જોશી સાથે આયુર્વેદ કોલેજમાં



## સો ટચનું સોનું : ડૉ. સી.એલ. પટેલ

ટીના દોશી

પ્રભાવશાળી અને જાજરમાન વ્યક્તિત્વ, પ્રામાણિકતાનો પર્યાય, નખશિખ નીતિમત્તા, નસનસમાં નિર્ભયતા, લોખંડી મનોબળ, ઝંઝાવાતો સામે ઝઝૂમનાર, ધાર્યું કામ પાર પાડવા કૃતસંકલ્પ, ભલભલા પડકારોને પહોંચી વળવાની હૈયે હામ, અવરોધો વચ્ચે પણ અડીખમ તથા સામે પૂર તરવાનું અખૂટ સાહસ...

ના, જુદા જુદા દસ માણસનું આ વર્ણન નથી. એક જ વ્યક્તિના નામ સાથે આ દસેદસ વિશેષણ જોડાયેલાં છે. બોલો, એ કોણ છે ?

છોટુભાઈ લલ્લુભાઈ પટેલ... ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ. ચરોતરમાં, ગુજરાતમાં અને ગુજરાત બહાર ડૉ. સી.એલ. પટેલ તરીકે જ એ જાણીતા છે. લગભગ છ ફૂટની ઊંચાઈ. ચહેરા પર ચમક. આંખમાં તેજ. ઝગારા મારતું લલાટ. કપાળે તિલક. સફેદ વસ્ત્રો અને સફેદ દાઢીમાં પ્રાચીન કાળના ઋષિ જેવા દેખાતા ડૉ. સી.એલ. પટેલ ગુજરાતનું ગૌરવ છે. તેઓ ચરોતર-રત્ન છે. શિક્ષણ મહર્ષિ છે. મેનેજમેન્ટ ગુરુ છે. ન્યૂ વિદ્યાનગરના વિશ્વકર્મા છે. ગુજરાતની સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોના પ્રણેતા છે. જન્મે ખેડૂત અને વ્યવસાયે એન્જિનિયર એવા ડૉ. પટેલ છેલ્લાં સોળ વર્ષથી અત્યંત ખુમારીથી ગુજરાતના સૌથી મોટા શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળનું સફળ સૂત્રસંચાલન કરી રહ્યા છે. કરોડો રૂપિયાનો વહીવટ કરે છે પણ ચારિત્ર્ય અણીશુદ્ધ છે. તેમનાં ઊજળાં વસ્ત્રો પર એક પણ ડાઘ પડ્યો નથી. કથની તેવી કરનીનું અનુસરણ કરતા ડૉ. પટેલનું વ્યક્તિત્વ સો ટચના સોના જેવું છે. તેમની છત્રછાયામાં ચારુતર વિદ્યામંડળની ૪૪ જેટલી સંસ્થાઓ



સતત પ્રગતિ કરી રહી છે. શિક્ષણ ક્ષેત્રની જેમ જ સામાજિક ક્ષેત્રમાં પણ તેમણે કુશળ નેતૃત્વ કર્યું છે અને આજે પણ કરી રહ્યા છે !

'મને નેતૃત્વનો ગુણ વારસામાં મળ્યો છે...' ન્યૂ વિદ્યાનગરનાં લીલાંછમ વાતાવરણની વચ્ચે પ્રકૃતિના ખોળાસમી મઢુલીમાં મુલાકાત આપી રહેલા છોટુભાઈ અતીતમાં સરી ગયા : 'મારા પિતા લલ્લુભાઈએ ગામડી ગામનું મુખીપણું કર્યું હતું. ગામમાં એક કુટુંબનું વંશપરંપરાગતનું મુખીપણું હતું. પણ તેમનો વારસદાર નાની ઉંમરનો હોવાથી લલ્લુભાઈએ મુખીપણું સંભાળ્યું. અંગ્રેજ સરકારના રાજમાં તાલુકા સ્તરે તેમનું ઘણું વર્ચસ્વ હતું. ઘણાનાં કામ કરાવે. સરકાર પણ તેમની રજૂઆતને ધ્યાનમાં લેતી. ગામના આગેવાન હોય તે ગામ આખાનો વહીવટ કરે. વર્ષ દરમિયાન મજૂરીના રેટ નક્કી કરે. અમારા ગામના દાનવીરોએ જમીન દાનમાં આપી હોય. કોઈ જમીન મહાદેવ માટે હોય. કોઈ રામજી મંદિર માટે હોય. ગામમાં તો કૂતરાની પણ દેખરેખ રાખતા. ચોમાસામાં કૂતરાને રોટલા ને શીરો ખવડાવતા. એટલે એની પણ જમીન હોય. આવી બીજી બધી જમીનોનો વહીવટ પણ કરવાનો હોય. એ બધો વહીવટ મારા પિતા કરતા. મહાદેવનો વહીવટ કરવાનો હોય તો શ્રાવણ મહિનામાં બ્રાહ્મણોને જમાડવાની વ્યવસ્થા કરે. એ જ રીતે હોળીનો તહેવાર હોય, બેસતું વર્ષ હોય, રામનવમી હોય કે ગોકુળાષ્ટમી હોય તો પ્રસંગ પ્રમાણે ખર્ચ આપી દેવાનો. મારા પિતા કાયમ કહેતા કે, હું ઘેર પૈસા ના લાવું. ધર્માદાનો એક પૈસો પણ ઘરમાં આવે તો પેટ ચીરીને નીકળી જાય. એ જ રીતે બીજી વાત એ કહેતા કે, આપણે જ્યારે જવાબદારી પર હોઈએ ત્યારે કોઈનું સારું ન કરી શકીએ તો કાંઈ નહીં પણ કોઈના ખોટામાં તો રાજી ન જ રહેવું.'

• • •

છોટુભાઈની સ્મરણશક્તિ અત્યંત તીવ્ર અને તેજ છે. બાળપણની અને શાળાજીવનની ઘટનાઓ આ ઉંમરે પણ તેમની સ્મૃતિમાં હૂબહૂ સચવાઈ છે. પર્યટનમાં જાય ત્યારે ગિરનાર તો ધડધડાટ ચડતા ને ઊતરતા અને માઉન્ટ આબુ બસમાં ગયા હોય તો

પણ ઊતરતી વખતે તો ચાલીને જ અંબાજી સુધી આવતા એનું વર્ણન કરે છે ત્યારે એ ઘટના આપણી નજર સામે બનતી હોય એવું લાગે છે. ફરી એક વાર શૈશવની શેરીઓમાં સરી જતાં છોટુભાઈ કહે છે : 'એ દિવસોમાં વ્યાયામનો ઘણો પ્રભાવ હતો. અમારે ત્યાં અંબુભાઈ પુરાણી આવતા. એ વ્યાખ્યાન આપે ત્યારે નીચે થાળી રાખવી પડતી. એમને યુવાનો માટે એવું લાગી આવતું કે દડદડ આંસુ પડતાં.'

શાળા જીવનનું વધુ એક સ્મરણ વિઠ્ઠલભાઈ સાહેબ સાથે જોડાયેલું છે. એ વિશે વાત કરતા છોટુભાઈ કહે છે : 'અમે લોકો ગામડાંમાંથી આવીએ. દફતર લઈને આવીએ. અમારી પાસે મોં લૂછવાના રૂમાલ ના હોય. એટલે નાક સાફ કરવું હોય તો ખમીસની બાંયથી લૂછીએ. વિઠ્ઠલભાઈ સાહેબ ટકોર તો ના કરે પણ અમારી સામે બાંયથી નાક લૂછવાનો અભિનય કરે. ત્યારથી પિતાના ધોતિયાનો ટુકડો કે બાની સાડીનો ટુકડો ઓટીને અમે રૂમાલ રાખતા થઈ ગયા.'

આ જ અરસામાં ભારતમાં સ્વતંત્રતાની ચળવળ ચાલતી હતી. છોટુભાઈને યાદ છે કે સ્વતંત્રતાની ચળવળમાં ભાદરણના શિવાભાઈ અને વિઠ્ઠલભાઈ સાહેબ જેલમાં ગયા હતા. તેમના સુપુત્રની ભણવાની જવાબદારી ઈશ્વરભાઈ સાહેબ રાખતા. આણંદમાં ટપાલો ચોરતા, પત્રિકાઓ ફેરવતા. ચળવળિયાઓ બોમ્બ બનાવતા. એ વખતે 'આગે બઢો, આગે બઢો' ગીત સાંભળીને છોટુભાઈને પણ પાનો ચડતો અને એમ થતું કે આપણે પણ કંઈક કરવું જોઈએ !

એ વખતે પોતાનું બાળપણ હોવાના કારણે છોટુભાઈ વધુ તો કરી શક્યા નહોતા, પરંતુ રાષ્ટ્રીય ચળવળ દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલ અને જવાહરલાલ નેહરુને પ્રત્યક્ષ જોવાનો લ્હાવો તેમને જરૂર સાંપડ્યો હતો. આ સંદર્ભમાં છોટુભાઈ કહે છે : 'એ વખતે સરદાર પટેલ ટ્રેનમાંથી ઊતર્યા અને સાંકડી શેરીમાં થઈને આવ્યા હતા. એપ્રિલ ૧૯૪૭માં સરદાર આવ્યા ત્યારે પણ હું



*અમૃતપર્વ અભિવાદન સમારંભમાં શ્રીમતી શારદાબેન છોટુભાઈ પટેલ તેમનાં પુત્ર-પુત્રીઓ અને પરિવારજન સાથે જણાય છે.*

આવ્યો હતો. પંડિત જવાહરલાલ નેહરુ પણ આણંદમાં ઉતર્યા હતા. તેની ગાડીની પાછળ લગભગ પાંચસો માણસો દોડતા હતા. મને યાદ છે કે હું પણ તેમાંનો એક હતો. ધૂળિયો રસ્તો હતો. આગળ ગાડી જાય અને પાછળ અમે ધૂળ ખાતા ખાતા જઈએ.'

• • •

પ્રમુખસ્વામીના આશીર્વાદ સાથે છોટુભાઈએ અધ્યક્ષનો હોદ્દો સંભાળ્યો. તે સમયની અનુભૂતિ વિશે વાત કરતાં કહે છે : 'એક સામાન્ય માણસ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે બેસે એ જ મોટી પ્રાપ્તિ કહેવાય. આ જગ્યામાં આ ખુરસી પર બેસવા માટે મારી પ્રાપ્તિ થઈ એ જ મોટું નસીબ હતું. બાકી અમે ભણતા હતા ત્યારે આ વિસ્તારની એક આભા હતી. અહીં બ્રહ્માજીની જે મૂર્તિ છે તેની સામેનું પગથિયું ચડવાની હિંમત કોઈ ન કરે. સામે પાટ પર ભાઈકાકા બેસે. ચીમનભાઈ દેસાઈ બેઠા હોય... ત્યાં બેન્કમાં બધા જાય પણ પગથિયા પર જવાની કોઈ હિંમત ન કરે. અમે પણ નથી કરી.'

છોટુભાઈ પગથિયું ન ચડ્યા, પણ આગળ જતાં તેમણે શિખર સર કર્યું. અને ચારુતર વિદ્યામંડળની ટોચ પર પહોંચ્યા... સંસ્થાના સૂત્રધાર બન્યા. ૯ એપ્રિલ ૧૯૯૪ના દિવસે અધ્યક્ષની ખુરસીમાં તો તેઓ બેઠા, પણ પછી ખબર પડી કે ખુરસીની નીચે તો ભાલા છે. કારણ કે મંડળની તિજોરીનું તો તળિયું દેખાતું હતું. એક દિવસ છોટુભાઈએ કંસારાને બોલાવ્યા. પછી પૂછ્યું,

'આપણી પૈસાની શું સ્થિતિ છે ?'

'પૈસા છે જ નહીં... બ્લોક ગ્રાન્ટના પૈસા આવે છે. આવે એટલે પગાર કરીએ. ના આવે તો ના કરીએ.'

'આપણી પાસે વાપરવાના પૈસા ખરા ?'

'ના, કશું નહીં.'



*ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલના અમૃતપર્વની વેબસાઈટ **www.clpatelplatinumcelebration.org**નું ઉદ્યોગપતિ શ્રી દેવાંગભાઈ પટેલે ઉદ્‌ઘાટન કર્યું એ પ્રસંગની તસવીરમાં ડૉ. પટેલ અને માનદમંત્રી પ્રિ.આર.પી.પટેલ સાથે ઉજવણી સમિતિના કન્વીનર શ્રી પ્રદીપ પટેલ, કો-કન્વીનર શ્રી અશોક પટેલ તથા વેબસાઈટ તૈયાર કરનાર સેમકોમના અધ્યાપક શ્રી સર્વેશ ત્રિવેદી છે.*

'ખોટ કેટલી છે ?' 'ગયા વર્ષની ખોટ ૨૫ લાખ રૂપિયા છે.'

આ ઉપરાંત દોઢ કરોડની અકસ્યામતો હતી. મંડળને માથે દેવું નહોતું. કોઈ કંઈ માંગતું હોય એવું પણ નહોતું. પરંતુ મકાનો ખખડધજ હતા. ચોફેર ખરાબાની જમીન હતી. તેમાં ઝાંખરાં થઈ ગયાં હતાં. કચરાના ઢગલા પડ્યા રહેતા. હોસ્ટેલો પણ બિસ્માર હાલતમાં હતી. સમારકામ જરૂરી હતું. પણ તેના માટે નાણાંની જરૂર હતી. એ ક્યાંથી ઊભા કરવાં ? આ સવાલના જવાબમાં છોટુભાઈએ મનોમંથન શરૂ કર્યું. કહેવાય છે ને કે મન હોય તો માળવે જવાય... છોટુભાઈનું મન હતું એટલે મારગ મળી ગયો. એ વખતે વીસ હજાર છોકરા ભણતા હતા. એટલે ઝાંખરાં કાઢવા હોય તો શું કરવું એનો વિચાર કરતાં તેમણે એક હિંમત કરી. પર્યાવરણની સુરક્ષાના નામે ફી દાખલ કરી. એક ટર્મના વીસ રૂપિયા. આખા વર્ષના ચાળીસ રૂપિયા. વિદ્યાર્થીદીઠ ચાળીસ રૂપિયાનો હિસાબ માંડીએ તો વીસ હજાર છોકરાઓના આઠ લાખ રૂપિયા ઊભા થઈ જાય. એટલે છોટુભાઈએ તો પર્યાવરણની જાળવણીના નામે ફી દાખલ કરી. પરંતુ શનુભાઈએ એમને વાર્યા. એ કહે, 'સાહેબ, તમે આ હિંમત ના કરો... તમારી દશા બગડી જશે. ભાઈકાકાના સમયમાં પણ આંદોલન થયું હતું. અને એચ.એમ. પટેલ મોટા માણસ હતા. પણ તમને તો લોકો ફેંકી જ દેશે.' 'ફેંકી જ દેશે ને ? બીજું તો કશું નહીં કરે ને? હું કાંઈ નવરો માણસ નથી. મારે ઘેર મિલકત છે. હું મારી ગાડી લઈને આવું છું. અને મંડળનું કશું ભોવવતો નથી. પછી મારે શું ચિંતા ?'

આમ, છોટુભાઈએ ચિંતા કર્યા વિના પર્યાવરણ સુરક્ષા ફી દાખલ કરી. બીજા તબક્કામાં પ્રવેશ ફી દાખલ કરી. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં વર્ષે સો રૂપિયા તથા કૉલેજમાં વાર્ષિક બસો રૂપિયા... તેનો ત્રીસ લાખ રૂપિયા ભેગા થયા.

આ રીતે મંડળની નાણાકીય સ્થિતિ સદ્ધર થઈ.

• • •

છોટુભાઈએ આઈટીસી પછી એડીઆઈટીનો વિચાર કર્યો. એ માટે ધર્મજના મૂળ વતની તુલસીદાસ વલ્લભભાઈના દીકરા પરમાનંદભાઈના ઘેર મુંબઈ ગયા. તેમની પાસે અબજોની સંપત્તિ હતી. છોટુભાઈએ એન્જિનિયરિંગ કોલેજનો પોતાનો વિચાર વહેતો મૂક્યો. એ વિચારનો તંતુ પકડીને પરમાનંદભાઈ અને તેમનાં પત્ની છોટુભાઈને મળવા આવ્યા. તેમણે કહ્યું : 'હું જીસેટના રૂ. સાત કરોડ આપું અને નવી કોલેજ માટે રૂ. દસ કરોડ આપું. કુલ રૂ.૧૭ કરોડ આપું. પણ બન્ને જગ્યાએ મારું નામ મૂકો.'

'તમે માત્ર જીસેટ માટે જ રૂ.૧૭ કરોડ આપો તો પણ જી.એચ. પટેલના નામમાં હું કશો ફેરફાર ના કરું...' છોટુભાઈએ આમ કહીને પ્રસ્તાવ મૂક્યો : 'તમે છ મહિનામાં આપો તો મારે રૂ.પાંચ કરોડ આ નવી કોલેજ માટે લેવા છે.'

છોટુભાઈની દરખાસ્ત સાંભળીને બીવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અરવિંદભાઈ (અડાસના વતની)ના દીકરા મુકેશભાઈએ અમેરિકામાં કંઈક ગણતરીઓ માંડી. એમને આવો પ્રસ્તાવ ગમી ગયો. છ મહિનામાં નાણાં આપી દીધાં અને એડીઆઈટી તેમના પિતાજીના નામે થઈ.

• • •

છોટુભાઈના શિક્ષણ પ્રત્યેના સમર્પણ અને સેવાભાવને લોકોએ પણ પોંખ્યો છે. નવાજ્યો છે. ઈનામ-અકરામો અને પુરસ્કારો એનાયત કરીને તેમનું ગૌરવ કર્યું છે. કોઈ તેમને શિક્ષણમહર્ષિ કહે છે, તો કોઈ તેમને મેનેજમેન્ટ ગુરુ કહે છે ! 'પરંતુ તમે પોતાને કઈ રીતે ઓળખાવશો?' આ સવાલના જવાબમાં છોટુભાઈ હસીને કહી દે છેઃ 'હું એક સામાન્ય માણસ છું અને લોકોના સાથ સહકારથી અસામાન્ય કામ કરું છું !' છોટુભાઈ ભલે પોતાને સામાન્ય માણસ ગણાવે, તેમના સંઘર્ષ અને સિદ્ધિઓ વિશે જાણ્યા પછી મારી જેમ તમે પણ એમને અસામાન્ય વ્યક્તિત્વ જ કહેશો ને ? •

*॥ અમૃતપર્વ વિશેષ ॥*

## *આધુનિક શિક્ષણના શિલ્પી : ડૉ.સી.એલ. પટેલ*

*ઉષા ઉપાધ્યાય*

ગુજરાતના વિદ્યાધામ તરીકે ખ્યાતિપ્રાપ્ત વલ્લભ વિદ્યાનગરમાં શિક્ષણના વૈશ્વિક પ્રવાહો સાથે અનુબંધ સાધવા માટે સ્થપાયેલા ન્યૂ વલ્લભ વિદ્યાનગરના સ્વપ્નદ્રષ્ટા ડૉ.સી.એલ. પટેલ ગુજરાતના આધુનિક શિક્ષણના અનોખા શિલ્પી છે. તા.૧૦ એપ્રિલ ૨૦૧૦ના રોજ ડૉ.સી.એલ. પટેલ એમની સફળ જીવનયાત્રાના ૭૫ વર્ષ પૂરાં કરી રહ્યાં છે. શિક્ષણક્ષેત્રે એમને કરેલા દૃષ્ટિપૂર્ણ અને સફળ નવપ્રસ્થાનો ઉપર નજર કરનારને અચૂક એમ કહેવાનું મન થાય છે કે એમણે કાળદેવતાની અંજલિમાં એવાં ૭૫ સુરભિત મુકુરિત પુષ્પો અર્પણ કર્યાં છે કે એની સૌરભ સહજપણે જ દેશ-વિદેશમાં પ્રસરી છે. ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક શ્રી ભાઈકાકા, શ્રી ભીખાભાઈ સાહેબ, શ્રી એચ.એમ. પટેલ દ્વારા વિદ્યાતીર્થની જે પરિકલ્પના સાકાર થઈ હતી તેને ડૉ.સી.એલ. પટેલે નવા મુકામ સુધી પહોંચાડી છે. ચારુતર વિદ્યામંડળ દ્વારા ગુજરાતના શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ સર્જાઈ છે તે એક નિર્વિવાદ હકીકત છે. સંસ્થાકીય વિકાસયાત્રામાં કેટલીક વખત સિદ્ધિઓનાં શિખર સર કર્યા પછી યોગ્ય ઉત્તરાધિકારી ન મળતાં વળતા પાણી થવાનો ભય રહે છે. સદ્‌ભાગ્યે ચારુતર વિદ્યામંડળને ડૉ.એચ.એમ. પટેલના સબળ નેતૃત્વ પછી ડૉ.સી.એલ. પટેલનું એવું જ સમર્થ નેતૃત્વ સાંપડ્યું છે. જેને કારણે ચારુતર વિદ્યામંડળની વિકાસયાત્રા વણથંભી અને સિદ્ધિસભર બની રહી છે.

શિક્ષણસંસ્થાઓનો અભિગમ મુખ્યત્વે બે પ્રકારનો હોય છે. એક તો પ્રચલિત, સર્વસ્વીકૃત એવી પરંપરાગત શિક્ષણ-પ્રણાલિકાનો સ્વીકાર કરીને તેમાં જ ઉત્તમ રીતે કામ કરવાનો પ્રયાસ કરવો. બીજો અભિગમ હોય છે સ્વીકૃત શિક્ષણ પ્રણાલિકાની સાથે જ બદલાતા સમય સંદર્ભે સમાજની ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને નવી શિક્ષણ પ્રણાલિકાઓ અને વિદ્યાક્ષેત્રોને વિકસાવવાનો. આવી નવી કેડી કંડારવાનું કાર્ય એ જ કરી શકે, જેને દેશ અને દુનિયાના નવા શૈક્ષણિક પ્રવાહોનો અભ્યાસ હોય. તેમજ આ નવા પ્રવાહોમાંથી તર-તમ ન્યાયે શું સ્વીકારવું, શું ત્યજવું તેનો નિર્ણય કરવાની વિવેક સંપન્ન દૃષ્ટિ હોય. ડૉ.સી.એલ. પટેલ પાસે ભાવિને પારખવાની અને તેને માટે નવા સોપાન રચવાની આવી દૃષ્ટિ છે. ગુજરાત સરકારે ઈ.સ. ૧૯૯૦ પછી ઉચ્ચ શિક્ષણમાં સામાજિક ભાગીદારીના સિદ્ધાંતનો સ્વીકાર કરીને સ્વનિર્ભર સંસ્થાઓને વેગ આપ્યો એ પરિસ્થિતિનો વિધેયાત્મક અને મહત્તમ લાભ ડૉ.સી.એલ. પટેલના માર્ગદર્શનને કારણે ચારુતર વિદ્યામંડળને અને ગુજરાતને મળ્યો છે. ડૉ.સી.એલ. પટેલે ઈ.સ. ૧૯૯૪માં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે ઉત્તરદાયિત્વ સંભાળ્યું એ પછી અમેરિકા, ફ્રાંસ, જર્મની, યુ.કે., જાપાન, સ્વીટ્ઝર્લેન્ડ વગેરે દેશોની મુલાકાત લઈને શિક્ષણ અને સંશોધનના વૈશ્વિક પ્રવાહોનો ઘનિષ્ઠ પરિચય મેળવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના કરીને ગુજરાતની યુવા પેઢીને ઘરઆંગણે એન્જિનિયરિંગ, ફાર્મસી, મેડિકલ ઉપરાંત અન્ય અનેક વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ગુણવત્તાસભર શિક્ષણ મળે એવી સુચારુ આયોજના કરી. આ અભિનંદન ગ્રંથમાં અન્યત્ર તેની જે વિસ્તૃત વિગતો છે તેનું પુનરાવર્તન અહીં નથી કરવું પણ ગુજરાતના શિક્ષણક્ષેત્રે એમણે જે મહત્ત્વનાં ત્રણ નવપ્રસ્થાન કર્યા છે તેનો નિર્દેશ કરવો છે. હું જેને મહત્ત્વનાં ત્રણ નવપ્રસ્થાન ગણું છું તે પૈકીનું પ્રથમ છે એમના દ્વારા ઈ.સ. ૨૦૦૯માં સ્થપાયેલી ગુજરાતની સૌ પ્રથમ મહિલા એન્જિનિયરિંગ કોલેજ-આઈસીસીટી ફોર વિમેન. ઈ.સ. ૧૯૪૮માં વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપક માનનીય ભાઈકાકાએ ગુજરાતની પ્રથમ એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના કરી હતી. ડૉ.સી.એલ. પટેલે એ નવપ્રસ્થાનની પરંપરાને ૪૦ કરોડના ખર્ચે સ્થપાયેલી મહિલા એન્જિનિયરિંગ કોલેજ આઈસીસીટી ફોર વિમેન દ્વારા દૃઢ કરી છે. ડૉ.સી.એલ. પટેલનું બીજું મહત્ત્વનું નવપ્રસ્થાન છે સમગ્ર ગુજરાતમાં એમણે પ્રથમ વખત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનનો અભ્યાસક્રમ શરૂ કર્યો તે. સાંપ્રત સમયમાં આ ક્ષેત્રે ઊભી થયેલી વ્યાવસાયિક તકો સંદર્ભે જ નહીં, એ ક્ષેત્રમાં ટેકનિકલ સુવિધાઓ અને સર્જનાત્મકતાના સુમેળથી ક્ષિતિજ વિસ્તારની જે અસીમ શક્યતાઓ પડેલી છે તેનો લાભ આ અભ્યાસક્રમના આરંભથી ગુજરાતની નવી પેઢીને સાંપડશે. એમનું ત્રીજું મહત્ત્વનું નવપ્રસ્થાન છે સમગ્ર ભારતમાં પહેલી જ વખત અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્ય વિશે સંશોધન ઉપરાંત એમ.ફિલ., પીએચ.ડી.નો અભ્યાસક્રમ શરૂ કરતી સંસ્થાની સ્થાપના. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમજ આઝાદી સમયે ભારતને અખંડ રાખવામાં લોખંડી પુરુષ સરદાર પટેલનો જે અદ્વિતીય ફાળો છે તે સંદર્ભે એમના જીવન અને કાર્ય વિશે સ્વતંત્ર રીતે સંશોધન-

અભ્યાસની સુવિધા પૂરી પાડતી સંસ્થાની સ્થાપના કરીને ડૉ.સી.એલ. પટેલ સાહેબે તથા ચારુતર વિદ્યામંડળે યોગ્યતમ કદમ માંડ્યું છે. આ નવપ્રસ્થાનો હોય કે અગાઉ શરૂ કરાયેલી શૈક્ષણિક સંસ્થાઓના નવીનીકરણનું કાર્ય હોય- ડૉ.સી.એલ. પટેલને વિશ્વભરમાંથી ઉદાર અનુદાન સાંપડતું રહ્યું છે. આ અનુદાનના કરોડોની સંખ્યાના આંકડા ચારુતર વિદ્યામંડળ અને ડૉ.સી.એલ. પટેલ સાહેબ માટે લોકહૃદયમાં કેવા અખૂટ આદર અને શ્રદ્ધા રહેલાં છે તેની શાતાદાયી પ્રતીતિ કરાવે છે. અમૃતપર્વ પ્રસંગે ગુજરાતના આ ગૌરવવંતા કેળવણીકાર ને શતશઃ અભિવાદન. •

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

*// અમૃતપર્વ વિશેષ //*

## *ડૉ. સી.એલ. પટેલ સાહેબને સલામ*

***એન.એલ. સંઘવી***

આદરણીય ડૉ. સી.એલ. પટેલ સાહેબ સાથેનો મારો પરિચય હું લિબર્ટી છાત્રાલયમાં રેકટર હતો ત્યારે ૧૯૯૦ના દાયકામાં થયો. ત્યારબાદ તેમની સાથે નાતો કેળવાતો ગયો અને આજે પૂ. આદરણીય શ્રી સી.એલ. પટેલ સાહેબ અને ચારુતર વિદ્યા મંડળના કારણે જ મારા તથા મારા પરિવારની પ્રગતિ થઈ છે, તેમ કહીએ તો અજુગતું નહીં ગણાય. તેમના વિશે એક આખું દળદાર પુસ્તક લખી શકાય. જે આજે ઘણા મહાનુભાવોએ લખ્યું છે. અત્રે હું તેમના કેટલાક પ્રસંગો ટાંકીશ.

૧) ૧૯૯૨માં લિબર્ટી છાત્રાલયમાં રેકટર હતો. મુ. શ્રી સી.એલ. પટેલ સાહેબ ચારુતર વિદ્યામંડળમાં છાત્રાલય વિભાગનો હવાલો સંભાળતા હતા. છાત્રાલયના વિદ્યાર્થીઓએ તા.૩૧-૧૨-૯૨ (વર્ષનો છેલ્લો દિવસ) ની ઉજવણી કરી. છાત્રાલયની મિલકતને થોડુંક નુકસાન કર્યું. મુ. શ્રી સી.એલ. પટેલ સાહેબ રાત્રે ૧૨-૦૦ વાગે છાત્રાલયમાં પધાર્યા, અમને બોલાવ્યા. દરેક વિદ્યાર્થીને શિક્ષા કરવાનું કહ્યું. દંડ કર્યો, કડક હાથે કામ લીધું. દંડની રકમમાંથી તેમણે વિદ્યાર્થીઓને ઠંડા પાણીનું કુલર લાવી આપ્યું. ત્યારબાદ આજ સુધી ૧૮ વર્ષમાં છાત્રાલયમાં આવો પ્રશ્ન બન્યો નથી. સલામ ડૉ. સી.એલ. પટેલને.

૨) એપ્રિલ-૨૦૦૫માં ચારુતર વિદ્યામંડળ દ્વારા મારી બી.જે.વી.એમ.ના ઈન્ચાર્જ આચાર્ય તરીકે નિમણૂક થઈ. મે માસમાં પ્રવેશ કાર્યવાહી ચાલતી હતી. એક વિદ્યાર્થી પાસે ફી ન હતી. બી.જે.વી.એમ.માં પ્રવેશ માટે આવ્યો. વિદ્યાર્થીના ૮૦% ગુણ હતા. આ વિદ્યાર્થીને ડૉ.સી.એલ. પટેલ સાહેબ પાસે મોકલ્યો. સાહેબે વિદ્યાર્થીને રહેવા-જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપી. આજે ઉપરોક્ત વિદ્યાર્થી એમ.બી.એ.નો અભ્યાસપૂર્ણ કરી કોલેજનું નામ રોશન કરી રહ્યો છે.

૩) ૨૦૦૮માં કોલેજમાં 'નૅક'ની ટીમ આવવાની હતી. ડૉ.સી.એલ. પટેલ સાહેબ બી.જે.વી.એમ.માં સ્ટાફની મુલાકાતે પધાર્યા. મેં આચાર્ય તરીકે કોલેજ રિનોવેશન માટે માગણી કરી. સાહેબે તાત્કાલિક રૂ.૨૦ લાખ મંજૂર કર્યા. કોઈપણ ચેરમેનશ્રી તાત્કાલિક આ પ્રકારનો નિર્ણય આપે તે તેમની મહાનતા ગણાય.

૪) ૨૦૦૯માં મેં પુનઃ ઈન્ચાર્જ આચાર્યનો ચાર્જ લીધો. વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિની પસંદગીમાં પ્રશ્નો ઊભા થયા. મેં સાહેબનો સંપર્ક કર્યો. સાહેબે કહ્યું કે હું તમારી સાથે છું. 'પ્રામાણિકતાથી કામ કરો, હિંમત ન હારશો.' મેં સાહેબની સૂચના મુજબ કામ કર્યું- પ્રશ્નો ઉકલી ગયા.

૫) સાહેબના કાયમી શબ્દો : 'દરેક કર્મચારી હસતાં હસતાં આવે અને હસતાં હસતાં ઘરે જાય તેવી મારી ભાવના રહી છે.'

"ભગવાનમાં વિશ્વાસ રાખો... ભગવાન કરે તે સારું જ કરશે... આપણે કશું કરતા નથી... બધું ભગવાન જ ચલાવે છે."

સલામ સાહેબને..... •

બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર

## *વિદ્યાકર્ષણ બળવાળું વ્યક્તિત્વ*

*જતીન ઠક્કર*

આમ તો માણસ કહેતો હોય છે કે જિંદગી જીવી ગયો પરંતુ ડૉ.સી.એલ. પટેલ સાહેબની જિંદગી જોઈને ખુદ જિંદગી કહેતી હશે કે 'હાશ, આ મહર્ષિમાં રહીને હું પોતે જીવી ગઈ અને જીવવાની મઝા આવી ગઈ.' આમ તો કહેવાય છે કે પથ્થરમાંથી પાણી કાઢે તે માણસ પણ ડોકટર સી.એલ. પટેલ નવો મંત્ર સર્જે છે.' પથ્થરમાંથી કોલેજ કે નવું નગર સર્જે તે ખરો માનવ.

ડૉ. સી.એલ પટેલ સાહેબ અમેરિકા પધારે ત્યારે ફોન પર આશીર્વાદ પ્રાપ્ત કરવાની તક પ્રાપ્ત થાય. ગ્રેહામ બેલે ટેલિફોન શોધ્યો તેનો સૌથી વધુ ફાયદો અમને કેનેડામાં રહેનાર ને આ રીતે થયો.યાદ છે કે તે સમયે ડૉ. સી.એલ. પટેલ સાહેબ અમેરિકા પધાર્યા હતા. અમે અમારા રેડિયો વોઈસ ગુજરાતી માટે મુલાકાત આપવા વિનંતી કરી. ડૉ. સી.એલ. પટેલ સાહેબ સંમત થયા હતા. નિયત સમયે સ્ટુડિયોમાંથી ફોન કર્યો. તે સમયે ડૉ. સી.એલ. પટેલ અમેરિકાના હાઈવે પર મુસાફરી કરી રહ્યા હતા. તેઓએ તુર્તજ કાર ઊભી રખાવી અને પછી રેડિયો પર મુલાકાત લાઈવ પ્રસારિત થઈ. તે દિવસે કેનેડામાં 'બ્રેકિંગ' સમાચાર હતા કે કે નાણાકીય મુશ્કેલીઓને કારણે ત્રણેક સ્કૂલો બંધ કરવી. ને ડૉ. સી.એલ. પટેલ સાહેબની મુલાકાતમાં સાહેબનું પહેલું જ વાક્ય હતું કે 'વિદ્યાનગરમાં નવી ફાર્મસી કોલેજ, રિસર્ચ સેન્ટર અને અંગ્રેજી માધ્યમની સ્કૂલ શરૂ કરી રહ્યા છીએ. 'કેનેડા ડોલરનો દેશ પણ સ્કૂલો થતી હતી બંધ, ભારત રૂપિયાનો દેશ છતાં વિદ્યાનગરમાં નવી કોલેજો-સ્કૂલો શરૂ થતી હતી. શા માટે ? કારણ કે ભારત પાસે ગુજરાત પાસે ડૉ. સી.એલ. પટેલ સાહેબ છે અને કેનેડા પાસે આવા વિદ્યા અને આધ્યાત્મને સમર્પિત મહર્ષિ નથી. ડૉ. સી.એલ. પટેલ સાહેબે રેડિયો મુલાકાતમાં આપના દેશના મહાન ને સમર્પિત વિદ્યા મહર્ષિઓને યાદ કર્યા, ગુજરાતના વિકાસની વાત કરી અને વિદ્યાનગરના પ્રારંભથી માંડીને નવા વિદ્યાનગરની ઝલક આપી. ડૉ. સી.એલ. પટેલ સાહેબની રેડિયો મુકલાત પૂરી થઈ કે તુર્ત જ અમારા સ્ટુડિયોના ફોનની બધી જ લાઈન્સ ફલેશ થવા માંડી... કદાચ પહેલી જ વાર આવું બન્યું હતું. એ લાઈન્સ પર વિદ્યાનગરને પ્રેમ કરતા અને ડૉ. સી.એલ. પટેલ સાહેબને સલામ કરવા ઉત્સુક અનેક વિદ્યાપ્રેમીઓ હતા.

આમ તો લોહીની સગાઈ હોય, મિત્રતાની સગાઈ હોય પણ કેનેડામાં અનેક લોકો એક નવી સગાઈથી જોડાયેલા છે. 'વિદ્યાનગરના વિદ્યાર્થી હોવાની સગાઈ અને વિદ્યાનગરથી નવા વિદ્યાનગરનાં સર્જનનાં સાક્ષીની સગાઈ. ડૉ.સી.એલ. પટેલ સાહેબ સાથે રેડિયો મુલાકાત પૂરી થયા પછી વિદ્યાનગરનાં કેમેસ્ટ્રી વિભાગમાં સિનિયર સાયન્ટિફિક ઓફિસર તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ ટોરંટોમાં રહેતા ડૉ.આર.ટી. પટેલનો ફોન આવ્યો. તેઓએ કહ્યું : 'વિદ્યાનગર પાંચેક વરસ પછી જવાનું થયું. કેનેડા પહેલીવાર આવ્યા ત્યારે જે નવાઈ નહોતી લાગી. તે નવાઈ વિદ્યાનગર ગયા પછી લાગી હતી. જે વિષયોની કલ્પના કેનેડાની કોલેજો નથી કરી શકતી તે વિષયો અને અભ્યાસક્રમ વિદ્યાનગરમાં ભણાવાય છે. ડૉ.સી.એલ. પટેલ સાહેબની દીર્ઘદષ્ટિનું જ આ પરિણામ છે. ડૉ.આર.ટી. પટેલ જેવો જ પ્રતિભાવ હંમેશા મળે છે. ડૉ.વિજય મન્નારી વી.પી. સાયન્સ કોલેજમાં અધ્યાપક હતા. હાલમાં મિશિગન યુનિ.માં ફેકલ્ટી મેમ્બર છે. તેઓ કહે છે, 'ડૉ.સી.એલ. પટેલ સાહેબ અમેરિકા આવે ત્યારે અચૂક વાત થાય. આજે આ વી.પી. સાયન્સ કોલેજનાં અધ્યાપક હોઈએ તેટલો જ પ્રેમ પ્રાપ્ત થાય. તેઓ અમેરિકા આવે ત્યારે હંમેશાં વિદ્યા વિકાસની જ વાત. અમારી જ યુનિ.માં ક્યા વિષયોમાં વિદ્યાનગરની કોલેજ સાથે વિદ્યાકીય સહયોગ સંભવ છે, તેનું જ્ઞાન ડૉ.સી.એલ. પટેલ સાહેબ પાસેથી પ્રાપ્ત થાય. પરદેશની યુનિ. વિશેનું જ્ઞાન અને સંશોધન ગજબનું. યુનિવર્સિટીના વડાથી માંડીને અધ્યાપકો સાથે સતત સંવાદ કરે અને પછી વિદ્યાનગરની સંસ્થાને એ યુનિવર્સિટી સાથે સફળતાથી સાંકળે જેથી વિદ્યાર્થીઓને લાભ થાય.'

ડૉ.સી.એલ. પટેલ સાહેબના વિચાર વિશ્વમાં વિદ્યા સંસ્થાઓની શ્રૃંખલાઓ સર્જન પામતી રહે છે અને એ સંસ્થાઓ/ વિષયો સાકાર સ્વરૂપ ધારણ કરતા હોય છે. ન્યૂ વિદ્યાનગર અને વિદ્યાનગરની નવી સંસ્થાઓ ડૉ.સી.એલ. પટેલ સાહેબની વિચારધારાનું દિવ્ય સ્વરૂપ. આ દિવ્ય વિદ્યામંદિરોમાં પૂજ્ય સરદાર પટેલ સાહેબ, પૂ. ભાઈકાકા તથા ડૉ.એચ.એમ. પટેલ સાહેબના સ્વપ્નો પણ સાકાર થતાં જોવા મળે એટલે જ કદાચ, વિદ્યાનગર એ વિદ્યાનું પાવનતીર્થ બની ગયું છે. અહીં દિવ્ય નેતૃત્વ, વિકાસ અને શાંતિની ત્રિધારા વહી રહી છે. આ નગરમાં ભણવાનો અને ભણાવવાનો પરમ આનંદ પ્રાપ્ત થાય તે રીતે સંસ્થાઓનું સર્જન કરાયું છે. અહીંની ધરતી પર વિદ્યા સંસ્થાઓની વસંત ખીલેલી રહે

છે, તેનો યશ ડૉ.સી.એલ. પટેલ સાહેબના નેતૃત્વને અને વિદ્યાજગતને સાથે લઈ આગળ વધવાના તેઓના અભિગમને જાય છે.

હજુ પણ યાદ છે ડૉ.સી.એલ. પટેલ સાહેબનો અમેરિકા પ્રવાસ. તેઓશ્રી તેઓના પુત્ર વ્રજેશભાઈને ત્યાં, લેન્સિંગ હતા. ફોન પર સાહેબના આશિષ પ્રાપ્ત કરવાની તક મળી. ફોન પર જ વિનંતી કરી કે, 'સાહેબ, આપને મળવાની ઈચ્છા છે.' ડૉ.સી.એલ. પટેલ સાહેબે ઉમળકાભેર લેન્સિગ આવવાનું આમંત્રણ આવ્યું. કેનેડાથી ડ્રાઈવ કરીને રાત્રે બાર વાગ્યે લેન્સિંગ પહોંચ્યાં ત્યારે ડૉ.સી.એલ. પટેલ સાહેબ પરિવારસહ રાહ જોતા હતા. અમને આવકારતાં કહ્યું : 'આવો આવો... ચાલો, પહેલાં જમી લો પછી શાંતિથી શિક્ષણની વાતો કરીએ.'

અમેરિકામાં જેમણે પાંચેય આંગળીએ દેવ પૂજ્યા હોય તેઓને જ રાત્રે બાર વગ્યે પ્રેમાળ આવકાર મળે, ને ગરમ ગરમ ભોજન પ્રાપ્ત થાય.' અમે એકેય આંગળીએ દેવ નહોતા પૂજ્યા છતાં અમે એ સન્માન પામ્યાં. કારણ ? ડૉ.સી.એલ. પટેલ સાહેબનો અધ્યાપક પ્રત્યેનો પ્રેમ ! વિદ્યાનગરના રહેવાસી પ્રત્યેનો પ્રેમ અને એક ગુજરાતી પ્રત્યેનો પ્રેમભાવ !

આમ તો આ ધરતી પર ગુરુત્વાકર્ષણ બળ છે. પણ વિદ્યાકર્ષણ બળ ડૉ.સી.એલ. પટેલ સાહેબના વ્યક્તિત્વમાં છે. આ વ્યક્તિત્વમાંથી સતત ઊર્જા નીકળતી રહે છે. જે વિદ્યા વિશ્વને પ્રકાશિત કરે છે. વિદ્યાનગરની કીર્તિ વિશ્વમાં વધતી જ જાય છે અને ડૉ.સી.એલ. પટેલ સાહેબનાં વિદ્યાસર્જનો નિરખી વિદ્યાજગત ગૌરવ અનુભવી રહ્યું છે. શિક્ષણ મહર્ષિ ડૉ.સી.એલ. પટેલ સાહેબને અમૃતપર્વ નિમિત્તે ભાવપૂર્ણ વંદન. •

કેનેડા

*// અમૃતપર્વ વિશેષ //*

## *શ્રી સી.એલ.: એક ગુણાનુરાગી વ્યક્તિ*

*જયંત ઓઝા*

વલ્લભ વિદ્યાનગરમાં બારેક વર્ષથી સ્થાયી થયો છું. શિક્ષણ ક્ષેત્ર પ્રત્યક્ષ સંકળાયેલો નહીં. ભૂમિતિની પરિભાષામાં કહું તો વર્તુળની સ્પર્શરેખા પરથી કેન્દ્રને જોવાય એમ મારે શ્રી સી.એલ. પટેલ સાહેબને જોવાનું બનતું. સરદાર પટેલ સ્મારક ભવનમાં માનદ નિયામક હતો ત્યારે એમને પ્રસંગોપાત મળવાનું થતું. એમનો નિકટનો પરિચય તો થયો સામયિક 'વિ'- વિદ્યાનગર નિમિત્તે. એક ગામઠી (કે ગામડી ?) જોડકણાંમાં કહું તો -

નામ ભલે 'છોટુ'
પણ કામ કરે મોટું
ને સાંખી ન લે 'ખોટું'...

પણ મારે વાત કરવી છે શ્રી સી.એલ. પટેલ સાહેબના વ્યક્તિત્વના એ પાસાની જે માણસ પારખું છે. વિશેષ તો કઈ વ્યક્તિ ક્યાં સક્રિય રીતે સંલગ્ન છે એ જાણે અને વિદ્યાનગરના વિકાસમાં એ વ્યક્તિ કઈ રીતે ઉપયોગ થાય એનો સ્પષ્ટ ખ્યાલ

વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિન- (૩ માર્ચ) નિમિત્તે સ્નેહી કનુ પટેલના ચિત્રોનું પ્રદર્શન સ્ટુડન્ટ હોલમાં યોજાયેલું. હું શ્રી સી.એલ. પટેલ સાહેબની પાછળ પાછળ એ પ્રદર્શન નિહાળું. અચાનક મારી તરફ ફરીને કહે, 'જયંતભાઈ, ન્યૂ વિદ્યાનગરમાં બગીચો વિકસાવવો છે પણ એ માત્ર 'બગીચો' બની રહે એમ નહી શ્રી માતાજીનું પુસ્તક 'Spiritual Interpretation of flowers' મેળવી આપો.

આદરણીય શ્રી દિલાવરસિંહજી સાથે રહી હું શ્રી અરવિંદ સાધના કેન્દ્ર સાથે જોડાયેલો છું. અને (શ્રી માતાજીના જન્મ દિવસ) ૨૧, ફેબ્રુઆરીના રોજ કેન્દ્રમાં યોજાયેલ પુસ્તક પ્રદર્શન અને પુષ્પોના પેલા પુસ્તકના પાને પાને લખેલ અર્થઘટન સાથે ગોઠવેલ સુંદર પુષ્પો- એ પ્રસંગે તેઓશ્રી અતિથિ વિશેષ હતા અને મેં એમને આવકારેલા- એમના મનમાં મારા વિષેની આ સ્પષ્ટ છાપ એમણે તરત કામે લગાડી.

બીજો પ્રસંગ સંગીતના સંદર્ભે છે. વિદેશથી આવેલ ઓડના શ્રી વિઠ્ઠલભાઈ પટેલે રાગ અને રોગ ચિકિત્સા Music Therapy અંગે કેસેટ તૈયાર કરેલી એનું લોકાર્પણ સરદાર સ્મારક ભવનમાં શ્રી સી.એલ. પટેલ સાહેબ અતિથિ વિશેષ. મેં પાંચેક મિનિટ સ્વાનુભવની વાત કરેલી:૨૦૦૪માં મને Cardiac Problem થયેલો. પછી Depression અને એમાંથી ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ (જે યોગાનુયોગ સંગીત વિશારદ)ના સૂચનથી બે રાગ-જોગ અને વસંત શ્રવણથી હું Depressionમાંથી કેવી રીતે બહાર આવેલો.

એકાદ વર્ષ પછી ફાઈન આર્ટ્સ કોલેજમાં યોજાયેલ પ્રદર્શન નિમિત્તે મળવાનું થયું. મને પૂછ્યું 'જયંતભાઈ તમારું સંગીત ક્ષેત્રે Qualification શું ? મેં નમ્રભાવે કહ્યું કશું નહીં- તરત જ હસતાં હસતાં કહે કે તમારી રાગોની સમજ અને શ્રવણની વાત પરથી મેં તો ધારેલું કે તમે 'વિશારદ' હશો, તમારી સેવાઓ આપણી મ્યુઝિક કોલેજમાં લેવી હતી.

આગળ કહ્યું એમ 'વિ'-વિદ્યાનગરને માત્ર સારું જ નહીં ઉત્તમ બનવવાના આગ્રહી વાત એમ કરે કે આ મારું ક્ષેત્ર નથી પરંતુ જ્યારે એક પછી એક મુદ્દાની છણાવટ કરે ત્યારે ખબર પડે કે તેઓ બે-ત્રણ અંકના ૩૬ પાના બરાબર વાંચી ગયા છે.

૧૯૯૪-૨૦૧૦ સુધીમાં જે Missionary Zealથી વિદ્યા-વિસ્તારનું કામ કરી રહ્યા છે એ માટે તો દુષ્યંતકુમારનો બહુ જાણીતો શેર

*સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં*
*મેરી કોશિશ હૈ કિ યે સૂરત બદલની ચાહિયે.*

-ચરિતાર્થ કરી રહ્યા છે.

ટૂંકમાં C.L.P. એટલે Committed Loyal Professional.

શતાયુ ભવ શ્રી સી.એલ. સાહેબ-
સાદર વંદન •

'જાનકી' એપાર્ટમેન્ટ,
નાના બજાર, વલ્લભ વિદ્યાનગર.



# Autumn Leaves

**Madhubhai Thakar**

On Our Way to Syracuse upstate Newyork, we wanted to visit Yale and Harward. We left New york city on a bright August morning. The city had many attractions: bright lights of the Times square, Entertainment of the Radio City Hall, and the boat trip to the Statue of Liberty. It was exciting to be in the Big Apple.

But it was even more exiciting and attractive in the country side.As we left the outskirts of the city, we were dazzled by the many-splendoured trees: maples and elms with a scattereing of oaks. Their leaves had a wild variety of vivid colours: red,orange,yellow,rust and dusty brown. It seemed that some colossal brush had aimlessly splashed colours on these trees- a parting gift of autumn.

Then, a sad thought took possession of me:All these multi-coloured leaves were destined to fall. Evidence was not far to seek. In the town square, where we stopped to rest,we saw heaps of dry fallen leaves.They were being picked up by an old man with a pointed stick and collected in heaps probably to be burned.

The same leaves had sprouted young in the spring.They were green and had performed seveval functions for the trees and through them for the world. They made food for the trees and in doing so absorted carbon dioxide and generated oxygen. Through the small apertures called stomata, they controlled the trees' water valance.They provided shelter to birds and annimals and shade to humans.

With the satisfaction of a job done well, in their last days, they provided colour to nature and inspiration to artists. The leaves were celebrating their old age. They were not worried about the inpending fall.

They were the living metaphor to our own lives. We fulfill our *ધર્મ* during our active life and earn colourful last days. We splash our lives with the colour of joy and tranaquility, and eventually embrace death as joyfully and naturally as the autumn leaves.

Am I talking of a life of rest, a life without effort? Perish the thought ! I know that as long as I live, I shall teach. If schools and colleges are not interested, I shall write about teaching. My teaching and writing about teaching, I hope, will be as colourfull as those leaves in autumn. And my students's learning will be joyous and productive- even if students and readers are not interested,

I will keep at it.

I know that when all effort ceases, one is not old, one is dead. I know I speak for most of my friends. We all want to have some solace in the world of work and usefulness. And we intend to do it colourfully.

The luxury of such late effors is that they are performed without desire of praise or fear of failure and blame. In old age we heave lost the ambition of applause, recognition, populatiry or the fear of endangered career or pain of the slight. In old age we remeber our youth and try to help the young to realise the kind of ambition we once entertained. Instead of reforming people we are concerned to understand them. This brings to our lives a new, refreshing freedom.

My only grievance is that I have to accustom myself to loss of dear friends with whom I can compare notes and exchange views. I very much miss their warm frienship.

I, for one, would like to go from colourful last days to a peaceful ascent to eternity. •

---

Shangrila, Nana Bazar,
Nr. Jalaram Complex,
Vallabh Vidyanagar,

**// Arts Interface //**

# Fiction and Film : Old Technique, New Style

**Hiren Trivedi**

Hindi film formula is coming out of long drawn fixed formula. Once it was believed that Hindi Cinema does not "produce films at many levels ranging from pure art to pure commerce, and occasionally bowl over the art critic and the box office with the same film."[1] But the contemporary films are no longer prone to create a lot of noise, jerk and tears that their predecessors did. The filmmaker does not believe any more in following 'tried and tasted furmula' In fact, like fiction writer, he has begun to centralize the issue like national, social, economical, political, psychological and educational in his films. He makes experiments and in the process he as started to cater audience the wealth of fiction through film. One can say that the relationship between fiction and films is as old as the art of filmmaking.

The root of adaptation in films lies in the initial days of filmmaking Hindi Cinema used to borrow the subjects from history, folk tales, religious books, literature, etc. During the silent era and even afterwards, the filmmakers frequently turned to make the films of the kings and saints of India and the mighty characters of Sanskrit Literature including two great works, the Ramayana and the Mahabharata. Hence, adaptation of any work including novels for making films is not a new technique for the film industry. In fact, it is the style of presentation of both the writer and the director that has touched the readers and audience.

The first film that was adapted from Indian English novel by the film industry was Guide of R.K. Narayan. Since then, the filmmakers often used novels as raw materials for their films. Interestingly, Devdas has been made into a film 14 times in different languages over more than 60 years. Besides Devdas of Sarat Chandra, the works of Mahashweta Devi, Rabindranath Tagore and Premchand Munshi have found space on the big screen. Shayam Benegal's Suraj Ka Satvan Ghoda is based on a novel by noted Hindi litterateur Dharamvir Bharati. The film Sujata is based on the novel of Subodh Ghosh with the same name. Well appreciated film, Guru Dutt's Sahib Bibi Aur Ghulam is an adapted work of Bimal Mitra's novel. Satyajit Ray's movie Shatranj Ke Khiladi starring Amjadkhan. Sanjeevkumar, Saeed Jaffery and Sir Richard Attenborough is based on a story by renowned Hindi writer Premchand Munshi. However, it is more in recent days than the

previous ones that the filmmakers are turning to fiction in such numbers and at such degree. The reason can be that the audience, bored with love sick story and poor comedy, expected to see a different story on the silver screen. Consequently, the film industry found itself in dire need of good scripts and so the filmmakers have turned to novel's strong plot which can provide the required respite. Especially, Indian writing in English has been adapted largely by the filmmakers in recent days. As Indu Mirani, a film critic says, "Though books by Indian writers have always proved interesting fodder for Indian filmmakers, what is new is high number of adaptations of Indian authors writing in English."

The success of Namesake at the international level opened a new direction for Bollywood. Urmila Matondkar, Manoj Bajpai starrer Pinjar is the story of a woman's travails in pre-independence India and the impact of partition on her small family. The movie is based on acclaimed Punjabi writer Amrita Pritam's novel of the same name. Vidhu Vinod Chopra's Parineeta is based on the novel of Sarat Chandra Chatterji. Anurag Basu made Black Friday based on 3 book of the same name on Bombay riots. Upamanyu Chatterji's famous novel, English August has also been made into a film of the same name starring Rahul Bose. It is Danny Boyle's multi-Oscar winning film, Slumdog Millionaire based on Vikas Swaroop's novel Q&A which is exemplary of the blend of literature and film. Box office hit 3 Idiots directed by Rajkumar Hirani is an adaptation of Chetan Bhagar's Five Point Someone. Earlier, His One Night @ Call Center was adapted by Atul Agnihotri for making the film Hello. A female director, Meera Nair is now keen on making the epic 1400 page novel A Suitable Boy by Vikaram Seth into celluoid. The films based on the works of Karan Bajaj and Chetan Bhagat are also being awaited.

Keeping aside the controversy of 5 percent or 70 percent, one can clearly see and confidently say that the film version differs a lot from the original work. The filmmakers creates a work that will remain a new piece of art, in spite of being an adaptation and partaking of the author's sensibility and vision. Moreover, cinema is an audio-visual medium and not a literary one. So it has to treat the subject in its own manner. What the cinema borrows from the literary work is just the gist or essence of a story line. So comparing both the works on the basis of the same values would be unfair. Glamour, colour, sound, silence, music and melodrama to the adapted literary work design the structure of the film and hence sometimes it may seem a totally autonomous work. But without falling in this argument too, the blend of fiction and film is a good sign for literary and cultural study and one can expect good numbers of book films to be made making us more perceptive about amalgamation of fiction into films.

**Rerefences :**


1) Chidananda Das Gupta, "The Cultural Basis of Indian Cinema," Talking about Films. New Delhi : Orient longman Ltd. 1981. p.no. 9.
2) Lhendup Bhutia. "Hindi Cinema's Novel Idea," Sunday, September7, 2008.


•


N.D. Desai High School,
Vankal, 394430,
Mangrol, (Surat)

*॥ ગ્રંથાવલોકન ॥*

## *'સૌરાષ્ટ્રની રસધાર'નાં યશસ્વી નારીપાત્રો*

*બાબુ દાવલપુરા*

*('સૌરાષ્ટ્રની રસધાર'નાં યશસ્વી નારીપાત્રો' રાકેશ રાવત, લે.-પ્રકાશક : રાકેશ રાવત, દીપડા દરવાજા, વણકરવાસ, વિસનગર, તા.વિસનગર, જિ.મહેસાણા-૩૮૪ ૩૧૫, પ્ર.આ.૨૦૧૦, પૃષ્ઠ સંખ્યા : ૧૫૮, મૂલ્ય : રૂ.૧૩૦-૦૦)*

'સૌરાષ્ટ્રની રસધાર'નાં યશસ્વી નારીપાત્રો' રાકેશ રાવત કૃત એક અભ્યાસયુક્ત નોંધપાત્ર લઘુશોધપ્રબંધ છે. કુલ પાંચ પ્રકરણોમાં વિભાજિત આ લઘુશોધપ્રબંધના પ્રથમ પ્રકરણમાં ઝવેરચંદ મેઘાણીનાં વ્યક્તિત્વ અને વાગ્મયનો સત્વગત પરિચય અપાયો છે. એમાં મેઘાણીનાં જન્મ, ઉછેર, શૈશવ, વિદ્યાભ્યાસ, પારિવારિક પરિસ્થિતિ, વ્યક્તિત્વઘડતરનાં વિવિધ પરિબળો અને વ્યવસાય તેમજ સાહિત્ય લેખન વિશે સદૃષ્ટાંત ચર્ચા થઈ છે. બીજા પ્રકરણમાં મેઘાણીની લોકસાહિત્યનાં સંશોધન, સંપાદન અને સર્જનની આધારભૂત માહિતી મળે છે. ત્રીજા પ્રકરણમાં 'સૌરાષ્ટ્રની રસધાર'નાં નારીપાત્રોનાં જીવનમાંથી પ્રગટતા મૂલ્યબોધની વાત થઈ છે, જ્યારે પાંચમા પ્રકરણમાં 'સૌરાષ્ટ્રની રસધાર'નાં નારીપાત્રોનાં જીવનમાંથી પ્રગટતા મૂલ્યબોધની વાત થઈ છે, જ્યારે પાંચમા પ્રકરણમાં લેખકે ઉપસંહારરૂપે પોતાનાં નિરીક્ષણો અને તારણો દર્શાવ્યા છે અને ઝવેરચંદ મેઘાણીના ગુજરાતી સાહિત્યક્ષેત્રે યોગદાનની છણાવટ કરી છે. મેઘાણીના લોકકથાસંગ્રહો, લોકગીતના સંગ્રહો, લોકસાહિત્યનું વિવેચન, લોકસાહિત્ય શોધવા માટે તેમણે સૌરાષ્ટ્રનાં ગામડાંમાં કરેલા પ્રવાસો, મેઘાણીના વાર્તાસંગ્રહો, નવલકથાઓ, જીવનકથાઓ તેમના ઈતિહાસ વિષયક ગ્રંથો અને પ્રકીર્ણ લેખોની વિગતો આપી છે.

પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે નોંધ્યું છે તેમ, 'ગાંધીજીએ જેમને 'રાષ્ટ્રીય શાયર' તરીકે બિરદાવેલા એ સોરઠી પરિવેશના, લોકહૈયામાં જીવતા સર્જક મેઘાણી લોકસાહિત્યના અઠંગ અભ્યાસી રહ્યા છે. એમનો શબ્દ જ નહિ, એમનાં પાત્રો પણ સમાજની નાભીનાળ સાથે સંબંધ ધરાવે છે. એમના સાહિત્યમાં સ્ત્રીનાં વિવિધરૂપો વ્યક્ત થયાં છે. બાળા, માતા, પ્રિયતમા, પત્ની, વારાંગના જેવાં સ્ત્રીનાં વિવિધ રૂપો તાદૃશ્ય કરીને તે પાત્રો દ્વારા વાત્સલ્ય, પ્રેમ, વેદના અને શૌર્ય જેવા ભાવોની સોરઠી પરિવેશમાં ગૂંથણી કરવાનો યશ એમને પ્રાપ્ત થાય છે. એ પાત્રો અને એમના થકી વ્યક્ત થતી જીવનભાવના લગભગ ચિરંજીવ બની જાય છે.

એક તરફ નારીના શોષણની અપાર ઘટનાઓ સમાજમાં બને છે ત્યારે બીજી તરફ નારીની શક્તિઓનો મહિમા કરાવનારી ઘટનાઓનો પરિચય પણ થાય છે. ખમીરવંતી સૌરાષ્ટ્રની નારીમાં રહેલ શૌર્ય, બલિદાન, પરિવારભાવના અને શીલસૌરભને અભિવ્યક્ત કરતી ઝવેરચંદ મેઘાણીની કથાઓ 'સૌરાષ્ટ્રની રસધાર'માંથી તારવી આપવાનું કામ શ્રી રાકેશભાઈ રાવતે અહીં હાથવગું કરી આપ્યું છે તે ખૂબ જ આવકાર્ય છે.

ગાંધીયુગ પૂર્વેના સમાજમાં ગુજરાતની આર્થિક સામાજિક સ્થિતિનો તાગ તેમની રચનાઓમાં જોવા મળે છે. સમાજમાં થતાં દૂષણો બળાત્કાર, અપહરણ, આત્મહત્યા જેવા પ્રસંગો, સમાજના કુરિવાજો, સમાજના વૃદ્ધોની નિઃસહાયતા, સ્ત્રી-પુરુષ સંબંધો, પારિવારિક ભાવના વગેરેની વચ્ચે નારીની ભૂમિકા કેવી રહેવા પામી છે. તેનો ખ્યાલ તેમનાં સાહિત્યમાંથી સહેજે આવ્યા વગર રહે નહિ. અહીં શ્રી રાકેશભાઈ રાવતે ગાંધીયુગ પૂર્વેની અને ગાંધીયુગ સુધીની નારીની સમાજમાં ભૂમિકાને કેન્દ્રમાં રાખી, ઝવેરચંદ મેઘાણીકૃત 'સૌરાષ્ટ્રની રસધાર'માં વ્યક્ત થતાં નારીપાત્રોની વિગતે તપાસ કરી છે. અહીં 'રા'નવઘણ', 'વેર', 'એક તેતરને કારણે', 'મહેમાન', 'કાનિયો ઝાંપડો', 'ઓળીપો', 'પિંજરના પંખી', 'દીકરો', 'હોથલ', 'જટો હુલકારો', 'કાળુજી ઠાકોર', 'આંચળ તાણનારાં', 'કાઠિયાણીની કટાર' જેવી વાર્તાઓમાંથી નારીની છબી તારવવાનો પ્રયત્ન થયો છે. અહીં નારીનાં રમ્ય અને રૌદ્ર રૂપોની ભાળ મળે છે.

'સૌરાષ્ટ્રની રસધાર'ની શૌર્યકથાઓમાં ટેકીલી, એકવચની, કાંડાના કૌવત વડે પોતાનું શીલ સાચવતી રજપૂતાણી 'રૂપાળી બા'ના પાત્રને ઉદ્દેશી ખુદ લેખક બોલી ઊઠે છે- વાહ ! ગરાસણી! તો સજુબાઈના હાથની કટારી વડે ખોખરાની છાતી વીંધાતી જોઈને એ વીરત્વને સલામ કરવાનું મન થાય છે. હીરબાઈ દીકરી હોવા છતાં શૌર્યવાન દીકરાની તુલનાએ જે રીતે કામ કરે છે તે જોતાં શૂરવીર નારીનું ચિત્રણ યથાતથ પ્રગટ થાય છે. આ પાત્રોના સંવાદ, વાતાવરણ અને ભાષાકર્મની પણ નોંધ લેવાવી જોઈએ.

કદાચ આધુનિક વાર્તાકારને કલાદૃષ્ટિનો અભાવ દેખાય, પણ વાસ્તવિકતાની ભૂમિ પર ઊભેલી આ વાર્તાઓ સાહજિકતાથી

જે પરિવેશમાં રજૂ થઈ છે એના સંવાદતત્વને લીધે એવી તો પ્રતીતિકર લાગે છે કે આમ બન્યાનું જાણે જે નોંધ લીધી છે, એટલો મહિમા લેખકની સજ્જતાનો થયો નથી એ પણ અહીં થવો જોઈતો હતો. અલબત્ત અભ્યાસીએ પાત્રગત વૈવિધ્યને અલગ તારવી એના ગુણપક્ષને ઉજાગર કર્યો છે, તે પાત્રો ખરેખર પ્રેરક બને તેવાં છે. આમ, અહીં અભ્યાસી શ્રી રાવતે ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાંથી ગુણીયલ નારીનાં વિવિધ પાસાંનો અભ્યાસ કર્યો છે અને ભારતીય પરંપરામાં નારીના સ્થાનનો મહિમા કરી બતાવ્યો છે.'

સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન મેઘાણીને માણાવદર, થાણદેવડી, વડિયા, જૂનાગઢ, જેતલસર વગેરે સ્થળોએ લોકજીવનનો અભ્યાસ અને તે સાથે અનુભવ થતો ગયો. આ પ્રવાસ દરમિયાન તેમના માનસપટ પર તે પ્રદેશનાં જે ચિત્રો અંકિત થયાં તે 'મોતીની ઢગલીઓ' લેખમાં તથા 'અમરરસની પ્યાલી'માં આલેખાયાં છે. 'ચોરાનો પોકાર' લેખથી અમૃતલાલ શેઠ એટલા પ્રભાવિત થયા કે તેમણે મેઘાણીને 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં પંચોતેર રૂપિયાના પગારથી રાખી લીધા હતા. 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં જોડાયા પછી મેઘાણીની કલમે 'રઢિયાળી રાત', 'ચુંદડી', 'હાલરડાં', 'વર્તમાન યુગના બહાવટિયા', 'સત્યની શોધમાં' અને 'સૌરાષ્ટ્રની રસધાર : ભાગ૧ થી ૫' જેવાં અનેક ગ્રંથો રચાયા હતાં. મેઘાણીને જેલમાં થયેલા એકાધિક અનુભવોમાંથી 'જેલ ઓફિસની બારી', 'વિદાય', 'આખરી સંદેશ', 'એક જન્મતિથિ', 'મૃત્યુનો ગરબો', 'સૂના સમંદરની પાળે' અને 'કોઈનો લાડકવાયો' જેવી કૃતિઓનું સર્જન થયું. ૧૯૩૩માં વાઈસરોયે યોજેલી ગોળમેજી પરિષદમાં ગાંધીજી ગયા તે પ્રસંગે મેઘાણીએ રચેલું કાવ્ય 'ઝેરનો કટોરો' ગાંધીજીએ વાંચ્યું ત્યારે તેમના હૃદયને એવું સ્પર્શી ગયું કે તેમણે મહાદેવભાઈને કહ્યું : 'મારી સ્થિતિનું વર્ણન આમાં થયું છે તે તદ્દન સાચું છે.' આ કાવ્યનાં ભાવ અને ભાષાથી પ્રભાવિત થયેલા ગાંધીજીએ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું.

૧૯૪૫માં 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થયા પછી ૨૩ વર્ષના પત્રકારજીવનમાંથી મેઘાણીએ નિવૃત્તિ લીધી અને ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવનના અનુભવો પર આધારિત મેઘાણીએ 'માણસાઈના દીવા' પુસ્તક રચ્યું, જેને મહીડા પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ૧૯૪૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં મેઘાણી સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે વરણી પામ્યા હતા. સોરઠી સંતોના ભજનોના સંશોધન નિમિત્તે તેમણે 'સોરઠી સંતવાણી' નામનો ભક્તિકાવ્યોનો ગ્રંથ પ્રગટ કર્યો હતો. ૯મી માર્ચ ૧૯૪૭ના દિવસે મેઘાણીનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું તે પ્રસંગે કવિ દુલા કાગે તેમણે અંજલિ આપતા સાચું જ ગાયું હતું :

*'આંધી તથા દિલનાં ગીતોનો ગાનાર ગયો,*
*સૌરાષ્ટ્રનો કવિકેસરી એ મર્દ મેઘાણી ગયો.'*

ગુજરાતી સાહિત્યમાં ઝવેરચંદ મેઘાણી લોકજીવન, લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના જીવનભર ઉપાસક રહ્યા અને લોકસાહિત્યને સાહિત્યમાં માનભર્યું સ્થાન અપાવ્યું હતું. લોકસાહિત્યના ક્ષેત્રે તેમના પ્રદાનને ધ્યાનમાં લઈ 'રણજીતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયો હતો. ૧૯૨૨થી ૧૯૪૭ના માર્ચ સુધીના ૨૬ વર્ષના ગાળામાં તેમણે ૮૮ પુસ્તકો આપ્યાં છે. એમના સાહિત્યમાં ચરિત્રો, કવિતા, વાર્તા, નાટક, નવલકથા, વિવેચન-સંશોધન, પ્રવાસ, જેલકથા, પ્રવાસવર્ણન, કટાક્ષલેખો, ભાષાંતરો- રૂપાંતરોનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. મેઘાણીના લોકસાહિત્ય પર શોધપ્રબંધ રચનાર ડૉ. નલિન દેસાઈએ નોંધ્યું છે તેમ, 'મેઘાણીએ લોકસાહિત્યના ક્ષેત્રમાં જે ખેડાણ કર્યું છે, તે ઘણું મૂલ્યવાન છે... યુનિવર્સિટી ન કરી શકે તેવું અને તેટલું લોકસાહિત્યના સંશોધન અને સંપાદનનું કાર્ય તેમણે એકલે હાથે કર્યું છે.'

આ શોધપ્રબંધના અંતમાં પહેલા પરિશિષ્ટમાં સોરઠી શબ્દકોશ અને રૂઢિપ્રયોગોના અર્થ આપ્યા છે. બીજા પરિશિષ્ટમાં કૃતિસૂચિ અને કર્તાસૂચિનો સમાવેશ થયો છે. ત્રીજા પરિશિષ્ટમાં સંદર્ભસૂચિ છે. આ પરિશિષ્ટોમાં અપાયેલી વિગતવાર માહિતી મેઘાણીના સાહિત્યને જોવા-તપાસવામાં ઉપયોગી નીવડે તેવી છે. ડૉ. રાજેશ મકવાણાએ યથાર્થ જ કહ્યું છે કે, 'સાંપ્રત સમયમાં યુનિવર્સિટીકક્ષાએ થતા સંશોધનોની સ્થિતિ જ્યારે નાજુક છે ત્યારે રાકેશ રાવત દ્વારા થયેલા આ અભ્યાસ એમની સંશોધનપ્રીતિ અને કાર્યદક્ષતાનો સુપેરે પરિચય કરાવે છે.' આશા છે કે આ લઘુશોધપ્રબંધ મેઘાણીના જીવન અને સાહિત્યને જોવા-સમજવામાં રસ ધરાવતા વાચકો અને અભ્યાસીઓને પથદર્શક બની રહેશે. •

વિવેક, યુનિયન બેંકની પાછળ,
વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદ.

// આસ્વાદ //

## મારા 'હું'ની બહાર

*રાજેન્દ્ર ઉપાધ્યાય*

મારા 'હું'ની બહાર ગયો જ્યાં લગાર,
મીઠું અદીઠું અચરજ દીઠું
ચારે કોર છે મારો વિસ્તાર !
મારા 'હું'ની બહાર ગયો જ્યાં લગાર,
જંગલ-જંગલ ફૂલપાનમાં
વાંચુ આઠ પ્રહરને,
પ્હાડોની પંક્તિઓ પઢતો,
નદી-નાદને ઝરણે
દરિયા પર ઊર્મિમય ઊઠતી
માણું ગીતલહરને !
પરી સરીખી હવા વિહરતી હશે શોય આકાર !
મારા 'હું'ની બહાર...
શું છલકાયું, શું મલકાયું,
ભેદ ભુલાયો જાચું,
હુંય મને વળગ્યો તો વળગ્યો
એય એટલું સાચું,
સહુમાં સળવળ સળવળ થાતા
શૂન્ય શબદને વાંચું,
પ્રથમવાર મેં પરખ્યો મારો થયેલ ભાગાકાર...!
મારા 'હું'ની બહાર...
- ***યોસેફ મેકવાન***

'હું' પ્રથમ પુરુષ એકવચન છે પણ વાસ્તવમાં આખું જગત તેમાં સીમિત અને સમાવિષ્ટ છે. બધા છેડા છેવટે 'હું' પાસે આવીને અટકે છે અને સૃષ્ટિ આખી 'હું'નો જ અનેકવિધ વિસ્તાર લાગે છે. મોટે ભાગે માણસમાત્ર સ્વકેન્દ્રી કે આત્મકેન્દ્રી હોય છે. માણસની નાનાવિધ કે બહુવિધ પ્રવૃત્તિના-ક્રિયાકલાપના કેન્દ્રમાં 'હું' કે અહમ્ભાવ હોય છે. અહંભાવને ભેદવાનું, છેદવાનું કે વિસરવાનું સરળ નથી. હું પદ અને અહમ્થી લગાર લગરીક જ બહાર નીકળતાં આત્મપ્રતીતિ થાય છે કે આ બધો 'હું'નો જ બૃહદ વિસ્તાર છે. અહંકાર કે અભિમાન 'હું' ભાવમાંથી જ પ્રગટે છે.

માણસ પોતે જ પોતાનો-પોતાના અહંભાવનો અને હુંપદનો બંદીવાન છે. હું પદના કોચલાને ભેદવાનું-છેદવાનું- તેમાંથી બહાર નીકળવાનું કદાચ અશક્ય કે અસંભવિત નથી પણ કપરું અને મુશ્કેલ જરૂર છે. હુંપદમાંથી-અહંભાવમાંથી બહાર નીકળવાની ક્રિયા એક રીતે હદમાંથી સીમામાંથી અનહદ તરફ જવાની ગતિ છે.

માણસ અહંકારના કિલ્લાનો બંદીવાન છે. માણસ પોતાના પંડને જ અહોર્નિશ પંપાળ્યા કરે છે. પરિણામે અહમના કારણે માણસ બૃહદની અનુભૂતિ કરી શકતો નથી. તે કોચલામાંથી તે બહાર આવે તો તેને બ્રહ્માંડનો અહેસાસ થાય. તેને વિશ્વના અચંબાનો, જગતમાં આશ્ચર્યોનો, અણદીઠા અચરજનો અનુભવ થાય. રિક્ત થઈને જ સભર થઈ શકાય. તૃણવત્ બનીને જ મહત્‌ને પામી શકાય. નહિવત્ બનીને જ બૃહદની અનુભૂતિ થઈ શકે. સીમાઓને ભૂંસ્યા વિના અસીમનો અનુભવ કઈ રીતે થાય ? હું પદની હદને-સરહદને વળોટ્યા વિના અનહદનો સાક્ષાત્કાર કે તેની પ્રતીતિ ક્યાંથી થાય ? પિંડમાંથી અને પંડમાંથી છૂટ્યા વિના-વિચલિત થયા વિના બ્રહ્માંડનો અનુભવ ક્યાંથી થાય ?

સહુના અંતરમાં વ્યાપવું અને વિસ્તરવું હોય તો સૌ પ્રથમ સહુને પોતાના અંતરમાં ધરવા-ધારવા પડે. કવિશ્રી રાજેન્દ્ર શાહે કહ્યું જ છે-

*'સહુને મુજ અંતરે ધરુ*
*સહુને અંતર હુંય વિસ્તરું.'*

હુંપદ- અહમ્ ત્યજીને રિક્ત થવાય તો જ અને ત્યારે જ સભરતાનો અનુભવ થઈ શકે. 'હું' માંથી લગાર-લગીર બહાર ગયેલા કાવ્યનાયકની અનુભૂતિનું આ કાવ્ય છે. હદથી અનહદ તરફના પ્રયાણનું અને થયેલી અનુભૂતિનું આ કાવ્ય છે. નહિવત્‌માંથી બૃહદ તરફની મનોયાત્રાનું આ કાવ્ય છે. પિંડમાંથી અને પંડમાંથી છૂટ્યા પછીના અનુભવનું આ કાવ્ય છે. આવો અનુભવ મેળવવા માટે હું સહુ પ્રથમ પોતાના 'હું'માંથી બહાર નીકળવું પડે. ત્યારે પ્રતીતિ થાય-

'મીઠું અદીઠું અચરજ દીઠું, ચારેકોર છે મારો વિસ્તાર'

જગત આખું એક રીતે વિસ્મયના વન જેવું છે. તે જાત જાતના અચંબા અને અચરજથી ભર્યું ભર્યું છે. અહીં અણધાર્યા આશ્ચર્યો છે, તાજુબી અને કૌતુક છે. જગતના વિસ્મયના વનમાં ફૂલ-પાન સાથે સંબંધ છે. કવિના શબ્દોમાં કહીએ તો-

*'જંગલ-જંગલ ફૂલ-પાનમાં*
*વાંચુ આઠ પ્રહરને.'*

બધું પોતાનું, પોતીકું-કશુંય પરાયું કે 'પારકું નહિ, ને તોયે કશાની આસક્તિ નહિ, મમત્વ નહિ, પ્રલોભન કે વળગણ નહિ. ફૂલ નિયત રીતે ખીલે અને મહેંકે, પહાડ-પર્વત મહાકાવ્યની પંક્તિ જેવો લાગે- તે નદી-નાદના લયઝરણથી પ્લાવિત અને અંકિત લાગે. દરિયા

પર ઊઠતી ઊર્મિમય ગીતલહર પમાય- સમુદ્રનું ઊર્મિગીત સંભળાય. ગીતલહરનો વિલક્ષણ અને વિશિષ્ટ અનુભવ પણ થાય. હવા પણ પરી જેવી અનુભવાય-સાકાર અને નિરાકાર, અદશ્ય છતાં દશ્ય ! સઘળો કેવળ અનુભૂતિનો જ વિષય ! સૌંદર્યનું પાન કરતાં જ ઉરઝરણ વહેવા અને ગાવા લાગે. 'હું'માંથી મારામાંથી 'હું લગાર-થોડોક જ બહાર નીકળ્યો ત્યાં આ કેવું અચરજ ! અહંકારમાંથી લગીર બહાર આવ્યા કે જાણે અણદીઠ અચંબો પીધો ! 'પરી સરીખી હવા વિહરતી હશે શોય આકાર !' નો ઉપમા-પ્રયોગ ધ્યાનાર્હ છે.

આ જાતનો અનુભવ કે આ રીતની અનુભૂતિ શબ્દોમાં વર્ણવી ન શકાય. એ તો હૃદયમાંથી ઉભરાતો અનુભવ છે. ઊર્મિનો આવિષ્કાર છે, અંતરનો ભાવ છે. ઊર્મિઓ એકાકાર થઈ જાય અને કશાકમાં ભળી જાય- સમ્મિલિત થઈ જાય, તદાકાર થઈ જાય એવી આ મનોસ્થિતિ છે- ભાવસ્થિતિ છે. પોતાના 'હું' માંથી લગાર બહાર નીકળતાં જ કેવી વિલક્ષણ અનુભૂતિ થઈ !

આ સ્થિતિમાં અંતરાંથી કશુંક છલકાતું લાગે, કશુંક મલકાતું લાગે પછી બધા ભેદ ભુલાઈ જાય, ભેદભાવની પણ નાબૂદી થઈ જાય. કશુંય રહસ્યમય અને ભેદી નહિ અને છતાં અનુભૂતિની દૃષ્ટિએ રહસ્યમય. આ સ્થિતિ, આપણે આપણામાં હોઈએ અને છતાં આપણાથી બહાર પણ હોઈએ એવી સ્થિતિ-ગતિ છે. આ ગતિ-સ્થિતિને વર્ણવતા કવિ કહે છે -

*'સહુમાં સળવળ સળવળ થાતા, શૂન્ય શબ્દને વાંચું.'*
*'શૂન્ય શબદનો' સભર સાક્ષાત્કાર જાણે !*

આ સ્થિતિમાં આપણો પોતાનો (અહીં કાવ્યાનાયકનો) ભાગાકાર થઈ ગયો અને સમગ્ર સૃષ્ટિનો સરવાળો થઈ ગયો- લગાર વાર અહમ્‌ની બહાર જતાં જ ! સૃષ્ટિના અચરજ-અચંબાને અંતરે ધરતાં જ પોતાના પંડનો વિસ્તાર થતો પમાય-અનુભવાય.' હુંય મને વળગ્યો તો વળગ્યો, એય એટલું સાચું-વાસ્તવિક હોવા છતાં પ્રથમવારના શૂન્ય સભર સાક્ષાત્કારની આ અનુભૂતિને વાચા આપતાં કાવ્યનાયક કહે છે :

'પ્રથમવાર મેં પરખ્યો મારો થયેલ ભાગાકાર !'

'આપણે આપણામાં અને છતાં આપણાથી બહાર'ની આ સ્થિતિ યથા પિંડે તથા બ્રહ્માંડે'ની યાદ અપાવે છે. પોતાની જાતના ભાગાકાર વિના સમગ્ર સૃષ્ટિના સરવાળાની લબ્ધિ-ઉપલબ્ધિ ક્યાં શક્ય છે ?

બૃહદનો અનુભવ કરવા ઈચ્છનારે પોતાનામાંથી બહાર આવી પ્રથમ નહિવત્ બનવું પડે, અહંકાર-અહમ્‌ના કોચલામાંથી બહાર આવી બ્રહ્માંડદૃષ્ટિ કેળવવી પડે, પિંડમાંથી અને પંડમાંથી માનસિક રીતે છૂટકારો મેળવવો પડે. અહમ-અહંભાવને કારણે પંડને પંપાળ્યા કરીશું ત્યાં સુધી આપણને 'ચારે કોર છે મારો વિસ્તાર'ની અનુભૂતિ થવાની નથી એ પરમ સત્ય છે. અહમને લીધે આપણું આકાશ-આપણું ચરમ લક્ષ્ય આપણાથી જોજનો દૂર છે. અહમ્‌ને ઓગાળી શકનાર જ મહત્‌ને પામી શકે, સ્વને-પોતાને વિસારી શકનારને જ સર્વની અને 'હું'ના વિસ્તારની અનુભૂતિ થાય તે વાત કવિશ્રી યોસેફ મેકવાનને સુપેરે આલેખી છે. •

૧, શિવકમલ એપાર્ટમેન્ટસ, સેન્ટ્રલ એકસાઈઝ ભવન સામે,
પોલિટેકનિક સામે, પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ-૧૫

## *લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન*

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/ પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

## *વાચક પ્રતિભાવ*

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈ-મેઈલ: editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

*॥ આસ્વાદ ॥*

## *સજીવ થઈ સૃષ્ટિ, હાશ !*
## *(કવિ ઉમાશંકર જોશીની અનન્ય રચના)*

*લાભશંકર ઠાકર*

કાવ્યરચના ભાવકના મનમાં વસી જતી હોય છે. ઉમાશંકર જોશીની અનેક કાવ્યકૃતિઓ આ ભાવકના મનમાં વર્ષોથી વસી ગઈ છે. તક મળી હોય ત્યારે આવી પ્રિય રચનાઓનો જાહેરમાં પાઠ પણ કર્યો હોય મને મારા ભાવનના ઉદ્‌ગારો પણ સંભળાવ્યા હોય. આવી અનેક રચના છે, 'મધ્યાહ્‌ન'. તે એક સોનેટ છે. કવિના 'આતિથ્ય' સંગ્રહમાં આ રચના છે. મારા ભાવનને આમ લખતા લખતા પ્રગટ થતું અને તેને નિજ અંતઃશ્રુતિપટ પર ઝીલવાનો નિજાનંદ પામવા હું ઉત્સુક છું. મારા ભાવનની સાથે સાથે રચનાની બધી જ પંક્તિઓ ક્રમશઃ આ આલેખમાં ઉદ્‌ધૃત થતી જશે. આ સોનેટ કવિએ પૃથ્વી છંદમાં કન્વિન્સ કર્યું છે.

હા, કવિ મધ્યાહ્‌નને શબ્દપ્રત્યક્ષ પામવામાં સક્રિય છે. સાંભળો આરંભની પંક્તિઓ.

***હતી ક્ષિતિજ હાંફતી, પ્રખર ધોમ ધખતો હતો.***
***અઘોર અવધૂત- શી હતી છટા જ મધ્યાહ્‌નની.***

કવિએ ખાસ કાળસંદર્ભના મધ્યાહ્‌નને પ્રત્યક્ષ કર્યો છે. આરંભના ત્રણ શબ્દોમાં જ ક્ષિતિજને પ્રત્યક્ષ કરી છે. હા, નેત્રપ્રત્યક્ષ પણ કરી છે અને શ્રવણગોચર પણ કરી છે; તો વળી, આ ભાવકને ક્ષિતિજનો સ્પર્શગોચર પણ અનુભવ થાય છે. હાંફે અને તે ક્ષિતિજ તો તેનો, હાંફવાનો અવાજ પણ સંભળાય અને ક્ષિતિજની હાંફ સ્પર્શગોચર પણ થાય. ઈન્દ્રિયપ્રત્યક્ષતા સાથે તે કાવ્યાનુભવની સર્વપ્રથમ શરત છે. પ્રખર ધોમ ધખતો હતો એવા વર્ણનમાં પ્રયોજાયેલા વર્ણનો અવાજ પ્રખર ધોમના ધખારાનો જાણે શ્રવણીય સાક્ષાત્કાર કરાવે છે. બીજી પંક્તિમાં મધ્યાહ્‌નની છટાને, કહો કે લાક્ષણિક વિશેષતાને અઘોર અવધૂત શી કહીને ઉપમાન પ્રમાણથી કવિએ પ્રત્યક્ષ કરી છે. હા, કવિની વાક્‌છટા જ વર્ણ્યમાનને પ્રત્યક્ષ કરવા માટે સમર્થ છે.

પછીની બે પંક્તિઓ સાંભળો.

*વિલાઈ ભઈદૂબળી નહિ- શી છાંયડીઓ સૌ બની*
*અને અખિલ રોમ રોમ અવકાશ બળતો હતો.*

છાંયડીને કવિ પ્રત્યક્ષ કરે છે. ના, છાયડો નથી. છાયડી છે. તેય કેવી ? 'વિલાઈ ભઈદૂબળી નહિ- શી છાંયડી' છે. હા, સૌ છાંયડી એવી છે. હા, આપણા દેશકાળનો, ગ્રીષ્મનો મધ્યાહ્‌ન અને એનો પ્રભાવ કવિએ જૂજ શબ્દ લસરકાઓથી પ્રગટ, પ્રત્યક્ષ કર્યો છે. હા, આપણો આ સહુ કોઈનો સ્વાનુભવ છે. કવિની વર્ણ્યમાનને આમ પ્રગટ, પ્રત્યક્ષ કરવાની તાકાત કાબિલેદાદ છે. માત્ર શબ્દ, શબ્દના વર્ણો અને લય એના શબ્દથી એટલે કે અવાજથી ગ્રીષ્મના મધ્યાહ્‌નને ફીલ કરાવે છે. હા, પંક્તિઓ એવી સેન્સ્યુઅસ છે. ના અર્થની બાદબાકી નથી. પણ કાવ્યાર્થ સર્વપ્રથમ પ્રત્યક્ષાર્થ છે. કાનથી સાંભળો તો શબ્દ તે શ્રવણીય ઘટના છે. હા, માત્ર ઓડિબલ ઘટના અન્ય ચાક્ષુષ વગેરે ઈન્દ્રિયાર્થોનો પણ અનુભવ કરાવવાને સમર્થ હોઈ શકે છે, તે ઉત્તમ કવિની શબ્દ કાવ્યકૃતિના સ્વાનુભવથી માત્ર પામી શકાય. ઈન્દ્રિય ગોચરતાના સેન્સ્યુય પ્રભાવ વગરની રચનાઓને, ના કોઈ કાવ્ય ન કહે. અર્થ સર્વપ્રથમ તો ઈન્દ્રિયાર્થ છે.

સમર્થ કવિએ એક વ્યાપ્ત કલ્પનને સર્જ્યું છે. હા, અખિલ-ને પ્રત્યક્ષ કર્યો છે. હા, અખિલ અવકાશ જ નિખિલમાં વ્યાપ્ત છે. કશું નથી તેવો અવકાશ (આકાશ) જ મહદંશે સર્વત્ર વ્યાપ્ત છે. તેમાં પ્રત્યક્ષ થતા ગોચર પદાર્થો તો જૂજ છે. હા, અવકાશમાં જ ગોચર પદાર્થો છે. અવકાશ તેમનો આશ્રય છે. પદાર્થો આશ્રયિન છે. 'અને અખિલ રોમ રોમ અવકાશ બળતો હતો' ત્રણ અ-કાર અખિલ અવકાશની વ્યાપ્તિનો અનુભવ કરાવે છે અને 'રોમ રોમ'- ના પુનરાવર્તનો અખિલ એના અંશાશોમાં કેવો તો બળી રહ્યો છે. તેનો સેન્સ્યુઅસ અનુભવ, તે અવકાશના આશ્રયિન એવા આપણનેય કરાવે છે. હકીકતમાં આપણે અવકાશના આશ્રયિન બળી રહ્યા છીએ. હા, કવિએ અવકાશના રોમ (રૂંવાડા) પણ કલ્પ્યા છે અને તે અખિલ અવકાશ રોમરોમ બળતો હતો તેવી પ્રભાવક દગ્ધતા પ્રત્યક્ષ કરી છે.

રચનામાં આગળ વધીએ. પછીની ચાર પંક્તિ સાંભળો :

***હતો પવન એહ ? કે ભભૂકતો શું ભડકો હતો ?***
***ઝળેળી ઊઠતાં અરણ્ય તરુઝુંડ ને ઝાંખરાં,***
***જરી છણછણી ઊઠ્યાં ઝરણનાં મૂંગાં ઝાંઝરાં,***
***નિરગ્નિ દવ સૃષ્ટિને પટ અફાટ ભમતો હતો.***

ના, પવન પવન નથી. તે 'ભભૂકતો ભડકો' લાગે છે. અરણ્ય-તરુઝુંડ ને ઝાંખરાં ય 'ઝળેળી ઊઠતાં' એટલે બળી ઊઠતા વર્ણવાયાં છે. હા, એમ દગ્ધ થવાથી કંપતાં, ધ્રૂજતાં. હા, વળી એમ દાઝવાથી ફોલ્લા ઉપસી આવે. કવિએ અરણ્ય (વન) અને તરુઝુંડ

ને ઝાંખરાની આવી દુર્દશા કર્ણપ્રત્યક્ષ કરી છે. હા, કવિતા એ કાનની કળા છે. હા, ઝરણને ય કવિએ શ્રવણ પ્રત્યક્ષ કર્યાં છે.

*જરી છણી છણી ઊઠ્યાં ઝરણનાં મૂંગાં ઝાંઝરાં*

હા, તે ય જરી છણછણી ઊઠ્યા છે. ના તે રણઝણી નથી રહ્યાં. કવિના કાન કેવા સરવા છે ! તે અવાજને ય બરાબર. યથાર્થ વર્ણવીને પ્રત્યક્ષ કરે છે. ઝાંઝરાં છે પણ તે રણઝણતાં નથી. જરી છણછણી ઊઠે છે. છણછણી ઊઠવામાં ભય-ભભકનો સંકેત છે. અન્યથા તે મૂંગાં છે. કહો કે ભયમૂક છે. હા, જે ભયાનક છે તેનું એક વ્યાપ્ત રૂપ કવિ પ્રત્યક્ષ કરે છે. તે ચાક્ષુષ તો છે જ, પણ શ્રવણગોચર પણ છે.

નિરગ્નિ દવ સૃષ્ટિને પટ અફાટ ભમતો હતો.

હા, તે અગ્નિ વગરનો દવ છે. તે સૃષ્ટિને પર અફાટ ભમતો હતો. હા, કોઈ તેને રોકનારું નથી. તે અનવરુદ્ધ સૃષ્ટિ પટ પર અફાટ ભમી રહ્યો છે. હા, અગ્નિની જ્વાળા વગરનો, આ નિરગ્નિ દવ છે. હા, નિરગ્નિ દવના અફાટ ભ્રમણને પ્રત્યક્ષ કરતી પંક્તિનું સ્ટ્રક્ચરલ રૂપ કવિએ પ્રભાવક સર્જકતાથી પ્રત્યક્ષ કર્યું છે. ઉમાશંકર જોશીની એકાધિક ઓળખ, અભિજ્ઞતા છે. હા બધી જ ઓળખ અદકી અને અનન્ય છે. પણ એક જ ઓળખ આપવી હોય તો આ એમનો ચાહક, ભાવક, એમને કવિ તરીકે ઓળખવો.

સૉનેટની આઠ પંક્તિઓ આપણે સાંભળી. તે પછીની પંક્તિઓ સાંભળીએ :

***હતું સકલ શાન્ત, છાતી મહીં મેંય નિઃશ્વાસ તો હતો દીધ દબાવી, ત્યાં લઘુક એક વંટોળિયો ઊઠ્યો કહીંથી ને પૂંઠ પકડવા જ જાણે જતો ન હોય ત્યમ, વાડ પાછળથી કોઈ ખર ભોળિયો.***

'હતું સકલ શાન્ત' એમ કથન કરતા કવિએ પૂર્વે આઠ પંક્તિઓમાં જે વર્ણનીય નિરગ્નિ દવનો સાક્ષાત્કાર કરાવ્યો છે તે ભાવકોની સ્મૃતિમાં છે જ. તેથી 'હતું સકલ શાન્ત' તે કવિના વર્ણનસંકેતમાં આપણે મનોમન ઉમેરીએ કે જે સકલ શાન્ત હતું તે ભયશાન્ત હતું, છે. હા, કાવ્યમાં ઓપન આઈડેન્ટિટી, સ્વ-ઓળખ સાથે કવિ પ્રવેશે છે. તે આ ભયશાન્ત સકલ સૃષ્ટિનો એક અંશ છે. તે પોતાની વર્તમાન સ્થિતિનું સાચું ચિત્ર ઉપસાવતાં કહે છે : 'છાતી મહીં મેંય નિઃશ્વાસ તો હતો દીધ દબાવી' હાસ્તો, કવિ કંઈ નિરગ્નિ દવ સૃષ્ટિને પટ અફાટ ભમતો હતો, તેના પ્રભાવની બહાર નથી. હાસ્તો, શ્વાસ તો લેવાયો છે, અનાયાસ, પણ નિઃશ્વાસ છોડવાની પણ કવિમાં હામ નથી. પોતાના નિઃશ્વાસ-ને કવિએ 'હતો દીધ દબાવી'. સૃષ્ટિ સમગ્ર પ્રખર ધોમથી ભયગ્રસ્ત અને ત્રસ્ત છે. હા, તેય ભયગ્રસ્ત હોય અને ત્રસ્ત પણ હોય. છતાં તે મનુષ્ય છે. વળી કવિ છે. તે, છે તેને, તાકીને જોનારા છે. કહો કે દૃષ્ટા છે. વળી જે યથાર્થ છે તેને પામવાની અને સમજવાની એને સહજ એવી લગન હોય. કહો કે એવી લગનમાં તે મગન હોય. હાસ્તો, આ સમયે સૃષ્ટિ પર અફાટ પર જે કંઈ ઘટના ઘટી રહી છે તેનો તે શાન્ત નિરીક્ષક છે, દૃષ્ટા છે. ભલે તેણે, નિઃશ્વાસ તો હતો દીધ દબાવી. છતાં તેની આ સૃષ્ટિ સાથેની ગાઢ નિસ્બત છે. રાઈટ તેની પાસે બે ચર્મચક્ષુઓ ઉપરાંત પણ એક નેત્ર છે. તે તેની પ્રતિભાનું ત્રીજું નેત્ર છે. હા, ગમે તેવા સુખ અને દુઃખના સંદર્ભથી ઘેરાયેલો હોય, તે સમુચિત ડિસ્ટન્સથી, દૂરતાથી, યથાર્થને પોતાના પ્રતિભાચક્ષુથી જોવાની ક્ષમતા ધરાવે છે. હા, આ કલાસર્જકની. સાચી ઓળખ છે. તેની તદ્રૂપ તન્મયતા સાથેની યુગપદ, સમાંતર દૂરતાથી તે છે, તેને જોઈ-પામી શકે છે. ઉમાશંકર જોશીએ 'આત્માના ખંડેર'ને અનુભવ્યા છે. તે સૉનેટમાળાના અંતિમ સૉનેટમાં કવિ કહે છે :

*યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે.*
*અજાણ રમવું કશું ! સમજવું રિબાઈશ તે.*

હા, ૧૯૩૫માં, તા.૯-૯-૧૯૩૫માં આ સૉનેટમાળા રચાઈ ત્યારે કવિની વય હતી, ત્રેવીસ વર્ષની. હા, પ્રસ્તુત છે અને નથી, આ ભાવકની આ સ્મૃતિ, છતાં ભાવનની પ્રક્રિયામાં જે ઉપસી આવ્યું છે તેને સહજ ભાવથી ઉતારું છું. કહું કે સુપથ્ય બે ન હોય. એક હોય. અને સુપથ્ય પક્ષ મને હોય, અન્યને ન હોય એ દૃષ્ટિએ પણ ભેદ ન હોય. સુપથ્ય સર્વને માટે હોય. હા, આ પથની વાત છે. જે વિશ્વ સમસ્તમાં છે, તેમ વ્યક્તિની ચેતનામાં પણ છે. તે 'સુ' કહેતા સમ્યક્ હોય અને જે પમાય તે વ્યક્તિ અને સમષ્ટિના સુખમાં હોય. 'સુખ' પથ, વહનમાર્ગ, ઓપન સ્પેસ વિના પ્રાપ્ત ન થાય. 'સુ' કહેતા સમ્યક અને 'ખ' કહેતા અવકાશ, આકાશ. માત્ર સંકેતો કરીને જ અટકી જવું છે. ભાવકોના ચિદાકાશમાં તે પ્રસરશે.

ના 'અજાણ' રમવું તે રમવું નથી. સમજવું છે. સમજીને રિબાવું પડે તો તેય સ્વીકાર્ય છે. હા, તે ક્ષમતા છે, બળ છે. સમજણ તે પાયાની જરૂરિયાત છે. હા, આવી વાણી મનુષ્યની હોય. હા, એકાધિક આ અને તે ઉત્સવોમાં મનુષ્ય સમૂહો સમજ્યા વગર રમતા હોય છે. તેઓ પલાયનસુખ પામતા હોય, અને ઉત્સવોના આયોજકો પોલિટિકલ લાભ ઉઠાવતા હોય, તે માટે જ પ્રજાસમૂહને રમાડતા હોય.

કાવ્યથી જ પ્રેરાઈને ભાવક ચેતના આમ અને તેમ પ્રસરી. આવો, ફરી કાવ્યમાં પ્રત્યક્ષ થયેલા વર્તમાનમાં પ્રવેશીએ. હા, ગ્રીષ્મના મધ્યાહ્નમાં, સકલ શાન્ત છે, કવિએ ય પોતાના નિઃશ્વાસને હતો દીધ દબાવી એવી ક્ષણોમાં, ત્યાં લઘુક એક વંટોળિયો ઊઠ્યો. હા, તે વંટોળિયાથી જ પ્રભાવિત થઈને, વંટોળિયાની પૂંઠ પકડવા જ જાણે જતો ન હોય ત્યમ, વાડ પાછળથી કોઈ ખર ભોળિયો.

હા, તે ગર્દભને (ખરને) કવિએ ભોળિયો કહ્યો છે. કાવ્યની અંતિમ પંક્તિએ નીચે ઉતારું, સાંભળો.

*પડ્યો સુકલ ખેતરે ગજબ હોંચી હોંચી કરી.*
*સજીવ થઈ સૃષ્ટિ હાશ ! અવનીની મૂર્છા સરી.*

હા, સૉનેટની અંતિમ બે પંક્તિઓ ભાવક માટે અનપેક્ષિત એવા આશ્ચર્યનો અનુભવ કરાવનારી છે. કવિને આ, ખર ભોળિયો ક્યાંથી મળી ગયો ? હાસ્તો, સર્જકના ચિદાકાશમાં સર્જનની ક્ષણોમાં આ ખરભોળિયો અને આ અંત કયાંથી આમ આવ્યા અને અવાજ સાથે પ્રત્યક્ષ થયા ?

જેમને ગ્રામજીવન કે ગામડાંઓ ભેગા થવાથી જન્મેલા નગર જીવનનો અનુભવ હશે તેમને આ ચિત્ર અને આ અવાજથી આશ્ચર્ય નહિ થાય. આ આમ પ્રતિભાવ આલેખી રહેલા ભાવકના આરંભના પંદરેક વર્ષ ગ્રામજીવનમાં પસાર થયા છે. હા, ગ્રીષ્મના જ દિવસોમાં, કોઈ બપોરની વેળાએ જ, આવો ગજબ હોંચી હોંચી અવાજ સાંભળ્યાની ય સ્મૃતિ છે અને તે ખર ભોળિયાને ભૂમિ પર આળોટતો ય જોયાના સ્મૃતિચિત્રો મનમાં ઉપસતા આ ક્ષણોમાં દેખાય છે. હા, આ અવાજ અને દશ્ય સર્વથા વાસ્તવિક છે. વાર્તાકાર, એકાંકીકાર સર્જક ઉમાશંકર જોશીના સર્જનોથી પરિચિતોને આવા વાસ્તવિક આલેખનથી આશ્ચર્ય નહિ થાય.

સુકલ એટલે સુકાયેલા. ખર ભોળિયાની ફિઝિકલ નીડ તો જે હોય તે પણ એ પડ્યો, સુકલ ખેતરે (હાસ્તો, આળોટતો) અને સાથે ગજબ હોંચી હોંચી કરી તે ઘટના, આ કાવ્યના સંદર્ભમાં ઘણી જ નાટ્યાત્મક છે અને પ્રભાવક છે.

આ ભાવકે તો એક કરતા વધારે વખત આવી ક્ષણોનો અવાજ સાંભળ્યો છે. ઑફકોર્સ, યેસ એને 'ગજબ' વિશેષણથી જ વર્ણવી શકાય. એ વૈશાખની બપોરની વેળા મૌનમાં ખર ભોળિયાનો જે અતિ ઉચ્ચ અવાજ, હોંચી હોંચી, પ્રગટ થાય છે તે અચાનક હોય છે અને તેની ઉચ્ચતા એવી પ્રભાવક હોય છે કે તેને અજબ જ કહેવો પડે.

કાવ્ય કોઈ નાટ્યાત્મક ક્ષણોમાંથી, કહો કે મેંટાફિઝિકલ ક્ષણોમાંથી (કવિચિત્તના ભાવસાતત્યમાં) પસાર થઈ રહ્યું છે. સર્વ વ્યાપ્ત ધોમના પ્રભાવથી ધરણી ય મૂર્ચ્છિત થઈ ગઈ હોય એવી (કવિની મનોમય) મૂર્ચ્છાની ક્ષણો છે. જેમાં કવિએ નિજ નિઃશ્વાસનેય, છાતી મહીં, હતો દીધ દબાવી. અને ધરણીના રંગમંચ પર ઘટના ઘટી. હાસ્તો, તે કહો કે ઉદ્ધારક નાયક ધરણી પરના સુકલ (શુષ્ક) ખેતરમાં પડ્યો અને અરવ, મૂર્ચ્છિત, ધરણી અચાનક જ ઉચ્ચ અવાજ અને આશયથી સ-રવ થઈ.

અંતિમ પંક્તિ કવિ નાટ્યકારે અવનીના મંચ પર અનન્ય સૂઝથી પ્રત્યક્ષ કરી છે અને કવિએ પોતાનો ઈનર ભાવ પ્રગટ સંભળાવ્યો છે.

'સજીવ થઈ સૃષ્ટિ' હા, ખળ ભોળિયાના અવાજથી સૃષ્ટિ સજીવ થઈ. કવિનો તરતનો સ્વ-ભાવ છે, 'હાશ !' હા, કવિ હાશ-કાર અનુભવે છે. આ અવાજથી 'અવનીની મૂર્છા સરી.'

હ્યુમર છે ? છે જ. હાસ્તો સુખાન્ત છે. આ કાવ્યરચના ઉષ્ણ કટિબંધ દેશોના મધ્યાહ્ન-ને પૂર્ણ વાસ્તવિકતાથી, પૃથ્વી છંદમાં પ્રત્યક્ષ કરતું એક ફિઝિકલ મેટાફિઝિકલ- હ્યુમરસ પોએમ છે. સર્જકની કાવ્ય સર્જનદક્ષતાનો તે અનન્ય નમૂનો છે. કવિ સર્જકો પોતાના સ્થલ કાલના કેવા ઊંડા નિરીક્ષક હોય અને પોતાના ઉપાદાન (વાણી) તથા સર્જનાત્મક રૂપ (Form)ના કેવા દક્ષ્ય સર્જક હોય તેનું આ કાવ્યરચના, આ ભાવકનું મનગમતું, ઉદાહરણ છે. •

એ-૨, કેપિટલ કોમર્શિયલ સેન્ટર, ૧લે માળે,
સંન્યાસ આશ્રમ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૯

// પ્રસંગ પરાગ //

## સુધીર મુખરજી

મૂળ બનારસ બાજુના એક ગામનો યુવક દૃઢ નિર્ધાર સાથે અમદાવાદની ગુજરાત લૉ-સોસાયટીની એક કોલેજમાં જોડાયો કે તે બી.એ. પછી વકીલાતનું ભણશે અને વકીલ થઈ ખૂબ પૈસો બનાવશે. પણ એક જ પખવાડિયાની અંદર તેનો ઈરાદો બદલાઈ ગયો. તેણે નક્કી કરી નાખ્યું કે ભલે ઓછા પૈસા મળતા હોય પણ તે અંગ્રેજીનો સાહેબ બનશે... એ વિદ્યાર્થી એટલે ડૉ. દયાશંકર મિશ્રા, સરદાર પટેલ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના પૂર્વ અધ્યક્ષ... કારણ પ્રોફેસર નિરંજન ભગત... ભગત સાહેબ એટલે એક જમાનામાં અમદાવાદના અંગ્રેજી સાહિત્યના ખ્યાતનામ, Legendary, ત્રણ પ્રોફેસરોમાંના એક- પ્રોફેસર દાવર સાહેબ, પ્રિ. એસ.આર. ભટ્ટ અને નિરંજન ભગત સાહેબ... કહેવાય છે કે, એક વખત જ્યારે ભટ્ટ સાહેબ વર્ગ લેવા ગયા ત્યારે જુએ છે કે તેમનો સૌથી પ્રિય વિદ્યાર્થી હાજર નથી. પૂછયું, "Where is Niranjan Bhagat ?, "Sir, he is unwell..." કોક બોલ્યો. "Then whom do I teach..." માત્ર પહેલી લાઈનમાં બેઠેલાઓને જ સંભળાય એ રીતે સાહેબે સ્વગત-કથન કર્યું.

ભગત સાહેબ કવિતા ચલાવે એટલે આપણે ન્યાલ થઈ જઈએ. He would pour his soul into it. અંગ્રેજી ઉપરાંત ગુજરાતી તેમજ બંગલા સાહિત્યની પણ વાત કરે. ઢગલાબંધ કવિતાઓ ઉદ્ધૃત કરે... કવિતામાં કેવી રીતે ઘણીવાર કવિના અંગત જીવનના અનુભવો, પ્રસંગો પડઘાય છે તેની મનોહરી રજુઆત કરે... ઘણાં વર્ષો પહેલાં પ્રો. ભગત નલિની એન્ડ અરવિન્દ આર્ટસ કોલેજમાં ચાલતા COSHIP તત્ત્વાવધાન અંતર્ગત આવેલા. આચાર્ય શ્રી દિલાવરસિંહ જાડેજાની ઓફિસમાં, સ્ટાફ કોમનરૂમમાં, અંગ્રેજી સાહિત્યના વર્ગોમાં અગિયારથી પાંચ સુધી, જમવાના ટાઈમને બાદ કરતા, જુદા જુદા વિષયો પર બોલેલા. મહાન નિબંધકાર બેકન, નાટકકાર શૉ, નવલકથાકાર હાર્ડી, રોમાન્ટિક કવિઓ અંગે વાતો કરી... મજા આવી ગઈ... એક વર્ગમાં ભગતસાહેબ જ્યારે 'Break, break, break' અને ત્યાર પછી 'On his blindness' શિખવાડતા હતા ત્યારે કુલપતિશ્રી ડૉ. આર.ડી. પટેલ પણ બેઠેલા. તેઓ આર્ટસના વિષયોને 'એલ ફેલ' 'બિનજરૂરી' કહેતા. તેઓ અડધા કલાક માટે આવેલા, પણ અઢી કલાક સુધી જરા પણ હાલ્યા ચાલ્યા વગર ધ્યાનમગ્ન થઈને બેઠેલા !

દસેક વરસ પહેલાં પ્રો. ભગત ગુજરાતીના અનુસ્નાતક વિભાગમાં પધારેલા. એપ્રિલ મહિનો. સખ્ખત ગરમી હતી. છતાં વિદ્યાર્થીઓ ઉપરાંત અનેક નિવૃત્ત અધ્યાપકો, જેમાંથી કેટલાક તો ભગતસાહેબના પૂર્વ વિદ્યાર્થીઓ હતા, તેમને માણવા આવેલા... કેવી રીતે ? એક જણે બીજાને, બીજાએ ત્રીજાને, ત્રીજાએ ચોથાને આમ ફોન કરીને જાણ કરી... છે ને ? સાહિત્ય ઉપરાંત Morning college 'ખાનગી ટ્યૂશન પ્રથા' વિષે ભયંકર રોષ વ્યક્ત કર્યો... ક્યા બાત હૈ ! Long Live Professor Bhagat !

પ્રો. ભગતની વાત ચાલી તો પ્રોફેસર દયામય મિત્રા યાદ આવી ગયા. મિત્રા સાહેબ લખનઉ યુનિવર્સિટીમાં અંગ્રેજીના સાહેબ. અપરિણીત. પગાર આઠસો રૂપિયા મહિના. આજથી પચાસ પંચાવન વરસ પહેલા. માત્ર સો રૂપિયા જાત પર ખર્ચે. સાતસો રામકૃષ્ણ મિશનને દાન... મિત્રા સાહેબના એમ.એ.ના વર્ગમાં અંગ્રેજી ઉપરાંત બીજા વિષયોના વિદ્યાર્થીઓ પણ બેસે. કેટલાક અધ્યાપકો પણ staratford- on- avon કે Lake district ની વાત કરે ત્યારે લાગે જાણે આપણે ત્યાં જ ફરી રહ્યા છીએ... Shakespeareના નાટકો, ખાસ કરીને tragedies ભણાવે કે Shalley, Byron, Keatsની કવિતા શિખવાડે. આપણને અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય...

૧૯૬૧માં ટાગોર શતાબ્દી વર્ષની ઉજવણીના એક ભાગરૂપે પ્રો. દયામય મિત્રનું એક જાહેર વ્યાખ્યાન યોજાયેલું. વિષય હતો Tagore and his lyrical poetry. એ.પી.સેન હોલ ચિક્કાર ભરાયેલો. યુનિવર્સિટીના કુલાધિપતિ તથા ઉત્તર પ્રદેશના રાજ્યપાલ બી. રામકૃષ્ણરાવ અધ્યક્ષપદ શોભાવતા હતા. મુખ્યમંત્રી ડૉ. સંપૂર્ણાનંદ, મંત્રીઓ તથા કેટલાક ધારાસભ્યો વ્યાખ્યાન સાંભળવા, માણવા હાજર હતા. (તે જમાનામાં ઉત્તર પ્રદેશની રાજનીતિમાં પ્રમાણમાં સારા, અગર તો ઓછા ખરાબ, લોકો ચૂંટાતા)

પ્રો. મિત્રાની વિનોદ વૃત્તિની વાત. સાહેબ Macbeth નાટક ચલાવતા હતા. એ નાટકમાં ત્રણ ચુડેલો (Three witches) વારંવાર પ્રવેશ કરે છે... એક દિવસ થયું એવું કે એ ત્રણ વિદ્યાર્થિનીઓ થોડી મોડી પડેલી. સહેજ શરમાતા શરમાતા દરવાજા પર ઊભી રહી. એકદમ એજ સમયે મિત્રાસાહેબ નાટકનું એવું દૃશ્ય શરૂ કરવાના હતા જેમાં ચુડેલો પ્રવેશે છે. સાહેબ એરઈન્ડિયાના મહારાજાની સ્ટાઈલમાં થોડું નમીને,મલકાતા, મલકાતા, હાથ લંબાવીને વિદ્યાર્થિનીઓને અંદર આવવાની પરવાનગી આપતા

બોલ્યા : “Enter three witches.” હાસ્યનું મોજું ફરી વળ્યું... આ ત્રણેય વિદ્યાર્થિનીઓ ખાસ્સી જાણીતી થઈ ગયેલી... એક વખત અમદાવાદ ખાતે એક સેમિનારમાં એક મહિલા સાથે પરિચય થયો, “I am Kumud Tiwari Joshi વાત વાતમાં ખબર પડી કે તેઓ લખનઉ યુનિવર્સિટીના ૧૯૬૦ના એમ.એ. (અંગ્રેજી) છે... મારાથી રહેવાયું નહીં. પૂછાઈ ગયું, “Are you by any chance one of the three witches ?” “Yes, I am...” મોટેથી હસતાં હસતાં તેઓ બોલ્યા અને પ્રો. મિત્રાસાહેબને ભક્તિભાવ સાથે યાદ કર્યા.

૧૮, માનસરોવર પાર્ક,
સાબરમતીવાસ પાસે, વલ્લભ વિદ્યાનગર.

*॥ ઈતિહાસ ॥*

## *નગરાની પ્રાચીન બ્રહ્મદેવની પ્રતિમા*

*રવિ હજરનીસ*[1]
*નંદન શાસ્ત્રી*[2]

પ્રાચીન ‘નગર મહાસ્થાન’ નગરા અખાત પર ખંભાત પાસે આવેલું છે. ૧૯૪૭-૪૮માં અહીંથી સ.પ. વિશ્વવિદ્યાલય, વિદ્યાનગરના સંસ્થાપક ભાઈકાકા શ્વેત આરસી છ ફૂટ ઊંચી સમપાદે ઊભા સ્વરૂપની ચતુર્ભુજ બ્રહ્માની ભવ્ય પ્રતિમા લાવ્યા હતા. જે ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગરમાં કાર્યાલયના પટાંગણમાં સ્થાપન કરેલી છે. જવલ્લેજ જોવા મળતી ચતુર્મુખ બ્રહ્માની પ્રતિમામાં સન્મુખે ત્રણ અને પાર્શ્વભાગે ચતુર્થ મુખ અર્ધમૂર્ત સ્વરૂપે છે. પાછલા ભાગે જ દેહની તમામ લાક્ષણિકતાઓ પણ કંડારી હોવાથી બ્રહ્માજીની મૂર્તિ સાંધાર મંદિરની ઉપાસ્યમૂર્તિ હોવાનું સૂચવી જાય છે. તમામ હસ્ત ખણ્ડિત છે.

ત્રણે મુખ પર શિરે અલંકૃત જટામુકુટ અને દેહ પર યથોચિત આભૂષણો ધારણ કરેલાં છે. લંબગોળશો મુખભાગ, કારુણ્યપૂર્ણ નેત્રો વચ્ચેના સન્મુખ મુખ મણ્ડલની સ્હેજ તૂટેલી નાસિકા, દાઢી-મૂછ, સપ્રમાણ દેહ, કટિવસ્ત્રના ધોતી-ચીરનો મધ્યેનો લલિત ગોમૂત્રિક તરંગે વહેતો છેડો વગેરેથી કોઈ ઉચ્ચ કલાકારે ઘડેલી કૃતિ હોવાનું લાગે છે. જમણા ચરણ પાસે વાહન હંસરાજની અતીવ સુંદર આકૃતિ છે. જેના પાર્શ્વમાં પરિચારક ઋષિ છે. ડાબી તરફના મુનિ પાર્ષદ ખણ્ડિત હોઈ. માત્ર એ મુખ-મસ્તક જ શેષ બચેલું છે.

દેવમૂર્તિ એટલી ચિત્તાકર્ષક છે. એ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે કહેલી ઐતિહાસિક ઘટનાથી સિદ્ધ થાય છે. જે પટેલ સાહેબના શબ્દોમાં રજૂ કરવાનું ઉચિત માનીએ છીએ. અગાઉ સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક સહજાનંદ સ્વામીએ નગરા ગામની મુલાકાત વેળાએ સંદર્ભગત બ્રહ્મદેવની મૂર્તિના દર્શન કરી અલૌકિક શાંતિ મેળવી હતી.

તુલનાત્મક અભ્યાસ અને શૈલીના આધારે નગરાની બ્રહ્મદેવની પ્રતિમાને ઈ.સ. ૧૦૩૦ આસપાસ સમયાંકને મૂકી શકાશે. •

૧. પૂર્વ સહાયક પુરાતત્વ નિયામક, ગુજરાત
૧૦૩-શ્રી રામ સ્મૃતિ-૨, આર.એસ. ગર્લ્સ હોસ્ટેલ પાસે,
નાના બજાર, વલ્લભ વિદ્યાનગર
૨. ક્યુરેટર, સ.પ. યુનિવર્સિટી મ્યુઝિયમ,
વલ્લભ વિદ્યાનગર.

## -: સૂચના :-

૧ 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨ ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩ સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪ ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫ 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬ લવાજમ વાર્ષિક / આજીવન, રૂબરૂમાં - મનીઑર્ડરથી - બૅન્ક ડ્રાફ્ટ - ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું પૂરું નામ-સરનામું પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ કાર્યાલય'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭ વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :


- *ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો.૨૨, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૦૧૯૩*
- *પ્રા. હરિ દેસાઈ, નિયામક : સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ.આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૩૩૧૯૧ મો: ૯૮૯૮૫ ૪૩૮૮૧*
  *ઈ-મેઈલ :* editor.vidyanagar@gmail.com


લવાજમ : વાર્ષિક : રૂા. ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ રૂા. ૧૦૦/-
આજીવનઃ રૂા. ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉંડ; આજીવન ૧૦૦ ડોલર અથવા ૭૦ પાઉંડ
છૂટક નકલની કિંમત રૂા.૧૫+ રવાનગી ખર્ચ રૂા.૧૦/-



ગામડીના સપૂત ડૉ.છોટુભાઈ લલ્લુભાઈ પટેલના અમૃતપર્વનો શુભારંભ ૭ એપ્રિલે વતન ગામડીમાં કેન્દ્રીય ઊર્જા રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકી તથા આણંદ સ્વામિનારાયણ મંદિરના કોઠારી ભગવતચરણ સ્વામી સહિતના સંતોની ઉપસ્થિતિમાં થયો. હાલ અમેરિકામાં વસતા શ્રી મનુભાઈ ડાહ્યાભાઈ પટેલના યજમાનપદે અને શ્રી વિઠ્ઠલભાઈ મો.પટેલના પ્રમુખપદે યોજાયેલા આ ભવ્ય સમારંભમાં સ.પ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ.બી.જી. પટેલ સહિતના મહાનુભાવો હાજર હતા.



સીવીએમ સંચાલિત ગુજરાતની પ્રથમ મહિલા એન્જિનિયરિંગ કોલેજ માટે રૂ.૩૫ કરોડનું યોગદાન જાહેર કરનાર એલિકોન ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રયાશ્વિનભાઈ પટેલે આધુનિક શિક્ષણના શિલ્પી ડૉ.સી.એલ. પટેલને અમૃતપર્વની પૂર્વ સંધ્યાએ રૂ.૫૦ લાખનો પ્રથમ ચેક અર્પણ કરીને શુભેચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે માનદ મંત્રી પ્રિ.આર.પી. પટેલ અને માનદ સહમંત્રી શ્રી વી.એમ. પટેલ ઉપસ્થિત હતા.

V-Vidyanagar
P.O.Reg. No. G-AND-318
Valid upto 31-12-2011
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

RNI No.Guj/2009-11/5433
May 2010

**K C Patel**



**On Its Own Melting,** Acreylic on Canvas, 84" x 60"

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat